
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ · વર્ષ ૪૪મું · અંક ૨જો · માહે ફેબ્રુઆરી · ઈ. ૧૯૬૭ · સળંગ અંક ૫

આવતી કાલનાં નાગરિકોના સંસ્કારઘડતરનું માસિક · તંત્રી : બચુભાઈ રાવ





શિવની વરયાત્રા

અજંતાની ચિત્રશૈલીમાં આલેખાએલા મૂળ શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તીના એક સુંદર ચિત્રના મુખ્ય ભાગની શ્રી ઉમાબેન દીવાનજીએ કરેલી અનુકૃતિ

(બ્લૉક : લેડી તનુમતી ચીનુભાઈના સૌજન્યથી)

કલા-અંક નહિ....
પણ કલા-ગ્રંથ

સંખ્યા અને ગુણવત્તા બંનેના જે પ્રમાણમાં કલા-અંકની સામગ્રી તૈયાર થતી આવે છે તે જોતાં એ 'કલાવિષયક અંક' નહિ પણ શ્રી રવિશંકર રાવળના 'અભિનંદનગ્રંથ' જેવો બનશે એમ લાગે છે. અને તેથી, સ્વાભાવિકરીતે જ તેમાં કેટલો સમય જશે તે નિશ્ચિત નથી.

પેટા-લવાજમની વિનતિ

અમને એમ હતું કે તે પ્રકટ થાય ત્યાં સુધી, જેમણે તે વી. પી.થી મંગાવ્યો છે તેમનાં ચાલુ લવાજમ એટલાં મોડાં આવશે તો ચલાવી લઈ શકાશે. પરંતુ એક બાજુથી તેની પાછળનો મોટો ખર્ચ, અને બીજી બાજુથી અનિશ્ચિત વિલંબ, એ બંને કારણે અમે આર્થિક ભીંસ વેઠી રહ્યા છીએ.

એ ભીંસ હળવી કરવા માટે, જેમણે એ અંક વી.પી.થી મંગાવ્યો છે તે સર્વ ગ્રાહકોને અમારી વિનતિ છે કે તેઓ હાલ તુરત અમને લવાજમ પેટે **બાર રૂપિયા** મોકલી આપે; અને બાકીના ત્રણ રૂપિયા અમે એ અંક વી.પી. કરીને મેળવી લઈ શકીશું.

અમને વિશ્વાસ છે કે 'કુમાર' માટે સદા યે શુભેચ્છા વરસાવનારા અમારા ગ્રાહકો આ ભીડને વખતે અમને મદદરૂપ થઈ પડશે અને આ અંક મળતાં પોતાની રકમ મની ઑર્ડર, ચેક કે પોસ્ટલ ઑર્ડરથી મોકલવા માંડશે. (યા એ તકલીફ બચાવવા અમને બાર રૂપિયાનું વી.પી. કરવાનું જણાવશે.)

જાહેરખબર માટે પણ

અને, જ્યાં પણ પોતાની ભલામણ પહોંચી શકે તેવી વ્યાપારી પેઢીઓ તેમજ ઉદ્યોગો પાસેથી એ અંક પૂરતી એકાદ જાહેરખબર જો મેળવી આપશે....તો પાંચસોમા અંકથી યે આગળ જનારા આ અંક—બલ્કે ગ્રંથ—ના ઘણા મોટા ખર્ચને પહોંચી વળવામાં અમને હૂંફ મળશે.



ચિત્રો

રમતિયાળ ઘોડા (કલાકાર: કિશોર વાળા) — પૂઠું
શિવની વરયાત્રા (કલાકાર: ઉમાબેન દીવાનજી) — ત્રિરંગી મુખચિત્ર
કુતૂહલિતા (કલાકાર: ઈંગ્રેસ) — પાછલા પૂઠામાં

કાવ્યો

પ્રલય-સર્જન (સુન્દરમ્), ક્યાં (મહેશ જોશી)
રિક્તતા (અનીલ જોશી), વિપર્યાસ (ભાનુપ્રસાદ પંડ્યા)
લઉં છું સંકેલી (ચીમન કલાલ), પારેવાં (હરિકૃષ્ણ પાઠક) — ૪૭

ચરિત્ર

રેવુ બાપા — બાબુભાઈ વૈદ્ય ૪૯
જીવનપટનાં સ્મૃતિચિત્રો (આત્મકથાનક-૬૦) — રવિશંકર રાવળ ૫૩
એક શિક્ષક હતા — સૌ. મહાશ્વેતા પંડ્યા ૫૮

વાર્તા

સન્-ડે...જ, સન્-ડે...જ, સન્-ડે — હરીશ નાગ્રેચા ૫૭

લેખો

સમાજવિહાર (વ્યક્તિ-ઘડતર-૨૦) — રેવ૦ ફાધર વાલેસ ૪૫
શિખિર પરનો શિબિર — સૂર્યકાન્ત હીરાલાલ પરીખ ૪૮
ભાંડારકર પ્રાચ્ય-વિદ્યા સંશોધન — આદિત્યરંજન વિદ્યાલંકાર ૬૧
અતીતનાં પુષ્પો — ધનસુખલાલ કૃ. મહેતા ૬૯
ડ્યુસલડૉર્ફ, એસ્સેન...(રંગગઠરિયાં-૭૭) — ચંદ્રવદન ચી. મહેતા ૭૧
ઉપવાસનું મહત્ત્વ (આહાર-આરોગ્ય-૭૯) — ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ૭૩
ડર્મેલ નાઇટ્રેટ ટેસ્ટ (ગુનાશોધન-૨૧) — પુષ્કરભાઈ ગોકાણી ૭૭
શતરંજનો કોયડો — સુરેશ મોદી ૭૭

વિભાગો

વાચકો લખે છે... — ૪૩
કલાવાર્તા (ઝ્યાં ઑગસ્ત ઈંગ્રેસ) — ૬૨
સાહિત્યસંપર્ક (શબ્દકથા: વિધુ, વિધુર, વિધવા) — ૬૪
ઈ. ૧૯૬૬નાં પારિતોષિકો — ૬૭
પચ્ચીસ વર્ષ પહેલાં — ૭૫
માધુકરી (બાપાલાલ વૈદ્ય, લીલો કાચબો, નેપ્ચ્યુનના ઉપગ્રહો) — ૭૮
તારા-પરિચય–૧૪ — ૭૮
ટિકિટ-સગ્રહ — ૮૧
આ માસ ઇતિહાસમાં (વ્ય. વિ. શ્રીધર વ્યંકટેશ કેતકર) — ૮૩
છેલ્લું પાનું — ૮૪
અથાણું — ૮૪

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦



'કેવડાની મહેક' હજુ પણ અંકનાં પાનાંઓમાંથી આવે છે. કદાચ સદાકાળ ટકી રહેત, જો સાઠફૂટ (૨૦વાર) જેટલે દૂરથી દેખાતા (!) નાના અને વાને ન ગમે એવા ગલૂડિયાને બચાવવા સુનીરે જોરથી બ્રેક ન મારી હોત તો! કદાચ અનુવાદક દશાંશ માપ અપનાવ્યા પછી આ જૂનાં માપ ભૂલી ગયા હશે! આપણા પુષ્કરભાઈ કદાચ શોધી આપશે કે ગાડી અને ગલૂડિયા વચ્ચે અંતર વીસ હાથનું હતું. અમને પણ આ અકસ્માત એવો નડયો કે કળ વળતાં ત્રણચાર પૅરૅગ્રાફ જેટલી વાર લાગી.
રવિભાઈ એમની વાતો માંડીને કહે છે, ને એક દસ્તાવેજી ચિત્ર બને છે. 'ગઠરિયાં' પણ એની આગવી શૈલીમાં નાટ્યશાસ્ત્રનો ગ્રંથ બની રહે. પણ ધત્તુભાઈને તો તમે ગપાટા મારવા જ બોલાવ્યા છે. ઘરે મિત્રો આવી બે ઘડી અમથી વાતો કરી જાય એવી મીઠી આત્મીયતા એમાં છે. જુહુકિનારે ધત્તુભાઈ સાડી પહેરેલા કેવા લાગે એ વિનોદને આકાર આપવા ધત્તુભાઈ અને પૂર્ણિમાના લગભગ એક સરખા ઍંગલમાં ફોટો આપી સંપાદકે પણ કમાલ કરી!

સંગીતકારના લેખમાં ફોટો નીચે આપેલી સાલ અને લેખમાંની સાલમાં થોડો ફેર છે!

રે. ફાધરના 'મિત્રતા'ના લેખમાંથી પ્રેરણા લઈ પાઠકે તો આભની સાથે નાતો બાંધી લીધો! શ્વાસ અને સમીરની જેમ મિત્રતાને પણ ઊંચ-નીચનાં બંધન ન જ નડે!

બાયોકેમિસ્ટ્રી (જીવરસાયનશાસ્ત્ર) એક સાદું અને સારું વૈદું છે. ડૉ. ત્રિવેદી એ શાખાનો વિસ્તૃત પરિચય ને માર્ગદર્શન આપે?

'કલાઅંક'ના ફર્મા આ અંકમાં છાપ્યા એટલે બાંધણી બદલાઈ. વચ્ચે એક વધુ પિનની જરૂર લાગી. પાના ૪૬૭ના પહેલા પૅરૅગ્રાફની છેલ્લી લાઇનમાં ફેર કરવાનો રહી ગયો.

'સાહિત્યપ્રેમીની ડાયરી' ગમી. એ પ્રમાણે રાજકારણમાં લખાવી શકાય.

(મુંબાઇ) —રમેશ બી. શાહ

જાન્યુ. અંકના પૂઠા પરની ગાંધીજીની સુંદર છબિ તથા તેની નીચેના ટૂંકા પણ માર્મિક લખાણ માટે ધન્યવાદ! સ્લૅંગ'નું ઠીક ચાલ્યું છે. તેમાં થોડું વધારે: થોડાં વર્ષ પર મારા વતન (બોટાદ)માં એક શબ્દ વાપરવામાં આવેલો: 'તાણ-કપૂર'. ફિલ્મી અદાકારોની નકલ કરનાર બુધ્ધુઓ માટે શરૂમાં વપરાતો. પછી 'અક્કલની ઓછપ (તાણ)-વાળો'ના પર્યાય તરીકે રૂઢ થએલો.

'વહેમ'નો એક નવો રમૂજી પ્રયોગ હમણાં સંભળાવા લાગ્યો છે: આપણા ગૃહપ્રધાન શ્રી ચવાણ વિષે: 'શિવાજીનો વહેમ.'

(અમદાવાદ) —હરિકૃષ્ણ પાઠક

ડિસેમ્બર અંકના પાના ૪૮૫ પરની ગણિત-ગમ્મતમાં $(૧૦^{૨}+૧૧^{૨})(-૧૯\times૯)=૫૦$ છે તેમાં ભૂલ છે. $(૧૦^{૨}+૧૧^{૨})-(૧૯\times૯)$ એમ જોઇએ.

(હરસોલ) —વિનોદ રામી

જાન્યુ.ના અંકમાં એચ. જી. વેલ્સની ચાર વાર્તાઓના સંક્ષિપ્તીકરણની વાનગી જેવી બીજી પણ પીરસતા રહેશો તો આનંદ થશે.

મારી જાણના થોડાક સ્લૅન્ગ: ગાંઠિયો (મહેસાણા જિલ્લામાં) ચેલો, ખાસ અનુયાયી; સુરેન્દ્રનગરમાં 'ગાંઠ' કે 'ગાંઠિયો' હોવો એટલે ખાસ શોખ કે ચસકો હોવો.

ધમ=બુદ્ધિ વિનાનો; ચલોરા કે બલોરા=અંબોલા; ચલિયો ઉપડે કે પડે=અંબોલા તોડવા પ્રયત્ન કરવો. ઢઠ્ઠો કે ધોકો-અક્કડ કે અભિમાની.

અંગ્રેજી શબ્દ ઉપરથી ગુજરાતીકરણ કરેલા બે શબ્દો પણ સાંભળ્યા છે: વાઘરી=ટાઈગર-એનિમી; વાઘરણ=ટાઈગરડેઝર્ટ.

(જોરાવરનગર) —મોહનલાલ મ. જાની

સાંપ્રત કાવ્યો બહુશઃ જ્યારે દુર્બોધતા ભણી ગમન કરતાં જણાય છે ત્યારે શિષ્ટકોટિનાં, કોઈક જીવનોપયોગી વિચારકણિકાનું રોચક રીતે પ્રદાન કરે તેવાં સહજગમ્ય કાવ્યોની અનિવાર્યતા પેદા થઈ છે.

મને લાગે છે કે લાઘવભર્યાં classical શૈલીનાં કાવ્યોનું વૈપુલ્ય આ ખોટ પૂરશે, જો તેઓશ્રીની સિસૃક્ષા જારી રહેશે તો.

અંક ૫૧૬માં પ્રગટ થએલાં શ્રી વ્રજલાલ દવેનાં બે કાવ્યો 'ગગન રેલતું ગાણું' ને 'ક્રૉસ' ભાવકને રસપ્લાવિત કર્યા વિના રહેતાં નથી. 'આજ લગ દ્રવ્યા કરે. લખ સૂરથી ગુંજ્યા કરે' તે હૃદ્ય વિચારબીજ જ 'ક્રૉસ'નું સામંજસ્ય પુરવાર કરે છે.

(અમદાવાદ) —પ્રેમદાસ સાધુ

'કુમાર'નાં કાવ્યો સમજવામાં કઠિન પડે છે. તેના હાર્દને સ્પષ્ટ કરતું થોડુંક લખાણ તે કાવ્યો સાથે ન આપી શકો? આભારી થઈશ.

(ઊભરાણ) —કેશુભાઈ પંડયા

સ્વ. કૃષ્ણલાલ સૂરજરામ ૧૯૦૦-'૦૧માં અમારી ગોકળદાસ તેજપાળ હાઈસ્કૂલમાં અંગ્રેજીના રૂ. ૩૦)ના માસિક પગારે શિક્ષક હતા. સ્વામી આનંદના વડીલ ભાઈ સ્વ. જયાશંકર દ્વિવેદી ખરા? ઑરિયેન્ટલ ટ્રાંસ્લેટની ઑફિસમાં ૧૯૦૮-૧૦માં મારી સાથે હતા.

(નડિયાદ) —ભા. હ. યાજ્ઞિક

'ન્યૂ યૉર્ક ટાઈમ્સ' પરનો લેખ વાંચી મન ખૂબ પ્રસન્ન થયું. મનને ગમે, સંતોષ આપે અને કંઈક પ્રાપ્ત કર્યું એવી લાગણી વાંચ્યા પછી ઉદ્ભવે એનું નામ લેખ. મને ગૌરવ છે કે મારા ગુજરાતમાં 'કુમાર' જેવું એક માસિક છે, જેનું એકએક પાનું વાચનક્ષમતા ધરાવે છે; ચિત્તની ભૂખ સંતોષે છે.

થોડા સમય પહેલાં કોઈ ગુજરાતી સામયિકમાં 'ન્યૂયૉર્ક ટાઈમ્સ' ઉપર આછી-પાતળી માહિતી આપતું લખાણ પ્રગટ થયું હતું. (માસિકનું નામ યાદ નથી.) તે લખાણમાંથી મેં થોડું મારી ડાયરીમાં ઉતારેલું તે આપું છું:

'૧૮૫૧માં ફક્ત એક જ ડૉલરની મૂડીથી ન્યૂ યૉર્કની એક ગંદી ગલીમાં 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ' શરૂ થયું ત્યારે મીણબત્તીના પ્રકાશમાં છપાતું હતું. આજે? એનું કાર્યાલય ૪૦,૦૦૦ ચો. ફૂ. જગ્યા રોકે છે. ઇમારતની દેખરેખ માટે વાર્ષિક ૩,૦૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરે છે અને વાયુ-અનુકૂલિત કરવા માટે એક કરોડનાં યંત્રો!...ભારતનાં બધાં જ દૈનિકોની ભેગી આવક કરતાં આઠગણી આવક તેને છે. ઉપરાંત જગતનાં અખબારોમાં પોતાની જા. ખ. છપાવવા માટે વાર્ષિક રૂ. ૧૫ લાખનો ખર્ચ કરે છે. આ અખબારના ફોટોગ્રાફિક ડિપાર્ટમેન્ટમાં ૩૬ માણસો કામ કરે છે. માત્ર ન્યૂ યૉર્કમાં જ ખબરો મેળવવા માટે ૭૦ રિપોર્ટરો ને ૨૬ ઉપતંત્રીઓ રોકાએલા છે.'

(જૂનાગઢ) —એક 'કુમાર' ચાહક

'કુમાર' નિયમિત મળે છે. દેશથી માઇલો દૂર અહીં માતૃભાષામાં લખાએલાં લખાણો વાંચવામા કંઈક અનેરો આનંદ આવે છે. સપ્ટેમ્બર અંકમાં ડૉ. મધુસૂદન પારેખનું 'મૃચ્છકટિક'નું વાર્તાંતર વાંચ્યું. બીજી વખત વાંચ્યું અને આજે ત્રીજી વખત પણ વાંચ્યું. એની સંસ્કૃતમય ગુજરાતી ભાષા માટે મન મોટું આકર્ષણ થઈ ગયું છે. હવે ડૉ. પારેખ કયું સંસ્કૃત નાટક રજૂ કરે છે એની રાહ જોઉં

છું. વ્યક્તિઘડતરમાં રેવ. ફાધર વાલેસ વિદેશી હોવા છતાં આપણી સંસ્કૃતિનું શિક્ષણ તેઓ આપણને કેટલું સરસ રીતે આપે છે! શ્રી ચંદ્રવદન મહેતાનું 'રંગગઠરિયાં' અને ડૉ. પ્ર. ચુ. વૈદ્યના 'અમેરિકા અને આપણે' નામના પત્રો તો હું દેશથી જ કદી વાંચવાનું ચૂકતો ન હતો. 'કુમાર' વાંચતાં કેટલીક વખત હું પરદેશમાં છું એ ભૂલી જવાય છે.

(સાન્ફ્રાન્સિસ્કો) —લોકપતિ ભક્ત

વર્ષો પૂર્વે આનંદકુમારસ્વામી લિખિત એક કળાવિષયક પુસ્તક વાંચવા મળી ગએલું. ઓછી સમજ છતાં તે વાંચવામાં રસ પડેલો. કાકાસાહેબ કાલેલકરના એક નિબંધમાં પણ કુમારસ્વામીનો ઉલ્લેખ વાંચેલો. ત્યારથી કુમારસ્વામીના જીવન અને વ્યક્તિત્વ વિષે કંઈક જાણવાની ઉત્કંઠા હતી, તે 'કુમાર'ના ડિસેમ્બરના અંકથી ફળીભૂત થઈ.

એ જ અંકમાં 'વાચકો લખે છે' વિભાગમાં બહેનશ્રી પ્રભા કાનજી લાખાણીના પત્રમાં શ્રી પંકજ મલ્લિકનો નામોલ્લેખ વાંચ્યો. ભાવવાહી અને ગંભીર સ્વર ધરાવતા આ ગાયક ઉત્તમ કક્ષાના સર્જક (કૉમ્પોઝર) પણ છે. વર્ષોજૂની તેમની રેકોર્ડ્ઝ સાંભળવી આજે પણ ગમે છે. મુંબાઈમાં તેમના સંગીત કાર્યક્રમો અવારનવાર યોજાયા છે; છેલ્લા દશ વર્ષના ગાળામાં લગભગ પ્રત્યેક કાર્યક્રમમાં હાજરી આપતાં મેં જોયું છે કે 'કુમાર'ના કેટલાક વાચકો પણ ત્યાં ઉપસ્થિત હોય છે. પંકજ મલ્લિકનો વિસ્તૃત પરિચય છબિઓ સાથે આપી શકો તો આવકાર મળશે.

કુ. જ્યુથિકા રૉયનો ટૂંકો પરિચય માધુકરી વિભાગમાં વર્ષો પહેલાં પ્રગટ થએલો. શ્રીમતી શુભલક્ષ્મી હમણાં યૂનોમાં પોતાનું સંગીત રજૂ કરી આવ્યાં, તેથી તેમનો વિસ્તૃત પરિચય પણ સમયોચિત ગણાશે.

શાસ્ત્રીય સંગીતના કલાકારોના પરિચય અવારનવાર આપતા રહો છો તેમ આ અંકમાં ફૈયાઝખાં વિષેની માહિતી તેમની છબિ સાથે રજૂ કરી તે માટે અભિનંદન.

રેવ. ફાધર વાલેસ આપણને વધુ ને વધુ જીવનપાથેય આપતા રહે તેવી અભિલાષા છે.

અંતમાં, જેમ નિર્મળ પ્રેરણાદાયક સરિતાના વહેણને જોઇને, પરિવ્રાજકને તેના ઊગમસ્થાને પહોંચી જવાની આકાંક્ષા જાગે તેમ જીવનનાં વિવિધ પાસાંને સ્પર્શી તેમાં સંસ્કારસિંચન કરતું 'કુમાર' જ્યાંથી પ્રગટ થાય છે તે કાર્યાલય જોવાની, ત્યાં સૌને મળવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. કોઈ બીજા કારણસર નહિ તો આ હેતુથી પણ અમદાવાદ એકવાર જઈ આવવું તેમ થાય છે.

(મુંબાઈ) —ડૉ. અરવિંદ લાલજી

આમ તો ૨-૩ વર્ષથી 'કુમાર' વાંચું છું, એટલે વાચક તો હતો જ; હવે પ્રશંસક પણ છું. પહેલાં તો 'કુમાર' એવું જુદું જ લાગે કે મૂંઝવણ થાય; કે શું વાંચવું; અને હવે એમ જ થય છે કે શું ન વાંચવું? 'કુમાર'નું આટલું ઊંચું ધોરણ જાળવવા બદલ અભિનંદન.

મારા બે ભાઈ અમેરિકા છે, છતાં તેઓ મારાથી અધિક રસથી 'કુમાર' વાંચે છે. દર સાલ તેમને વર્ષ પૂરું થતાં બારે અંક મોકલું છું. ફાધર વાલેસે મને નવી જિંદગી આપી છે એમ કહું તો અતિશયોક્તિ નથી. 'અતીતનાં પુષ્પો' ખરેખર ખૂબ ગમે છે.

અંક ૫૧૭માં 'ગાણિતિક યંત્ર'માં ૧૭૯ ને બદલે ૧૭૬ જોઈએ.

(અમદાવાદ) —ભૂપેન શાહ

સૂરત જિલ્લાનાં ૧૪૫ ગામોમાં સુન્ની વહોરાના નામે ઓળખાતી એક સાહસિક વેપારી જાતિ વસે છે. એમનાં ચાલીસેક કુટુંબોની અટક પાછળ 'ત'નો પ્રત્યય લાગે છે. દા.ત. ગંગાત, લંબાત, દેહાત, બોબાત, માચાત, ભાયાત, સીદાત, બદાત, રાવત અને જાદવત વગેરે આવી અવટંકોના મૂળના કોઈને ખબર હોય ને 'કુમાર' દ્વારા જણાવશે તો આભારી થઈશ.

(કરાચી) —ગુલામહુસયન મુસ્તફા

મારી નાનકડી નોંધને આવો સારો પ્રત્યુત્તર મળે છે તેથી આનંદ થાય છે. એક સજ્જને સૂચવ્યું કે મારે ઉપરિાષ્ટ અંગ્રે લીડ્ઝ યુનિ. જેવું કામ ઉપાડવું. મેં જગતના ઉત્તમ ભાષાશાસ્ત્રીઓ પાસે ચાર લિંગ્વિસ્ટિક સ્કૂલોમાં તાલીમ લીધી છે, વિદ્યાર્થીઓના સંપર્કમાં છું ને સૂરતી તથા રમણભાઈનો અભ્યાસી હોઈ હાસ્યરસિક પણ છું. એટલે આવું કામ ઉપાડવાનું મને ખૂબ ગમે. પણ, આ કામ તો કોઈ સંસ્થા કે સરકાર સોંપે તો જ કરી શકાય. નહિ તો છપાય જ નહિ! ઉપરિાષ્ટ અંગે ચાર પાંચ જણે અંગત પણ મને લખ્યું છે. સૌનો આભારી છું. —બિપિન ઝવેરી

તંત્રી બચુભાઈ રાવત

વ્યક્તિઘડતર · ૨૦ સમાજવિહાર

રેવ૦ ફાધર વાલેસ

નદીના ઘાટના પથ્થર લીસા હોય છે. પાણીના નિત્યસ્પર્શથી તે ઘસાયા છે, ઘડાયા છે. માણસ પણ જીવનપ્રવાહમાં પડે છે ત્યારે તો તેનો સ્વભાવ અણઘડ, ખરબચડો, ધાર-ધાર હોય છે. સમાજના વહેણથી તે સુંવાળો ઘાટીલો, સ્પર્શરમ્ય બને છે. સમષ્ટિ એ વ્યક્તિને ઘડવાની પ્રયોગશાળા છે.

તપસ્વીની ગુફામાં રહેવા ઇંદ્રિયનિગ્રહની જરૂર હશે, પણ સંસારીની દુનિયામાં જીવવા સારુ પણ ઓછા સંયમની આવશ્યકતા નથી. મૌનવ્રતની સાધના આકરી હશે, પણ જોઇએ ત્યારે ને તેવી વાતો કરતી—અને સાંભળવી—એ ઓછી સિદ્ધિ નથી. એકાંતના ફાયદાને લાભ અનેક હશે, પણ માણસનું અમર વ્યક્તિત્વસમાજરૂપીસમુદ્રના મંથનમાંથી જ પ્રગટી શકે છે.

એકાંત રસ્તા પર મોટર ચલાવવા ખાસ આવડત—કૌશલ્યની જરૂર નથી; પણ સાંજના પહોરે શહેરની ગલીઓની ભુલભુલામણીમાં બસ-મોટર, રિક્ષા-સ્કૂટર, સાઈકલ-લારી, ગાય-ભેંસ અને જીવન પ્રત્યે ઉન્નત બેદરકારી દાખવનાર નિર્મોહી રાહદારીઓની ગીચ ગિરદીની વચ્ચે જાન (અને મિજાજ) ગુમાવ્યા વગર અને પોલીસની નજરે ચડયા વગર મોટર હાંકવા 'રથવિદ્યા'નું ઊંડું જ્ઞાન જોઇએ. સાચા જીવનસારથિઓ માનવમેદનીની વચ્ચે જ પાકે.

સમાજસાધનાની આડે જે મોટામાં મોટું વિઘ્ન આવે છે તે પૂર્વગ્રહ. નાનપણથી જ છોકરો સાંભળતો આવ્યો છે કે અમુક જ્ઞાતિ હલકી ને અમુક ઊજળી, અમુક પ્રાંતના લોકો આળસુ ને અમુકના લોભી, અમુક દેશના લોકો આપણા દુશ્મન ને અમુકના આપણા મિત્રો, અમુક ધર્મ ઊતરતો ને અમુક ચડિયાતો... ભેદભાવના આટલા વાડા મનમાં બાંધીને એ સમાજમાં પ્રવેશ કરે છે. પછી જેમજેમ એ પ્રાંતના કે એ દેશના કે એ ધર્મના કે એ જાતિના માણસો મળતા જાય તેમ એ દરેકને પોતપોતાના ખાનામાં બેસાડતો જાય છે ને દરેક પ્રત્યે અનુકૂળ વર્તન પણ કેળવતો જાય છે. આમ માનવજાતના ભાગલા પડે છે, ટુકડા ને ટુકડા વચ્ચે સંઘર્ષણ પેદા થાય છે, અને કોમી રમખાણો, આંતરવિગ્રહો અને વિશ્વયુદ્ધોથી માનવીના દુઃખનું વિષપાત્ર છલકાય છે.

જર્મનીમાં યહૂદીઓની સતામણીની વાત લઇએ. એ પૂર્વગ્રહ અને ભેદભાવનાં દુષ્ટ પરિણામ સમજવા બોધક ને દારુણ દાખલો પૂરો પાડે છે. હિટલરે યહૂદીઓની સામે ઝુંબેશ ઉઠાવી, તેઓ હલકા લોહીના છે એવો પ્રચાર ચારે દિશામાં ફેલાવ્યો, તેમનો સંપૂર્ણ બહિષ્કાર ઠરાવ્યો, તેઓ હાથ પર પીળો પટ્ટો બાંધીને જ જાહેરમાં ફરી શકે એવો હુકમ છોડચો, અને તેની ઘેલછાએ માઝા મૂકી ત્યારે એમનું સત્યાનાશ વાળવાનું ફરમાવ્યું. પોતાની રાક્ષસી પોલીસના હાથમાં આવ્યા તેટલા યહૂદીઓને—પુરુષો, સ્ત્રીઓ, બાળકોને— ઔશ્વિત્સ ગામની પાસે ઊભા કરેલા વિશાળ જેલ-શિબિરમાં ભેગાં કર્યાં. એ નરકની જંગી ભઠ્ઠીઓ ને ઝેરી વાયુની કોટડીઓમાં રોજ દસ હજાર જેટલા નિર્દોષ જીવ હોમાતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઔશ્વિત્સ ખાતે કુલ પચીસ લાખ યહૂદીઓનું વિધિસર ખૂન કરવામાં આવ્યું! અને આશ્ચર્યની વાત એ છે કે એ શિબિરના મુખ્ય અધિકારી જનરલ હેસ્સની આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ઊલટતપાસ કરવામાં આવી ત્યારે એણે એ ખુનામરકીમાં કશું અજુગતું ન હતું એવો પોતાનો દૃઢ અભિપ્રાય જણાવ્યો: 'અમે સાંભળતા ને વાંચતા આવ્યા હતા કે યહૂદીઓ ખરાબ છે અને જર્મનીના દુશ્મન છે; તેમનો નાશ દેશની સેવા છે; માટે હિટલરનો હુકમ અમે હોંશથી વધાવી લીધો અને અમલમાં મૂકવા પૂરો પ્રયત્ન કર્યો.' ખોટા પ્રચારનું કેવું ભયંકર પરિણામ! આજે ઔશ્વિત્સની ગોઝારી ભઠ્ઠીની જગ્યાએ એક દેવળ ઊભું છે. પણ ભેદભાવનું વિષચક્ર દુનિયામાં ફરતું રહે છે. પૂર્વગ્રહ, નિંદકપ્રચાર, હિંસા, એ તેની અશુભ ગતિનાં પગલાં હોય છે. દેશ ને કોમનાં નામ બદલાતાં જાય છે, પણ જ્યાં જૂથવાદ, સામેના જૂથ વિષે ખોટી માન્યતાઓ ને ખોટી વાતોનો પ્રચાર અને સામાજિક વ્યવહારમાં ભેદનીતિ હશે ત્યાં હિંસાની ભઠ્ઠીઓ અવારનવાર સળગ્યા વિના રહેશે નહિ.

હિંસાનો ઉપાય પોલીસને બોલાવવામાં નથી. હિંસાનો ઉપાય હિંસાનું મૂળ ઉખેડવામાં જ છે. અને હિંસાનું મૂળ પૂર્વગ્રહ હોય છે. નિંદાથી હિંસા, અફવાથી ઝગડો, પૂર્વગ્રહથી ખૂન નીપજે છે. હિંસાનો ગુનેગાર હલ્લાના આવેશમાં જીવલેણ ગોળી છોડનાર નહિ, પણ એ ઝગડાનો તખતો ગોઠવી આપનાર નિંદાખોર, ભેદભાવી, અફવાપ્રેમી સમાજ જ છે. ઔશ્વિત્સમાં જનરલ હેસ્સનો ગુનો ઓછો ન હતો, પણ ખરું જોતાં યહૂદી પ્રજા વિષે જર્મનીમાં ખોટા ખયાલો બધાવનાર ને ફેલાવનાર હિટલરનો પ્રચાર-નિષ્ણાત રોસેકબેર્ગ પહેલો અપરાધી હતો. ભઠ્ઠી સળગાવનારને માફ કરી શકાય, પણ માણસોનાં મન ને હૃદયોને વેરઝેરની જ્વાળાથી જળાવી મૂકનારનું પાપ અક્ષમ્ય છે. અને આપણી જ વાત કરીએ તો, જ્યારે જ્યારે છાપામાં એવી અથડામણોના સમાચાર વાંચીએ ત્યારે ગુંડાઓને માથે દોષનો ટોપલો ચડાવવાને બદલે જરા આત્મખોજ કરીએ, અને એ બે પક્ષ કે બે જૂથ વિષે જો મારા દિલમાં પણ ભેદભાવ હોય અને એ મારી વાતચીતમાં ને મારા વર્તનમાં દેખાતો પણ હોય, તો મારામારીમાં પહેલો ઘા કરનાર હું જ હતો એ મારે કબૂલ કરવું પડશે. 'એ છોકરાની સાથે રમતો નહિ, એ હલકી જ્ઞાતિનો છે'; 'આને ઘેર આપણાથી ન જવાય; એ લોકો જુદા ને આપણે જુદા', આવા પૂર્વગ્રહો બાળકના મનમાં બાંધનાર માતા ઉગ્ર તોફાનનાં બી વાવી રહી છે તેનો એને ખયાલ નથી.

અમેરિકામાં સ્કૂલના વિદ્યાર્થીઓને લઇને દરેકમાં કોમી પૂર્વગ્રહનું પ્રમાણ અનેક કસો-

ટીઓને યુક્તિઓ વડે માપી લેવામાં આવ્યું. પછી એ જ રીતે એ છોકરાઓની માતાઓના રંગભેદની માત્રા માપી. થોડા અપવાદ સિવાય મા-દીકરાનાં માપ સરખાં જ નીવડચાં. બાળમંદિરનાં બાળકોને રમવા માટે કાળી ને ગોરી ઢીંગલીઓ અને તેનાં જાતજાતનાં ઘર ને કપડાં આપ્યાં. રંગભેદી માતાઓનાં બાળકોએ ગોરી ઢીંગલીઓને સારા વેષમાં સજ્જ કરીને સારાં ઘરમાં મૂકી, કાળી ઢીંગલીઓને ફાટેલાં કપડાં પહેરાવીને તૂટેલાં ઘરમાં બેસાડી. ગળથૂથીમાં મળેલા સંસ્કાર – કે કુસંસ્કારો – કેમ ધોવાશે?

પૂર્વગ્રહ એ આંધળી ચીજ છે; બુદ્ધિના પ્રકાશની સામે એ ટકી શકતો નથી. બીજા વિશ્વયુદ્ધમાં રેડ ક્રૉસના લશ્કરી ડૉક્ટરો લોહીની શીશીઓ, રક્તદાન કરનાર ગોરો કે હબસી હોય તે પ્રમાણે અલગ અલગ રાખતા. એમ તો, લોહી લાલ જ હોય છે. કાળું-ધોળું નથી; અને સૂક્ષ્મદર્શકયંત્ર વડે તેની બારીક તપાસ કરવામાં આવે કે રાસાયણિક પ્રયોગશાળામાં પૃથક્કરણ કરવામાં આવે તો યે ગોરાના ને નિગ્રોના લોહી વચ્ચે કોઈ પણ જાતનો ફેરફાર જણાતો જ નથી. તો પણ નિગ્રોના લોહીની શીશી પર મોટા કાળા 'એન' અક્ષર લગાડતા. શું, હબસીનું લોહી સ્વીકારવા કરતાં મરવું સારું એમ કોઈ માનતું હશે? અને જ્યાં વિજ્ઞાન પૂરી એકતા જમાવે છે ત્યાં આંધળી લાગણી ને મિથ્યા પૂર્વગ્રહને ઘાતક વાડા ઊભા કરવા દઈશું?

પૂર્વગ્રહ માણસની પોતાની નિષ્ફળતાનું આડું પરિણામ છે. જે કુટુંબમાં દુઃખ ને અણબનાવો હોય એના સભ્યોમાં ભેદભાવ વધારે હોય છે, જ્યારે સુખી સંપીલાં ઘરમાં ઓછામાં ઓછો છે એ વાત વિશાળ મોજણી કરીને પુરવાર કરવામાં આવી છે. નિષ્ફળ વ્યક્તિ પોતાનું દુઃખ બીજાને ઓઢાડવા જાણ્યે-અજાણ્યે પ્રયત્ન કરે છે. જર્મનીએ પ્રથમ વિશ્વયુદ્ધમાં હાર ખાધેલી તેથી જ હિટલરને જવાબદારીનો ટોપલો કોઇને માથે ચડાવવા યહૂદીઓનો ભોગ લેવાનું સૂઝ્યું. વળી સામેના જૂથવિરોધી પૂર્વગ્રહ કેવળ પોતાનું જૂથ મજબૂત બનાવવાની એક યુક્તિ છે. હિટલરને જર્મન જાતિની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવી હતી માટે જ યહૂદી જાતિની હલકાઇનું ભૂત એણે ઊભું કર્યું. બહારથી દુશ્મનો ચડે તો અંદર એકતા જામે એ ન્યાયે એણે કૃત્રિમ દુશ્મનોનો ખોટો મોરચો બંધાવ્યો. સમાજમાં એક જૂથ બદનામ કર્યું કે પછી એના પર કોઈ પણ આળ ચડાવી શકાય. વર્ગમાં તોફાન થયું કે શિક્ષકે પ્રથમ તો 'તોફાની' વિદ્યાર્થીને જ પકડયા, બીચારો એ તોફાન દરમિયાન ધ્યાનસમાધિમાં હતો તો પણ. અને પછી એ જૂથના એક સભ્ય માટે જે અવગુણ સાચો હોય તે બધાને માટે હમેશને માટે પણ સાચો થઈ ચૂક્યો: 'એ તો છે જ એવા...!' અને કાયમ માટે પ્રમાણપત્ર મળ્યું.

પૂર્વગ્રહથી વિશેષ નુકસાન પૂર્વગ્રહ રાખનારને જ થાય છે. પૂર્વગ્રહથી યોગ્ય માણસને પડતો મૂકીને કામ કે હોદ્દા માટે ઓછી આવડતવાળું માણસ લેવાય; પૂર્વગ્રહથી દબાયેલા લોકો શક્તિ પ્રમાણે કામ કરતાં અચકાય છે; પૂર્વગ્રહથી સમાજનું તંત્ર ખોરવાય છે. અમેરિકામાં જે પ્રાંતોમાં વધારે રંગભેદ છે તે ઓછા સમૃદ્ધ છે એ હકીકત છે. અને દિલમાં ઝેર હોય તો એની અસર થયા વિના કેમ રહે? આફ્રિકાની એક નિશાળમાં અંગ્રેજીનું શિક્ષણ સંતોષકારક ન હતું; એનું કારણ તપાસતાં જણાયું કે ઉત્સાહી પણ કંઈક બેઅક્કલ શિક્ષિકા અંગ્રેજીના વર્ગની શરૂઆત આ જાહેરાતથી કરતી: 'હવે આપણે આપણા દુશ્મનોની ભાષા શીખીએ'. દુશ્મનની ભાષા શીખવા બીચારા છોકરાઓ કેમ દિલ લગાડે?

પ્રફુલ્લિત વ્યક્તિત્વ, સમાજનું કલ્યાણ, દેશની પ્રગતિ અને વિશ્વની શાંતિ મેળવવા મનુષ્યના હૃદયને પૂર્વગ્રહથી મુક્ત બનાવવાનું રહેશે. અને સાફસૂફીનું કામ ઘરથી જ શરૂ થાય. હૃદયશુદ્ધિનું કામ પોતાના જ હૃદયથી શરૂ થાય. આપણે આપણા દિલમાં વિશ્વભાવના કેળવીએ એ દરેકની પુણ્ય ફરજ છે.

એક નીગ્રો યુવાને જાત, રંગ, ધર્મ વગેરે માહિતીવાળું ફૉર્મ ભરવાનું હતું. સહજભાવે એણે ખાલી જગ્યા પૂરી: જાતિ?–મનુષ્યજાતિ; રંગ?–કુદરતી રંગ; ધર્મ? માનવધર્મ. અને ફૉર્મનો સ્વીકાર થયો!

મૂલ્ય હ્રાસ

આજે નૈતિક મૂલ્યો પ્રત્યે માન ઘટતું જાય છે. કુટુંબભાવના નબળી થતી ચાલી છે ને લગ્નસંસ્થાની પવિત્રતા નષ્ટ થતી જાય છે. માતાપિતા, પરિવારો, આચાર્યો, લોકપુરુષો જેવા નૈતિકતાના આધારસ્તંભો ખળભળી રહ્યા છે. માત્ર યોજનાઓ દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રનો વિસ્તાર કરવાથી રાષ્ટ્રીય એકતા સધાતી નથી. આત્મામાંથી નિષ્પન્ન થતી શક્તિ જ મનુષ્યનું દેવમાં રૂપાંતર કરે છે.

ગયાં થોડાં વર્ષોમાં જાપાન, પશ્ચિમ જર્મની અને ઈઝરાઈલને, સર્જનાત્મક શક્તિ વડે હુમા પંખીની જેમ પોતાની જ ભસ્મમાંથી બેઠાં થતાં આપણે જોયાં છે. જો રાષ્ટ્રીય એકતા સાધવાની આપણી નિષ્ઠા સાચી હોય તો અદમ્ય ઉત્સાહથી કાર્ય કરવાની ઇચ્છાશક્તિ ધારણ કરવી જોઇએ. પછી એમ કરતાં ભલે કઠોર દરિદ્રતાને વરવું પડે. દેશની એકતાને છિન્નભિન્ન કરતાં છદ્મવેશી તત્ત્વોનો સામનો કરી, જરૂર પડે તો શહીદીને પણ આવકારી ભારતીય રહેણીકરણીને જાળવવી જોઈએ.

વિજ્ઞાનની સહાયથી મનુષ્ય આજે વધુ વિલાસી તથા અહંકારી બન્યો છે. ભૌતિક સુખસગવડોના વિકાસ ને સમૃદ્ધિની સાથોસાથ લોભ, ભય અને ઘૃણા પણ એટલાં જ વધ્યાં છે. મનુષ્ય અંદરથી છિન્નભિન્ન થઈ ગયો છે. તેનું મન ચિંતા, દબાણો, અજંપો, નિરાશા તથા બિનસલામતીની લાગણીથી પીડાય છે.

નૈતિક વ્યવસ્થા ફગાવી દેવાથી મનુષ્યે દિશાભાન ગુમાવ્યું છે, તેનું જીવન નિર્હેતુક બની ગયું છે. એ બે વાદનો શિકાર બન્યો છે: એક અપરિપક્વ કલાપ્રેમ છે, જે જીવનને માત્ર સપાટી પરથી જુએ છે; બીજો નિરતિશય સુખવાદ છે જે દ્વારા માનવીની આંતરિક અભીપ્સાઓ ઇન્દ્રિયોના વિલાસના પૂરમાં ભુલાઈ જાય છે. જીવનને નૈતિક વ્યવસ્થાની પાળ હોવી જોઈએ એમ માનનારાઓએ દૃઢ ભૂમિ પર ઊભા રહેવાનો સમય હવે આવી પહોંચ્યો છે. જીવનમાં પ્રેમ, સંયમ તેમજ સત્ય, શિવ ને સુંદરના સંવાદની પ્રતિષ્ઠા કરવી જોઈએ.

આ સર્જનાત્મક બળ કઈ રીતે પ્રગટ કરવું એનો સ્પષ્ટ ઉલ્લેખ પતંજલિએ 'યોગસૂત્ર'માં કર્યો છે: "નિર્વ્યાજ નિષ્ઠામાંથી જ સ્થાયી સિદ્ધિ પ્રકટે છે. નિરપેક્ષ પ્રામાણિકતામાંથી જ જીવનની સમૃદ્ધિ પ્રકટે છે. પવિત્ર દરિદ્રતામાંથી જ શાન્તિ ને સંવાદ પ્રકટે છે."

(સમર્પણ) —કનૈયાલાલ મુનશી

સુન્દરમ્ / **પ્રલય-સર્જન**

· પૃથ્વી (સૉનેટ) ·

અહો ભય-ભુતાવળો: જગત ડારતી ભીંસતી,
કશાં ઘૃણિત રૂપ, શક્તિ કશી કારમી રાક્ષસી,
કશા કપટવ્યૂહ, મોહમય લોભનો યે કશાં,
કરી નવલ રૌદ્ર તાણ્ડવની સજ્જતા શી શિવે!

શિવે! સદયરૂપિણી! તું કરુણામયી છો સદા,
પરંતુ જગ આ હજી ફલ અપક્વ જેવું રહ્યું;
રસાયન હજી ય કાચું, અહ પકવતા સાધવા
કશી ધધખતી કઢાઈ રચી તેલ તાતાની તેં!

વિરાટ રણક્ષેત્ર આજ—નહિ સીમ સંગ્રામની,
પ્રચંડ પડકાર, ભોમ તણી એક એકે કણી
પરે મચત જંગ—ચિત્તતણી એક એકે જમીં
પરે અવ ઝિંકાય વજ્ર ઘનઘોર સંહારનાં.

થવો પ્રલય? છો થતો—સ્રજન એક ભૂંસાતું છો,
નવાં શતશતાવધિ જગત સર્જનારી તું છો.

મહેશ જોશી / **ક્યાં?**

· મિશ્ર ·

તૂટેલ પેલી છત, છિદ્રમાંથી
ડોકાય રાત્રિ, મરકંત ચન્દ્રમા,
ને બ્હાર ત્યાં પ્રાંગણમાં અમસ્તો
હસ્યા કરે નીમ ધુણાવતો શિર.

પ્રલંત તારી કુમળી હથેળીને
ધરી રહું શર્વરીમાં — પ્રલંબ
રેખાપથે કૈં ગ્રહમાળ ઘૂમતી.
દિગ્મૂઢ હું, તું બસ વારવાર
ધીરેધીરે અંગુલિને ગ્રહે મમ.
ને નેત્રમાં – ારક્ત – રહસ્યગોપને
તરી રહે કેવળ પ્રીત ચારુ.

ધરી રહે બાહુ સકામ દેહને,
અનન્ય શું ઐક્ય રચાય...
ક્યાં સખી,
ક્યાં રાત્રિ, ને ક્યાં મરકંત ચન્દ્રમા?
તૂટેલ પેલી છત, છિદ્રમાંથી
ડોકાય જે શર્વરી, નીમ...ક્યાં સખી?

અનિલ જોશી / **રિક્તતા**

· વસંતતિલકા ·

ભેંકાર શી તિમિર ખીણ મહીં પ્રસુસ
શી રિક્તતા થરકતી પથરાય મંદ!
જો સ્હેજ ક્યાંક તરણું તૂટતું જણાય
તો એહનો ય પડઘો પડી જાય ક્યાંક!

વિપર્યાસ / ભાનુપ્રસાદ પંડ્યા

· સવૈયા ·

ઈંટ અને પથ્થર ચૂનાએ સીમ દીધી હડસેલી,
અમે ધુમાડે એવાં મોહ્યાં ધૂળ ધકેલી મેલી!

પથિકની તસતસતી પિંડી ગૈ પૈડાં પર વારી,
રસ્તાકાંઠે મૂગી મૂગી વાવ રુવે વણજારી!

વનની કેડી બની બ્હાવરી 'પગલાં પગલાં' ઝંખે,
ડામરના અજગરનો ભરડો ધીરે ખેતર ભરખે!

લાતીના કરવત પે વગડો વહેરાતો કૈં વલખે,
અત્તરની શીશીનાં બંદી ડૂખ ઉપવનની તલખે!

તારતારની તીણી ધારે સૂર બધો સોરાયો,
ચૌટાનો લટકાળો સ્વર હ્યાં પેટીમાં પુરાયો!

કાતર શા બે કાંટા વચ્ચે નજર રહે તરફડતી,
ગીચ ગલીમાં ભૂલી પડેલી હવા ફરે રડવડતી!

લઉં છું સંકેલી / ચીમન કલાલ

· શિખરિણી (સૉનેટ) ·

નહીં આવું તારા ઘરભણી હવેથી હું કદી યે;
મિનારા તૂટીને જ્યહીં ભળી ગયા રેતી-કણમાં.
ભરી પાને પાનાં નહિ લખું કદી પત્ર તુજને;
કિનારા ડુબાડી ઉદધિ ઉછળ્યા, આજ રણ ત્યાં.
સ્મરીને તારાં એ મિલન નહિ થાઉં હું વિકલ;
ખરેલાં પર્ણોને વીણી કદી કરે કોઈ ઢગલા?
ભરેલું મીઠાશે શબ્દછલ પામી નવ શક્યો;
ગિરિથી આવેલું ઝરણ-જલ પાછું હરણની
તૃષાને પેટાવી વળી ગયું, બતાવી મૃગજલ!
લઉં છું સંકેલી ભ્રમ થકી ભરેલા નગરની
મહેલાતો ઊંચી; ઉપવન ઉજાડી દઉં છું હું;
જવા દોં' શોષાઈ સરવર બધાં યે, પણ પ્રિયે!

ફરી આવો જ્યારે અહીં, નીકળતાં રાહથી શૂલ
પગે વાગે ત્યારે સમજવું–હશે તારું જ ફૂલ.

પારેવાં / હરિકૃષ્ણ પાઠક

· મનહર ·

ભીની ભીની ભોંયમહીં પગલાંની ભાત,
ખૂલતી સવાર ને બિડાઈ જતી રાત.

કૂઈની બખોલે બેઠાં પડઘાનાં રૂપ,
રતૂમડી આંખ—જલે અંધકાર ધૂપ.

માળિયામાં ઘૂઘવતાં ઘેનભર્યાં ગાન
આભલે વેરાઈ જતી રાખોડી ઉડાન.

ચપટીક ચણમહીં ઊમટ્યો ઉમંગ,
છબછબિયાં નીર થકી છલકતો રંગ.

પાદર-પરબડીનાં ફડફડતાં ફૂલ,
શૈશવના આંગણામાં કૌતુકની ઝૂલ.

શિખર પરનો શિબિર

સૂર્યકાન્ત હીરાલાલ પરીખ

ચારિત્ર્યઘડતરની વાતો કાગળ ઉપર જ ન રહેતાં તે પ્રત્યક્ષ જીવનમાં ઊતરી શકે તે માટે ફાધર વાલેસ તરફથી યોજાતા 'નેતૃત્વ શિબિર'ના એક તાજા સફળ પ્રયોગનું વર્ણન : એમાં ભાગ લેનાર એક વિજ્ઞાનના વિદ્યાર્થીની કલમે.

બલી રાજા પાસે આવેલા પ્રભુ કેવા વામણા લાગતા હતા? છતાં જ્યારે ડગલાં ભર્યાં ત્યારે...? ત્યારે જ જગતને તેમની વિરાટતાનું ભાન થયું. અત્યાર સુધી વીતેલાં વીસ વર્ષના જીવનને મુકાબલે 'નેતૃત્વ શિબિર'ના ત્રણ દિવસ તો કેટલા વામણા કહેવાય? પરંતુ જ્યારે જઈને આવ્યા ત્યારે જ ભાન થયું કે એ ત્રણ દિવસે તો જીવનને ઊંડા અંધારેથી પરમ પ્રકાશ તરફ જવાનો રસ્તો બતાવ્યો, એટલું જ નહિ પરંતુ એ પંથે પ્રયાણ કરવાનો થનગનાટ પ્રેર્યો.

નવું જાણવાની જિજ્ઞાસાથી, કંઈક કરવાની અને કંઈક બનવાની મહેચ્છાએ, અચકાતાં અચકાતાં નામ નોંધાવ્યું. થોડા દિવસ પછી એક 'ટેસ્ટ' લેવામાં આવ્યો : છ ચિત્રો આપ્યાં હતાં. દરેક ચિત્ર જોઈ તે અંગે એક વાર્તા લખવાની હતી. દરેક માટે પાંચ મિનિટનો સમય હતો. વાર્તાઓ તો લખી નાખી; એમ માનીને કે કલ્પનાશક્તિનું ઉડ્ડયન કેટલું છે તે જાણવા માટે આ ટેસ્ટ હશે. પણ ખરું કારણ તો પછી જાણવા મળેલું એ કસોટીના પરિણામ ઉપરથી બાર વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી, એટલું જ શરૂઆતમાં અમને જાણવા દીધું.

આનંદજનક અને ઉત્સાહપ્રેરક મુસાફરી પછી અમે આબુના આહ્લાદક વાતાવરણમાં પ્રવેશ્યા. માની ગોદમાં બાળક હસી ઊઠે તેમ પ્રકૃતિના સૌંદર્યનું પાન કરતાં, જીવન જેવા જ પર્વતના વાંકાચૂંકા, સૌંદર્યથી ભરપૂર છતાં સહેજ ગફલતમાં રહેતાં જ પતનની ખીણમાં પહોંચાડી દે તેવા રસ્તે અમે ગિરિરાજ આબુ પર પહોંચ્યા. જમ્યા બાદ સુપ્રસિદ્ધ નખી તળાવની સૌંદર્યસમૃદ્ધિ નીરખી. સંધ્યા સમયે પૃથ્વી અને સૂર્યના આભાસી મિલને સન-સેટ પોઈન્ટ પર સર્જાતા મનોહર અને રંગસભર નયનરમ્ય દર્શનથી પુલકિત થઈ પાછા ફર્યા.

જ્યાં યુવાન બ્રહ્મચારીઓ જીવનસાફલ્યની સાધના કરતા હતા તે, શાંત અને રમણીય વાતાવરણમાં આવેલા સુંદર 'સાધના-ભવન'માં અમે, ઘરથી દૂર છતાં જાણે પોતાના ઘરમાં જ પ્રવેશ્યા. તેમના પ્રેમાળ હાથે પીરસાએલું મિષ્ટ વાળુ આરોગી અમે બધા ભેગા થયા ત્યારે શિબિરનું સમયપત્રક આપી અમારે શું કરવાનું છે તે ફાધર વાલેસે સમજાવ્યું. મહાપુરુષોનાં જ્ઞાન અનુભવ અને ઉપદેશના અર્ક સમાં પુસ્તકોમાંથી એકાદ બે પસંદ કરી લઈ અમે સૌ રૂમ પર ગયા. થોડી વાર વાંચી નિદ્રાદેવીને શરણાધીન થયા.

રોજ સવારે પ્રાતઃવિધિથી પરવારી ધૂપસળીની સુગંધ સાથે તેનો આદર્શ જીવનમાં ઉતારવાની ઇચ્છા કરતા અમે ઈશ્વરપ્રાર્થનાથી અમારો કાર્યક્રમ શરૂ કરતા. ટાગોરની 'ગીતાંજલિ'માંથી એકાદ બિંદુની અંજલિ પછી, સમૂહપાઠમાં શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવેલાં 'સ્થિતપ્રજ્ઞ'-નાં લક્ષણો ગવાયા બાદ, કોઈના સુમધુર કંઠથી 'વૈષ્ણવજન' 'મંગલ-મંદિર ખોલો' કે 'એક જ દે ચિનગારી' જેવાં ભજનામૃતનો પ્રસાદ પામતા. 'પ્રાર્થના-પ્રવચનો'માંથી એકાદનો આસ્વાદ લઈ 'કુમાર'માંની ફાધર વાલેસની 'વ્યક્તિ-ઘડતર'ની લેખશ્રેણિમાંના એકાદ લેખના વાચનનો મનને ભરપૂર નાસ્તો કરાવ્યા પછી પેટને પણ સંતોષતા.

દિવસમાં ત્રણ વાર ફાધર વાલેસ પ્રવચનોની લ્હાણ કરતા. તેમાં તેઓ સાદી અને સ્પષ્ટ, સુંદર અને ધારાવાહી તથા સચોટ અને હૃદયંગમ ભાષામાં પોતાનાં જ્ઞાન તથા અનુભવ રજૂ કરતા. સાગરમાં સાગરની જેમ પોણા કલાકમાં તો તેઓ મન ભરાઈ જાય એટલું બધું દેતા. ધીમા સુમધુર અવાજની જે ગંગા વહેતી તે ખરેખર અમારા હૃદયવનને નવપલ્લવિત કરી દેતી. ઉદાહરણ તરીકે 'વ્યક્તિત્વઘડતર' અંગે તેમણે ચાર મુદ્દા કહ્યા : ૧) આત્મજ્ઞાન=તમારી જાતને જાણો; ૨) આત્મસ્વીકાર=તમારી ખૂબીને પ્રમાણો અને ખામી માટે અસંતોષ ન રાખો; ૩) આત્મવિકાસ=અનુકૂળ થવાની વૃત્તિ અને બુદ્ધિની પ્રૌઢતા કેળવો; ૪) આત્મસંયમ=તમારી જાતના માલિક બનો.

આવા પ્રત્યેક પ્રવચન પછી થોડો સમય અપાતો જેમાં આ અનુભવવાણી એકાંતે બેસી વિચારીને અમારા શબ્દમાં ઉતારવા પ્રયત્ન કરતા.

પ્રવચનોની સાથે પ્રયોગો અને ચર્ચા-સભા પણ ગોઠવતાં. તેમાં પહેલા દિવસે 'હું કોણ છું? અહીં શા માટે આવ્યો છું?' તે વિષે લખવા કહ્યું. તે અમારે પોતા માટે જ લખવાનું હતું, જેથી નિખાલસપણે લખાય. ત્યારે કદાચ પહેલી જ વાર, દરેકે પોતાની જાતને તપાસી.

વળી સંપૂર્ણ સંસદીય પદ્ધતિએ વિવિધ વિષયો પર ચર્ચાસભા ગોઠવાતી. સૌ ખૂબ કાળજીપૂર્વક તેની તૈયારી કરતા કે જેથી વક્તવ્ય સુંદર રીતે રજૂ કરી શકાય. તે માટે દરેક પોતાનું વક્તવ્ય લખી શિબિરના અધ્યક્ષ પાસે સુધરાવી તેને સંપૂર્ણ બનાવવા પ્રયત્ન કરતા. જોકે જવાબ આપવામાં તો તત્કાલબુદ્ધિ જ કામ આવતી. અમારામાંથી જ કોઈ અધ્યક્ષ બનતું, કોઈ વક્તા બનતું, કોઈ પ્રશ્ન પૂછતું; તેના જવાબ અપાતા, વિરોધ પણ થતા. આમ રસમય ચર્ચા ચાલતી. કદી ન બોલનારા પણ મેદાને પડતા. કોઈ વાર બુદ્ધિના ચમકારા ને કોઈ વાર માન્યતાઓની અથડામણ પણ થતી.

એમાં એક વાર એક નવીન પ્રયોગ કરવામાં આવ્યો હતો. તેમાં સૌપ્રથમ અમારે એકલા જઈને જાડી કે પાતળી રિંગ પસંદ કરીને, તે ૧ થી ૧૭ મીટરમાંના કોઈ પણ એક મનપસંદ અંતરે રહી, સામે રાખેલી લાકડીમાં, માત્ર બે જ પ્રયત્નમાં પરોવવાની હતી. તે પછી આ જ પ્રયોગ ફરી પરસ્પરની હાજરીમાં અમે વારાફરતી કર્યો. એમાં ૧૦ પૈસા ફી હતી; અને જો રિંગ લાકડીમાં પરોવાઈ જાય તો પસંદ કરેલા અંતર કરતાં દસ ગણા પૈસા મળવાનો લાભ પણ ઉમેરવામાં આવ્યો હતો. આમાં વળી સૌએ પોતે પસંદ કરેલાં અંતર તેમજ રિંગ માટેનાં પોતાનાં કારણો આપવાનાં હતાં. આ ઉપરથી અમને સમૂહ-પ્રલોભન, સાહસ, આત્મવિશ્વાસ કે તેનો અભાવ, હરીફાઈ વગેરે પ્રેરક બળોથી માનવસ્વભાવ પર થતા ફેરફારોનું દર્શન થયું. તે પરથી સાચા સાધકમાં શા ગુણ હોવા જોઈએ તે અમને સમજાયું.

છેલ્લે દિવસે અમને શિબિર પહેલાં પસંદગીની કસોટી માટે લખેલી વાર્તાઓ પાછી આપી. ફાધર હેરેદેરોએ માનસશાસ્ત્રીયરીતે તેનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ બતાવી : તેમાં જો ઉચ્ચ ધ્યેય અને તેની સાધના માટે ઉત્સાહ વ્યક્ત થયો હોય તો એક ગુણ મળતો. જો કોઈ ઉદાસી ને નિષ્ક્રિયતાની લાગણી વ્યક્ત થઈ હોય તો શૂન્ય, ને જો જીવન-સાફલ્યના ધ્યેયની સિદ્ધિની મુશ્કેલીની વાત રજૂ થઈ હોય તો ૩ માર્ક મળતા. કોઈ અંદર કે બહારનાં વિરોધી બળોનું ભાન જણાયું હોય તો પણ ૧ ગુણ મળતો. પ્રત્યેક વાર્તામાં વધુમાં વધુ ૧૩ મળતા. આમ, આવી કસોટી દ્વારા વ્યક્તિનું માનસ, તેનો (અનુ . ૭૪)

જેતપુરના વયોવૃદ્ધ સેવક શ્રી રેવાશંકર મંગળજી કામદાર

રેવુ બાપા

તા. ૮ નવેમ્બર '૬૬ના રોજ ૮૩ વર્ષની જૈફ ઉંમરે સાતેક દિવસની ટૂંકી બીમારીને અંતે અવસાન પામ્યા. સાદા, સરળ, પ્રેમાળ રેવુ બાપા છેલ્લાં પચાસેક વર્ષથી સૌરાષ્ટ્રના જાહેર જીવન સાથે સંકળાએલા હતા. સુખી વણિક કુટુંબમાં જન્મીને તેમણે સેવકનો ધર્મ અંગીકાર કર્યો ને કો યોગીની અદાથી તે જીવનભર નભાવ્યો. પદ કે માનપાનથી સમજપૂર્વક અળગા રહીને સમાજના નીચલા થરની સેવામાં જીવન વ્યતીત કરનાર રેવુ બાપા ઠક્કર બાપાની યાદ તાજી કરાવે છે.



રેવુ બાપા

લેખક

બાબુભાઈ વૈદ્ય

'કાં, બાબુભાઈ?' 'કેમ, બાપા?'

'તમારે મોડું નથી થતું ને? મારે થોડી વાત કરવી છે.'

'જરા ય મોડું નથી થતું. જે કહેવું હોય તે કહો.' મારા મનમાં હતું કે બાપા મુરબ્બીવટથી શિખામણના બે બોલ કહેશે.

અને અમે જેતપુરની બજારમાં ભીડની વચ્ચે ઊભા રહી ગયા.

૧૯૩૨માં ગ્રૅજ્યુએટ થયા પછી મેં કોઈ સરકારી નોકરીમાં જોડાવાને બદલે જેતપુરમાં સ્થિર થવાનો નિર્ણય કર્યો હતો. એ દિવસોમાં સ્વરાજ્યની લડત રાષ્ટ્રની સૌથી મોટી પ્રવૃત્તિ હતી. એ લડતના એક અદના સૈનિક બનવાની મારી મહત્ત્વાકાંક્ષા હતી.

જેતપુરમાંથી સ્વરાજ્યના બને તેટલા વિશેષ સૈનિકો ઊભા કરવામાં મને રસ હતો, પણ ગામની જૂની ધરાર-નેતાગીરીને લોકો જાગ્રત થાય એ પસંદ ન હતું. છતાં વિદ્યાર્થીઓ અને નવજવાનો વચ્ચે મેં કામની શરૂઆત કરી. અમારી સાહિત્ય-સભા ચાલતી, પુસ્તકાલય હતું, જરા જુદા સ્વરૂપનું અભ્યાસ-વર્તુલ પણ હતું, આવતી પેઢીને ખડતલ બનાવવા વ્યાયામપ્રવૃત્તિ પણ ખરી. વળી, ક્યારેક સરઘસો નીકળતાં, ક્યારેક મોટી સભાઓ થતી, ક્યારેક ખાદી-ફેરી થતી. કોઈ વાર પિકેટિંગ ગોઠવાતાં. ક્યારેક ઉત્સવો ને પર્વો જાહેર રીતે ઊજવાતા. નાટક, સંગીત, પ્રવચનો, ચર્ચાસભા એવું ઘણુંઘણું.

આવાં બધાં કામમાં અમને જૂની પેઢીનો પૂરતો સહકાર ન મળતો. અપવાદ હતા રેવુ બાપા. અમારા કોઈ કાર્યક્રમમાં તેઓશ્રી ગેરહાજર હોય એવું બન્યું નથી. મંચ પર કદી ન આવે, પોતે ભાષણ ન કરે, શાંતિપૂર્વક બધું જોયા ને સાંભળ્યા કરે.

આ જાતની પ્રવૃત્તિ માટે જરૂરી એટલા પૈસા અમારી પાસે ન હતા. પણ પૈસાને વાંકે અમારું કોઈ કામ કદી અટકતું નહિ. દરેક પ્રસંગે જુદીજુદી વ્યક્તિ પાસેથી અમે જરૂરી ઉઘરાણું કરી લેતા. આવા દરેક ઉઘરાણામાં જે એક વ્યક્તિ કદી બાકાત ન રહેતી તે હતા રેવુ બાપા.

તેમનું આખું નામ તો રેવાશંકર મંગળજી કામદાર, પણ સૌરાષ્ટ્ર રાજ્યના માજી મુખ્યમંત્રીશ્રી ઢેબરભાઈથી માંડી મારા દોહિત્ર સુધીના સૌ તેમને 'રેવુ બાપા' કહેતા. બેઠી દડી, મધ્યમ બાંધો, ગૌર વાન, તદ્દન સફેદ માથું ને સફેદ મૂછો, વાર્ધક્યને ડેલી બહાર રોકી રાખ્યું હોય એટલી સ્ફૂર્તિ : રેવુ બાપાનું એક પ્રકારનું વિશિષ્ટ વ્યક્તિત્વ હતું. બરબચડી છતાં સ્વચ્છ ખાદીનો પોશાક, ઊંચી દીવાલની ધોળી ટોપી તથા બગલમાં દબાવેલા દફતરથી રેવુ બાપા હજાર માણસમાં પણ જુદા તરી આવતા. નિર્વ્યાજ સરળતા અને તેમાંથી ઊઠતો સ્વયંભૂ આનંદ રેવુ બાપાના સ્વભાવનાં ખાસ અંગ હતાં. એમને કોઈએ કદી હતાશ નહિ જોયા હોય. ખોટાં કામમાં હાથ ન નાખે; ને સાચામાં કામ કરવાનો જ એવો સંતોષ અનુભવે કે એના પરિણામની બહુ પરવા ન કરે. ગીતાના અભ્યાસી હોવાનો દાવો કર્યા વિના રેવુ બાપાએ જીવનમાં ગીતાનો અનાસક્ત ભાવ વણી લીધો હતો.

હું એક ઉત્સવમાંથી પાછો ફરી રહ્યો હતો. સફળતાનો નશો મારા મનમાં ભર્યો હતો. બાપાએ આજ સુધીમાં અમારા અનેક કાર્યક્રમોમાં હાજરી આપી હતી, પણ કદી કોઈ જાતનો અભિપ્રાય આપ્યો નહોતો. મેં માની લીધું કે બાપા કંઈક શિખામણ આપશે.

'બાબુભાઈ, તમે કરો છો તે કામ બહુ સારું છે. મને એમાં બહુ સૂઝ ન પડે, છતાં આવું બધું ગમે છે ખરું! પણ મારું એક કામ ન કરો?'

'આપને ઉપયોગી થઈ શકું તો મને આનંદ થાય.'

'હું હરિજનનાં છોકરાંને ભણાવું છું. તેમાં મને થોડી મદદ ન કરો?' કહી રેવુ બાપા મૂક સેવકની વેધકતાથી મારી સામે જોઈ રહ્યા.

ઈ. સ. ૧૯૩૪ની એ શરૂઆત હતી. હું પચ્ચીસ વર્ષનો જુવાન હતો. રેવુ બાપાનો જન્મ ઈ.સ. ૧૮૮૩માં તેઓ હતા એકાવન વર્ષના.

મારી જાતને હું ઉદ્દામ કાર્યકર માનતો. જેતપુરની જુવાન પેઢીમાં નવજીવનનો સંચાર કરવાનું મારું અરમાન હતું. એ લક્ષ્ય બિંદુ ધ્યાનમાં રાખીને હું અનેકવિધ પ્રવૃત્તિઓ કરતો હતો. પણ મને—ક્રાંતિ ઝંખતા યુવાનને—ગામના હરિજનો હજી યાદ આવ્યા નહોતા. કુટુંબ તરફથી વિરોધ થવાનો ભય મારે માટે હતો જ નહિ. પણ મને ઓસાણ જ નહોતું આવ્યું, એ વાત સાચી. રેવુ બાપાએ મારી આંખ ઉઘાડી દીધી. ગાંધીજીની અંત્યજોદ્ધાર (unto this last)ની વાત, પુસ્તકિયા અભ્યાસી ન હોવા છતાં રેવુ બાપા મારા કરતાં વધારે સારી રીતે સમજ્યા હતા. બાપાના એ વાક્યથી મને આંચકો લાગ્યો. મૂર્છિતાવસ્થામાંથી જાગ્રત થતો હોઉં તેમ હું પળભર બાપાની સામે જોઈ રહ્યો. તેમના ચહેરા પર નિર્દોષ સ્મિતનો નેજો ફરકતો હતો. મેં કહ્યું: 'જરૂર મદદ કરું.'

'એમ? કહો, ક્યારથી આવવાનું રાખશો?'

'આપ કહો ત્યારથી.'

'હં? તો આવતી કાલથી જ શરૂ કરીએ. તમને કાલ અગિયાર વાગ્યે હું બોલાવવા આવીશ.' મેં કહ્યું: 'ભલે.'

રેવુ બાપાએ મને તેમના હરિજનસેવાના કામનો થોડો ખયાલ આપ્યો અને અમે બંને જુદા પડ્યા. સફળ ઉત્સવ ઊજવ્યાનો મારો નશો ઓસરી ગયો. મેં હરિજનવાસ દૂરથી જોયો હતો. ભાદરનાં ભારે પૂરમાં એ કંગાલ લોકોનાં મકાનો પડતાં મેં જોયાં હતાં. આઠ વર્ષ પહેલાં એક વાર હું ગાંધીજીની સભામાં હાજરી આપવા હરિજનવાસમાં ગયો હતો. તે પછી ક્યારે ય ત્યાં ગએલો નહિ. હરિજનો પ્રત્યે મને તિરસ્કાર નહોતો. અસ્પૃશ્યતા જવી જોઈએ, એમ માનનારો હું હતો. મને નહોતી સમજાઈ માત્ર એક વાત, કે અસ્પૃશ્યતા કાઢવી હોય તો મારે પોતે એ દિશામાં પુરુષાર્થ કરવો જોઈએ!

બીજે દિવસે બરાબર અગિયારમાં પાંચ મિનિટે રેવુ બાપા મારે ત્યાં હાજર થઈ ગયા. જેતપુરમાં ત્રણ હરિજનવાસ છે. એક ભંગીવાસ અને બે મેઘવાળ વાસ. અમે બંને ત્રણેય વાસમાં ફર્યા. બાપાને વાસનું દરેક બાળક ઓળખે. હું નવો હતો.

ભંગીવાસ બહુ ગંદો નહોતો. પણ ત્યાં નૈતિક ગંદકી ખૂબ હતી. એ ઘોલકાં જેવાં પાયખાનાંનાં ડબલાંનાં પતરાંમાંથી બનાવેલાં ઘર, એ નૂરહીણાં સ્ત્રી-પુરુષો ને બાળકો, એ કંગાલિયત, એ ક્ષુદ્રતા, એ વ્યસનોની ગુલામી, એ આળસનો ગંજ—અને એ બધાંની ઉપરવટ એ શેખી—આવું બધું પહેલી વાર નજરોનજર જોઇને હું અકળાઈ ઊઠ્યો. માનવતા આટલી નીચી કોટિએ ઊતરી શકતી હશે?

માનવતાના એ ખંડેરના કાટમાળમાંથી રેવુ બાપા તેમની નિષ્ઠા દ્વારા કંઈક નવું સર્જવા મથી રહ્યા હતા. ભંગીનાં થોડાં છોકરાં એક નાની ઓરડીમાં મળી લખતાં-વાંચતાં શીખતાં હતાં. એમના વાળ ઓળેલા હતા. શરીર સ્વચ્છ હતાં. વાસના કૂવા પર તેમને નાવાધોવાની સગવડ રેવુ બાપાએ કરાવી દીધી હતી. આ થોડાં છોકરા-છોકરી ભંગીની જમાતથી જુદાં પડતાં હતાં એ ખરું; પણ વાસના સંસ્કાર એમને એટલા પ્રબળપણે વળગી રહ્યા હતા કે એમાંથી તેમને મુક્ત કરવાનું કામ ભલભલાને થથરાવી મૂકે... મને મારા કામની આછી ઝાંખી થઈ.

ત્યાંથી અમે ગયા મેઘવાળના વાસમાં. ભંગીવાસ હું સહી શક્યો. આ વાસ સહેવાનું મુશ્કેલ હતું. ચોમેર માખીઓ બણબણતી હતી. આંગણાંમાં જ આવેલા કુંડમાંથી આળાંની જે બદબો આવતી હતી, તેથી માથું ફાટી પડતું લાગ્યું. મેં બાપા સામે જોયું. એક પણ ડાઘ વિનાના ખાદીના સ્વચ્છ પોશાકમાં મારી સામે જ ઊભા હતા. ઉપાશ્રયમાં સામાયિક કરતા આ જૈન ગૃહસ્થને મરેલાં ઢોરનાં તાજાં ચામડાંની બદબો અકળાવતી નહિ હોય? મને મોળ આવતી હતી.

'છે ને ઊલટી થઈ જાય તેવી દુર્ગંધ?' બાપાએ મારી સામે જોઈ કહ્યું.

'ભયંકર છે.' મારા અવાજમાં ત્રાસનો ભાવ હતો.

'આપણે ફક્ત એટલું યાદ રાખવું કે બાપડાં હરિજનોને આ નરકવાસમાં ચોવીસે કલાક રહેવું પડે છે.' કહી રેવુ બાપા હસ્યા. કોઈક મુક્તાત્માને જ સાધ્ય એવું નિખાલસ ને નિર્બંધ એ હાસ્ય હતું.

મને એક વિશેષ આંચકો લાગ્યો. કોહવાતી માનવતાને આ બદબોમાંથી ઉગારવી હશે, તો તેની સામે આંખ મીચી દીધે કેમ ચાલશે? માણસ જેવા માણસને આવી રીતે જીવવા ન જ દેવાય. વિચારતો ગયો તેમ બાપાનું કામ પાયાની ક્રાંતિનું જણાવા લાગ્યું. આવું ભગીરથ કામ આટલી આસાનીથી એ હાથ પર લઈ શકે છે તેનું મને આશ્ચર્ય થયું. બાપા, ક્રાંતિનો બોજ સદાય માથે લઈને ફરવામાં માનનારા નહોતા.

અને પછી તો રેવુ બાપા ને હું એકમેકના સાથી બની ગયા.

બાપા હરિજનસેવામાં કેવી રીતે આવ્યા તેનો વિચાર કરું છું ત્યારે તેમની અંદરના ચિરંતન સેવકને વંદન કર્યા વિના નથી રહેવાતું.

રેવુ બાપા એટલે જેતપુરનું કામદાર કુટુંબ. ત્યાંના દરબારોનો વહીવટ કુટુંબો હસ્તક હતો. દરબાર કરતાં વિશેષ સાહ્યબી તેમના કામદારો ભોગવતા. એમનામાં અમીરાત અને તેની નજાકત સ્પષ્ટ જોઈ શકાતી. કામદારું તેઓ દરબારનું કરે, પણ સાચા પ્રતિનિધિ મહાજનશાહીના. ગમે તેવી મુશ્કેલીમાં લોકો મહાજન પાસે ધા નાખતા જાય તો જરૂર કોઈક માર્ગ નીકળવાનો. દરબારની વિરુદ્ધ જવાનું જોખમ વહોરીને પણ મહાજને લોકોની ભેર તાણ્યાના પ્રસંગો બન્યા છે.

બગલાની પાંખ જેવું, ગોઠણથી નીચે પહોંચતું, કસોવાળું અંગરખું; સોનેરી કિનારવાળો, ધતૂરાનાં ફૂલ જેવો, ઈસ્ત્રીબંધ ખેસ; સવા-દોઢ ફૂટ ઊંચી પ્રભાવશીલ, જામનગરી પાઘડી; માન્ચેસ્ટરનું, ચાર પાટલીએ પહેરેલું, મુલાયમ ધોતિયું; હાથમાં સોનાની ખોળીવાળી, કાળા ડિબાંગ, અબનૂસની લાકડી; મહાજનને ઓળખી કાઢવાનું ઘણું સહેલું. લોકો કરતાં પોતે ચડિયાતા છે તેનો એમને સતત ખયાલ રહે; અને લોકોને પણ દરેક વાતમાં એનો ખયાલ આપતા રહે.

લોકોનાં કામ મહાજન જરૂર કરી દે. અન્યાયનો પ્રતિકાર કરવામાં પાછી પાની ન કરે. દરબારની નારાજીનો વિચાર સરખો કરવા ન રોકાય. સાચી વાત માટે ગામ છોડી દેવાની હદ સુધીની તૈયારી દાખવે.

મહાજન ગામ છોડે તે ગમે તેવો જુલ્મી દરબાર પણ સહી શકે નહિ. મહાજનને મનાવવું જ જોઇએ. એવું મહાજનનું તેજ. પણ મહાજનના મોવડીઓ લોકોને પોતાથી બે હાથ દૂર રાખે. મહાજન તકીએ બેઠા હોય તો લોકોએ નીચે ભોં પર બેસવું પડે. મહાજન સામા મળે તો ગમે તેવી આધેડ સ્ત્રીએ પણ, માથે બેડું હોય છતાં, વાંસો દઈને ઊભા રહી જવું પડે. પોતાનો પ્રભાવ એ મહાજનની આગવી મૂડી હતી.

રેવુ બાપા આ મહાજનશાહીના સંસ્કારમાં ઘડાયા હતા. તેમની આર્થિક સ્થિતિ સારી હતી. ધાર્યું હોત તો તેઓ પણ લોકોથી અળગા રહી શકત. પરંતુ લોકો પર પ્રભાવ પાડવાનો માર્ગ ગ્રહણ કરવાને બદલે સૌથી નીચલા થરના, અછૂત લોકોના સેવક થવામાં ગૌરવ માન્યું. આ પગલા દ્વારા બાપાએ મહાજનશાહીની કલ્પનામાં ક્રાંતિ આણી.

બાપા દરરોજ હરિજનવાસમાં જઈ ભણવા જોગ બાળકોને ભેગાં કરે. સાફસૂફ કરી, બાવડાં પકડી નિશાળે લઈ જાય. હરિજનો સાજાંમાંદાં થાય તો તેમની સારવાર કરે. તેમને દવા લાવી દે. ગરીબ હરિજનોના પ્રશ્નો બાપાના પ્રશ્નો બની જતા.

આવી બધી પ્રવૃત્તિમાં થોડાઘણા પૈસા તો જોઇએ. ધારે તો બાપા પોતે જ એટલા પૈસા આપી શકે તેમ હતા. દર વરસે જુદાજુદા અન્ય ફાળાઓમાં પોતે એથી બે-ત્રણ ગણા પૈસા આપતા. પણ હરિજન સેવાનાં કામ માટે તો સવર્ણો પાસેથી દર મહિને એક રૂપિયાનો ફાળો ઉઘરાવતા. કોઈ સામાન્ય માનવીને ફાળો આપવાનું મન થાય તો ઓછી રકમ પણ લેતા. માસિક ચાર આના આપનાર પણ કેટલાક કારીગર હતા. પણ એક રૂપિયાથી વિશેષ રકમ બાપા કોઈની પાસેથી ન માગતા.

જેતપુરના રાજ્ય-જ્યોતિષી અને સનાતનીઓના અગ્રણી એવા સ્વ. રામકૃષ્ણ જોશી પાસેથી રેવુ બાપા હરિજનનાં બાળકોનાં પાટીપેન માટે ફાળો લઈ આવ્યા ત્યારે હું મુગ્ધ થઈ ગયો હતો. બાપાની ભાવનાનો એ વિજય હતો. સામે પક્ષે બેઠેલાનો પણ પ્રેમ સંપાદન કરવો એ કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી. રેવુ બાપા કદી વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો ન આપતા. તેમનું જીવન એ જ તેમનો સંદેશ હતો.

પાછળનાં વર્ષોમાં રેવુ બાપાના ભાણેજ મુંબાઈમાં સારું કમાતા થયા અને દર વર્ષે બાપા માગે તેટલી રકમ હરિજન-કામ માટે મોકલી દેવા કહ્યું, ત્યારે બાપાએ જવાબ દીધો હતો: 'મને મદદ કરવી હોય તો

એક એક રૂપિયાના સભાસદ કરી દો. મારે એકસામટી રકમ ન જોઇએ.'

ભારતના રાજકારણમાં મહાત્મા ગાંધીજીનો પ્રવેશ થયો અને દેશના જાહેરજીવનમાં નવી ચેતના આવી. ગામેગામ બાપુનો પડચો બોલ ઝીલવા તત્પર એવા લોકો તૈયાર થયા. જેતપુરમાં પણ આવા લોકોની સારી સંખ્યા હતી. એમનાં કોઈ સ્મારક રચાયાં નથી, પણ જેતપુરનું જન-જીવન વિકસાવવામાં તેમનો ફાળો ગણનાપાત્ર છે. એ દિવસોમાં રેવુ બાપાની ભરજુવાની. તેમણે મહાજનશાહીનો અંચળો ઉતારી સેવકનો ધર્મ સ્વીકાર્યો અને એ જિંદગીભર નભાવ્યો – બલ્કે દીપાવ્યો.

કાઠિયાવાડ રાજકીય પરિષદ શરૂ થઈ ત્યારથી સ્વરાજ્ય આવતાં તેનું વિસર્જન થયું ત્યાં સુધી બાપા તેની કારોબારીના સભ્ય હતા. આપખુદ કાઠી રજવાડાંમાં ન્યાય ને કાયદો ક્યારે નેવે ચડાવી દેવાય, તેનો કોઈ ભરોસો નહિ. ભલભલા લોકો રાજકારણમાં સક્રિય ભાગ લેતાં ડરતા. તેમનાં ઘરબાર ક્યારે લૂંટાઈ જાય, તેનું કાંઈ કહેવાય નહિ.

એવા દિવસોમાં બાપાએ કાઠિયાવાડ રાજકીય પરિષદની કારોબારીનું સભ્યપદ સ્વીકાર્યું. સ્વરાજ્યમાં કોઈ પદની અપેક્ષા રાખી નહોતી. એ જે. પી. નહોતા થયા; ધારાસભ્ય પણ નહિ.

જેતપુરને ટીંબે અનેક શક્તિશાળી માણસો પાક્યા છે, પણ બાપા જેવો આદર્શ સ્વયંસેવક બીજો કોઈ જાણ્યો નથી. અને છતાં આજ જેતપુરમાં બાપાની યાદ ચિરંજીવ કરતું કોઈ સ્મારક નથી. હા, રેવુ બાપા પથ્થરનાં સ્મારકમાં નહોતા માનતા; પદદલિતોનાં દિલમાં રેવુ બાપાનું અવિસ્મરણીય સ્મારક છે. સ્વયંસેવકથી અદકા કોઈ સ્થાનની તેમણે કદી અપેક્ષા ન રાખી. તેઓ કહેતા: 'અમુક સ્થાન પર રહેવામાં જોખમ હતું ત્યાં સુધી હું ત્યાં રહ્યો. હવે મને શોભાનાં સ્થાન પર રહેવું ફાવે નહિ. મારું સ્થાન મારા હરિજનો સાથે.'

કાઠિયાવાડ રાજકીય પરિષદની કારોબારી કે મહાસમિતિની બેઠક જેતપુરમાં હોય ત્યારે આગંતુકોનો ઉતારો જૈન પાઠશાળામાં રહેતો. પાઠશાળાનો વહીવટ રેવુ બાપાના હાથમાં હતો. 'બાપા, ના'વાની શી સગવડ છે?' બેઠક માટે આવેલ કોઈ મહેમાન પૂછતો.

'બધી સગવડ અહીં જ છે.' કહી રેવુ બાપા કોઈ માણસને બોલાવવાને બદલે, પોતાના દીકરા જેવડા કાર્યકરોને પણ પંડે પાણીની ડોલ ભરી દેતા. અને એ કામ એટલી સાહજિક આસાનીથી કરતા કે સામા માણસનો ક્ષોભ માત્ર ઉડાડી દેતા.

ચર્ચા ચાલતી હોય અને કોઈ વ્યક્તિની જરૂર પડે ત્યારે કોઈના કહેવાની વાટ જોયા વિના રેવુ બાપા બગલમાં દફતર દબાવતા, જોડા પહેરી એ વ્યક્તિને બોલાવવા ઊપડી જતા. ધોમ તડકે એક માઈલ ચાલ્યા જવાનો તેમને પોણોસો વર્ષની ઉંમરે પણ કંટાળો ન આવતો. પાંડવોના યજ્ઞમાં કૃષ્ણ ભગવાને એઠી પતરાવળીઓ ઉપાડવાનું કામ સ્વીકારી લીધું હતું, તેમાં રહેલા ગૌરવનો ખયાલ રેવુ બાપાને હોંશભેર સ્વયંસેવકનું કામ કરતા જોઇએ ત્યારે આવતો. વય, પદ, સ્થિતિ, દરેક બાબતમાં આગળ હોવા છતાં બાપાએ સ્વયંસેવક થવામાં કદી નાનમ અનુભવી નહોતી. સમાજવાદની ફિલસૂફી બાપા બહુ ન સમજતા, પણ માણસને ભાગે જે કામ આવે તે ક્ષમતાપૂર્વક બજાવવું તેને બાપા સાચી સિદ્ધિ સમજતા. કોઈ પણ વ્યક્તિ કે કામને પોતાની અંગત બઢતીનું સોપાન બનાવવામાં બાપા ન માનતા.

કોંગ્રેસે ઝાંઝીબારનાં લવિંગનો બહિષ્કાર જાહેર કર્યો હતો. સ્વરાજ્ય પહેલાંના એ દિવસો. કોંગ્રેસ કોઈ રાજકીય પક્ષ નહિ પણ રાષ્ટ્રીય સંસ્થા હતી. લોકો કોંગ્રેસનો આદેશ શિરોમાન્ય ગણતા એ લવિંગનો બહિષ્કાર સફળ કરવાની જવાબદારી સરદાર વલ્લભભાઈની હતી. સરદારના ધ્યાન બહાર ઝીણી વાત પણ જાય નહિ. એક દિવસ તેમનો તાર આવ્યો: 'જેતપુરના કરિયાણાના વેપારી આણંદજી કાનજીએ ઝાંઝીબારનાં લવિંગની મોટી ખરીદી કરી છે. એ માલ વેચાય નહિ, તેવો પ્રબંધ કરો.' સ્વાભાવિક જ જેતપુરનું જે કંઈ કામ હોય તે રેવુ બાપાને સોંપાય. બાપા આવી જવાબદારીઓ સહર્ષ સ્વીકારી લેતા.

અમે ત્રણચાર જણ આણંદજી કાનજીની દુકાને ગયા. પહેલાં તો એ અમારા પર ચિડાયા. તેના વેપારમાં અમે માથું મારીએ તેનો ગુસ્સાપૂર્વક વિરોધ કર્યો. વેપારીને ન છાજે તેવી ભાષાનો પણ પ્રયોગ કર્યો. મને તેમની ઉદ્દંડતા ખૂંચતી હતી, પણ હું કંઈ બોલતો નહોતો.

બાપા તેને સમજાવતા હતા : 'જુઓ, આણંદજીભાઈ! સરદાર સાહેબનો તાર છે. તમારી હા-ના અમે માનવાના નથી. દેશ લવિંગનો બહિષ્કાર કરતો હોય ત્યારે તમને એમાંથી કમાણી કરવાનું સૂઝે તે કેમ ચાલે? તમે ભૂલ કરી છે. એનો હું અફસોસ નથી કરતો. માણસની ભૂલ થઈ જાય. પણ ભૂલ સમજાય પછી સુધારી લેવી તે ડાહ્યા માણસનું કામ. હું તમને સહેલો ઉપાય બતાવું. તમારી લવિંગની ગુણોને અમે સીલ મારી દઇએ. લોકોનાં હિતની ઉપરવટ જઇને કમાણી કરાય નહિ. સીલ મારવાની વાત નહિ કબૂલો તો તમારી દુકાન ને વખાર પર પિકેટિંગ થશે. તમને ઠીક લાગે તે પસંદગી કરી લો.'

કચકચ કરતાં આણંદજીભાઇએ લવિંગની ગુણો પર સીલ કરવા દીધાં હતાં. બાપાની શાંત સમજાવટ સફળ થઈ હતી. વેપારીના ગુસ્સા સામે રેવુ બાપાએ ઊંચો અવાજ પણ કર્યો નહોતો.

લવિંગનો પ્રશ્ન પતી ગયા પછી એ જ વેપારીએ રેવુ બાપાની માફી માગી પોતાની ઉતાવળ બદલ દિલગીરી વ્યક્ત કરી હતી. રેવુ બાપાએ તો તેને માફ કરેલું જ હતું. કોઈના પર ડંખ રાખવાનો તેમનો સ્વભાવ નહોતો. બાપા પૂર્વગ્રહની ગાંઠો વાળી રાખવામાં ન માનતા.

માનવ પ્રત્યેનો અથાગ પ્રેમ રેવુ બાપાની પ્રવૃત્તિઓનું ચાલક બળ હતું. એમની નિયમિતતામાં કદી ફેર ન પડચો. સેવા-પ્રવૃત્તિનો તેમનો કાર્યપ્રવાહ વહેતા ઝરણા જેવો સ્વાભાવિક હતો. જે ફરજ માની તેને નિષ્ઠાપૂર્વક વળગી રહેવાની તેમનામાં ઈશ્વરદત્ત શક્તિ હતી. ઊંડો અભ્યાસ કે પાંડિત્યપ્રચુર વાચન રેવુ બાપાનાં નહોતાં. જિંદગીનો સબક તેઓ જીવતા માનવીમાંથી શીખ્યા હતા.

સંવત ૧૯૯૯માં દુકાળ પડચો. શાહીવાદી સરકાર અને આપખુદ રાજવીઓને પ્રજાને પડખે રહેવાનું સૂઝતું નહોતું. ભાદર જેવી નદીમાં પણ કાંકરા ઊડતા હતા. અનાજની તંગી હતી. લોકોને કાંઈ કામ મળતું નહિ. ચોમેર હતાશાનું હવામાન હતું.

અમે જેતપુરમાં સસ્તા અનાજની દુકાન ખોલી હતી. આસપાસનાં સો ગામનું લોક એ દુકાનનો લાભ લેતું. પણ ગામડાંનાં અપંગ-અનાથ લોકોનું શું? એવાંને મદદરૂપ થવા રેવુ બાપા ને હું મોટરમાં અનાજ ભરી ગામડાંમાં જતા. અમે બંને ખાદી પહેરનારા. માથે ધોળી ટોપી. જેતપુર નજીકનાં જામનગર રાજ્યનાં ગામડાંમાં અમે જઈએ ત્યારે એ બેહાલ ગામડાંમાંથી કોઈ અમારી પાસે મદદ લેવા ન આવતું. જામનગર રાજ્યમાં ધોળી ટોપી બળવાખોર મનાતી. ધોળી ટોપીવાળા સાથે બોલે તે બંડખોરનો સાગરીત મનાતો. પ્રજાને પીડવાની રાજ્યની વિશિષ્ટ રીત હતી. આવા સંજોગોમાં ભૂખે મરતા હોવા છતાં લોકો અમારી મદદ મેળવવા ન આવતા. એવાં ગામોમાં અમે ગામના જાણીતા મારફત આડકતરી રીતે મદદ મોકલતા.

જેતપુરથી અનાજ ને પૈસા લઇને સવારે નીકળ્યા હોઇએ તે છેક રાતે પાછા ઘેર પહોંચતા. રસ્તા સારા નહોતા. પાશેર ધૂળ શ્વાસમાં

જતી હશે. ઘણી વાર આખો દિવસ ભૂખ્યા રહેવું પડતું. પણ આવી કોઈ તકલીફ રેવુ બાપા ગણકારતા નહિ. એ દિવસોમાં લૂંટફાટ બહુ થતી. અમે સેંકડો રૂપિયા અને દસપંદર મણ દાણા મોટરમાં લઈને નીકળતા. કેટલાક મિત્રોએ અમને હથિયાર સાથે રાખવા કહ્યું હતું, પણ અમે પેન્સિલ છોલવાનું ચપ્પુ પણ સાથે ન રાખતા. રામ-ભરોસે નીકળી પડતા. પણ એ ભરોસો ભ્રામક નીવડ્યાનો એકે પ્રસંગ બન્યો નહોતો. રસ્તે હરામ હલાલી જેવા કે ચીંથરેહાલ માણસો ક્યારેક મળતા ખરા, પરંતુ તેમને અમારાં 'મિશન'ની ખબર હતી. તેઓ અમારા મદદનીશ બનતા. ગરીબ-ગુરબાંનાં ઘર અમને ચીંધતા. લોકનાં દિલમાં બેઠેલા રામનાં અમે અનેક વાર દર્શન કર્યાં છે.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન રેવુ બાપા એક વાર મુંબઈના શેઠિયાઓ સાથે ગાંધીજીને મળવા વર્ધા ગયા હતા. શેઠિયાઓએ ગાંધીજીને થોડી ભેટ ધરી. 'બસ? મુંબઈના શેઠિયાય આટલું જ વરસ્યા?' બાપુએ ટીખળ કર્યું. બાપુ દાન લેવાની કળાના નિષ્ણાત હતા. શેઠિયાઓ પાસેથી સારી રકમ મેળવ્યા પછી ગાંધીજીએ થોડી વારે રેવુ બાપાને પૂછ્યું: 'રેવુભાઈ! તમારું કામ કેમ ચાલે છે?'

'મારું કામ તો ચાલે છે, પણ આપને જણાવી શકું તેટલું નથી.' રેવુ બાપાએ વિનમ્રતાથી કહ્યું. 'કેમ? શો વાંધો છે?' બાપુએ પૂછ્યું.

'બાપુ! આપની આજ્ઞા મુજબ હું દરરોજ હરિજનવાસમાંથી ભણવા જેવડાં છોકરાં ભેગાં કરી તેમને સાફસૂફ કરાવી નિશાળે લઈ જાઉં છું, પણ તેમનામાં અભ્યાસનો રસ હજી ઊભો કરી શક્યો નથી. ત્રણચાર ચોપડી ભણે કે ઊઠી જાય છે ને પાછાં ગોબરાં થઈ જાય છે'.

'રેવુભાઈ!' ગાંધીજીએ કહ્યું, 'તમે વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું. તમે કહ્યું હોત કે હરિજનો એકાએક સુધરી ગયા છે તો મને નવાઈ લાગત. સેંકડો વરસની ખામી દૂર કરતાં આપણે ધીરજ રાખવી પડશે. તમારું કામ ઊગતું નથી એવું લાગે તો પણ છોડવું નહિ. ગીતાજીનું વાક્ય છે કે કલ્યાણ કાર્ય કદી એળે જતું નથી, તમે નિરાશ ન થશો. આજે દેશભરમાં હજારો હરિજનો ભણતાં થયાં, તે પણ નાનીસૂની વાત નથી. ક્રાં તનું કામ ચાલી રહ્યું છે. તેમાં તમારો પણ ફાળો છે. તમારું કામ ચાલુ રાખજો. એક દિવસ એ અવશ્ય ઊગી નીકળવાનું છે.'

મહાત્માજીને મળીને રેવુ બાપા પાછા આવ્યા ત્યારે દેખીતા અંધકારની વચ્ચેથી સૂર્યોદયની આભા પ્રકટવાની છે એવી શ્રદ્ધાનું પાથેય લાવ્યા હતા. જીવનમાં અને આપમેળે હરીફરી શક્યા ત્યાં સુધી તેમણે હરિજન-સેવાનું કાર્ય ચાલુ રાખ્યું હતું. છેલ્લાં દોઢેક વર્ષ અંધાપો રહ્યો ત્યારે ય બાપા હરિજન છોકરાઓની સૌથી વિશેષ ખબર પૂછતા.

એ જ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એક સાલ મૅલેરિયાનો ઉપદ્રવ વ્યાપક પ્રમાણમાં ફાટી નીકળ્યો હતો. હજારો માનવીઓ તેનો ભોગ બન્યાં હતાં. ક્વિનાઇન દુષ્પ્રાપ્ય ને ખૂબ મોંઘું હતું. લોકોની વેદના અપાર હતી એ દિવસોમાં અમે જેતપુરના કંગાલ-વાસમાં જતા. દરદીઓને દવા આપતા. ગંભીર લાગે તેને દવાખાને મોકલતા. જમીને અગિયાર વાગ્યે અમે નીકળી પડતા તે છેક સાંજના સાત-સાડાસાત સુધી ઘેરેઘેર દરદીઓને જોતા ફરતા. સાંજે હું થાકી જતો, પણ રેવુ બાપાએ કદી થાકની ફરિયાદ કરી નહોતી.

હરિજનવાસ અને કંગાલપરાં ઉપરાંત બાપા બીજી પણ અનેકવિધ પ્રવૃત્તિઓ કરતા. પ્રાથમિક શાળાઓમાં જઈ વિદ્યાર્થીઓને વાર્તા કહેતા, ગીતો ગવડાવતા. પાણીના ગોળામાં લાલ બાઝી છે કે નહિ તેની તપાસ કરતા. ખેડૂતવાસમાં જઈ તેમના પ્રશ્નો સમજવા મથતા. ગુમાસ્તાઓને અઠવાડિયે અરધા દિવસની રજા મળે તે માટે પ્રયત્ન કરતા.

રેવુ બાપાનો જીવનક્રમ વ્યવસ્થિત હતો. સવારે વહેલા ઊઠી ચમનબાગને કૂવે નહાવા જાય. ગામ બહાર જાય એટલે જોડા હાથમાં ઉપાડી લે. બાપા કહેતા: 'ધરતી આપણી જનેતા છે. તેનો સીધો સ્પર્શ સુખકારી છે'. નહાવાની સાથે પોતાનાં કપડાં પણ જાતે જ ધોતા આવતા.

૧૯૪૨ની લોકક્રાંતિ શરૂ થઈ ત્યારે મેં કહ્યું: 'બાપા, આ લડત જુદા પ્રકારની છે. આપ હરિજનસેવાનું કામ ચાલુ રાખો.'

'દેશની મુક્તિ માટેનો આખરી જંગ મંડાયો હોય ત્યારે હું હરિજન-સેવામાં બેઠો રહું તે વાજબી કહેવાય?' રેવુ બાપાએ પૂછ્યું.

'પણ હરિજન-કાર્ય તદ્દન બંધ પડી જાય, તે પણ યોગ્ય નહિને?'

'સારું!' રેવુ બાપાએ લાંબી દલીલોમાં ઊતર્યા વિના કહ્યું; 'પણ મારી જ્યાં ને જ્યારે જરૂર પડે ત્યારે મને કહી દેજો'.

રેવુ બાપા જાહેર અને અંગત જીવનની શુદ્ધિના આગ્રહી હતા. તેમને હસ્તક અનેક જાતના વહીવટ ચાલતા, પરંતુ એ બધાનો પાઈએ પાઈનો હિસાબ લખ્યા પહેલાં બાપા કદી ઊંઘતા નહિ. લગભગ પચાસ વર્ષની જાહેર સેવાની કારકિર્દીમાં બાપાના હિસાબમાં કદી એક પાઈની યે ભૂલ નીકળી નથી.

સૌરાષ્ટ્ર રાજ્યના જમાનામાં રેવુ બાપાના નજીકના કોઈ કુટુંબીએ સરકારી નોકરીમાં કંઈક ગોટાળો કર્યો હશે. સંબંધીઓએ રેવુ બાપાને કહ્યું: 'તમે ઢેબરભાઈ પાસે આવો તો આપણો...ભાઈ બચી જાય'.

'હું ઢેબરભાઈ પાસે આવીને શું કહું? મારાથી જૂઠું નહિ બોલાય'.

'તમારે જૂઠું ન બોલવું. ઢેબરભાઈને દયા કરવા કહેવું.'

રેવુ બાપા, અંતરમાં ઊંડા ઊતરી ગયા હોય તેમ, મૂગા બની ગયા. અને આખરે 'માફ કરજો! ગોટાળો કરનાર પર દયા કરવાનું ઢેબરભાઈને મારાથી નહિ કહેવાય.' રેવુ બાપાએ સંકોચસહ કહ્યું.

'સારું; તમે કાંઈ બોલશો મા. અમારી સાથે તો આવશોને?'

'ના-ના!' રેવુ બાપાએ મક્કમતા દર્શાવી: 'હું સાથે આવું તે પણ બરાબર નહિ. આવી ભૂલ મારાથી અગાઉ થઈ ગઈ છે; ફરી નહિ કરું.'

જીવનની આ તાકાત સિદ્ધાંતનિષ્ઠામાંથી ઊભી થાય છે.

બાપાનું મૃત્યુ પણ કેવું સૂચક હતું? એમને ઈન્ફ્લુએન્ઝા હતો. પથારીમાં આરામ લેતા હતા. વયોવૃદ્ધ, કેડેથી વળી ગએલાં બા રેવુ બાપા માટે દૂધ લેવા ગયાં. બાપાને અશક્ત પત્નીની દયા આવી. બા પોતાને માટે દૂધ લેવા ગયાં તે ઠીક નહિ, એમ માની બાપા તાવછતાં પથારીમાંથી ઊભા થવા ગયા. લથડિયું આવ્યું કે ગમે તેમ, પણ ઊભા થવા જતાં પડ્યા. પગનું હાડકું ભાંગી ગયું અને માત્ર સાત દિવસમાં તો બાપાએ પોતાના જીવનની બાજી સંકેલી લીધી.

સ્વરાજ્ય પછી જે નવી નેતાગીરીનો ફાલ ઊતર્યો તેની સાથે રેવુ બાપાનો મેળ મળતો નહિ, એટલે ધીમેધીમે પોતાની પ્રવૃત્તિઓનો સંકેલો કરી રહ્યા હતા. નહોતું છોડ્યું માત્ર હરિજનસેવાનું કામ.

એમના અવસાન પહેલાં એકાદ મહિને હું તેમને મળવા જેતપુર ગયો હતો. અંધ બાપા ઘરમાં જ રહેતા. મેં પૂછ્યું: 'બાપા! જિંદગીભર ખૂબ દોડાદોડી કરી, એટલે હવે સાવ બેસી રહેવું પડે તેની અકળામણ નથી થતી?'

'થઈ શક્યું ત્યાં સુધી કામ કર્યું. હવે શરીર અટક્યું તો બેસી રહેવાનો ય કંટાળો નથી લવલેશ અજંપો નથી કે અકળામણ નથી.'

કોઈ પણ પરિસ્થિતિની ફરિયાદ કરવી નહિ, એ રેવુ બાપાના ચારિત્ર્યની ચાવી હતી. જીવન એમણે ઉજાળ્યું. મૃત્યુને પણ એટલી જ સ્વસ્થતાથી વધાવ્યું. અફસોસ માત્ર એટલો કે રેવુ બાપાના કોટિના માનવ વિરલ થઈ રહ્યા છે.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક અને આલેખક
રવિશંકર મ. રાવળ

વડોદરામાં મેં મારી બધી શક્તિઓ કામે લગાડવાનો નિશ્ચય કર્યો. સેન્ટ્રલ લાયબ્રેરીમાં નાસ્તો ખાવી, પુસ્તકો લાવી કંઈક વાંચતો. સવાર-સાંજ બહાર જઈ સ્કેચ પણ કરતો. પરંતુ એક દિવસ ખરાબ હવામાં ફરવાથી મૅલેરિયા તાવે ઝડપાયો. જટુભાઈ અને એમનાં પત્નીએ સારવાર કરી ઉઠાડચો ત્યારે તેમના પ્રતિની લાગણીથી ખૂબ આર્દ્ર બની ગયો હતો. આવી માંદગી એક દિવસ પણ આવે ને પરિણામે આઠ દિવસ નિયમિત કામ ન થઈ શકે ત્યારે મારા કીમતી દિવસો વેડફાઈ ગયાનો ખૂબ જ અસંતોષ થતો.

૨૮૨ ચોપડીનાં ચિત્રો

મહાશંકર લલ્લુભાઈ ભટ્ટ નામે દાક્તરના એક મિત્ર હતા. મૂળ સોખડા ગામના ઔ૦ બ્રાહ્મણ. માંદેસાજે દાક્તર એમના ઘરની ખબર રાખતા ને દવાદારૂની સલાહ આપતા, એથી દાક્તર પ્રત્યે તે ખૂબ જ ભાવ રાખતા. એક વાર કોઈ વ્રતનિમિત્તે તેઓ દાક્તરને જમવાનું નોતરું આપવા આવ્યા. મારે ખાતર દાક્તર નોતરું સ્વીકારતા નહોતા, પણ તેમણે તો ભાર દઈ મને પણ સાથે લાવવા આગ્રહ કર્યો.

તેમને ઘેર જમવા ગયો ત્યારે જ જાણ્યું કે તેઓ તો એક નાનું છાપખાનું ચલાવતા હતા. મૂળ એ શિક્ષક હતા, પણ પછી આ વ્યવસાયમાં પડચા હતા. સુરસાગરની સામે લાડબાદેવી માતાના મંદિરની પાસે મુનશીનો ખાંચો કહેવાય છે તેના પશ્ચિમાભિમુખ નાકે ગુજરાત સમાચાર પ્રેસમાંથી છાપું કાઢતા, ને ચોપડીઓ લખી પ્રકટ કરતા. ઉપરાંત 'બાલશિક્ષક' નામનું માસિક પણ તે કાઢતા હતા, તેમાં રમણલાલ શાહ નામે એક જુવાનને સહાયક તરીકે લીધા હતા.

રમણલાલે મૅટ્રિક પાસ થઈ પહેલાં કોઠીમાં નોકરી લીધેલી. તેમનો મેળાપ થતાં શ્રી ભટ્ટે તેમને ઘરનાં ટ્યૂશન માટે તેમજ માસિક અને પંચાંગ વગેરેના સંયુક્ત કામે રોકી લીધા હતા. મને નવાઈ લાગી કે 'લંડન રાજરહસ્ય' નામથી રેનૉલ્ડઝની 'મિસ્ટરીઝ ઑવ ધ કોર્ટ ઑવ લંડન'ની વાર્તાઓની એક પુસ્તકમાળા તે ચલાવતા. તેમાંનાં ચિત્રો મૂળ અંગ્રેજી ચોપડીમાંથી જેનીતેની પાસે ટ્રેઈસ કરાવી, લીથોપ્રેસમાં છપાવીને પુસ્તકમાં સીવી લેતા. એ ચિત્રો સાવ કુરૂપ ને બેઢંગ થતાં. હું ચિત્રકામ કરું છું એમ જાણી એમણે મને એક ચોપડી અને લીથો પેપર તેમજ લીથો શાહીનો કટકો વળગાડયાં. મેં ઉત્સાહથી સાદી રેખામાં તે ઉતારી આપ્યાં. બેશક તે સારાં થયાં અને તેમણે ખુશ થઈ મને તેમની ચોપડીઓ ભેટ આપી, અને હું વડોદરામાં રહ્યો ત્યાં સુધી આવું કંઈકંઈ કામ મારી પાસેથી સંબંધને અંગે કરાવી લીધું. એમના સાથી રમણલાલ આજ વડોદરામાં અશોક પ્રિન્ટરીના માલિક છે અને વર્ષોથી 'બાલજીવન' માસિક ચલાવે છે.

૨૮૩ અભ્યાસયોગ

ડૉ. જટુભાઈની સહાયથી મને એક બીજો વિરલ અભ્યાસયોગ મળી ગયો. તેમના મિત્ર ડૉ. અંબારામભાઈ કમાટી બાગ મ્યૂઝિયમના ક્યુરેટર હતા. એ વખતે ચિત્રાલય બંધાતું હતું એટલે એને માટેનાં યુરોપમાંથી ખરીદાએલાં ચિત્રોનો સંગ્રહ નજીકના વ્હાઈટ હાઉસમાં મંડાર્યો હતો. તે એમણે સાથે આવી ખોલાવીને મને બતાવ્યો. ઇટલી, ફ્રાન્સ વગેરેના શ્રેષ્ઠ કલાકારોનાં અસલ ચિત્રો જોઈ મારું મન સાતમે આસમાને જઈ બેઠું! મને અંબારામભાઈએ કહી દીધું કે, 'તારે જોઈએ ત્યારે અહીં આવજે; અભ્યાસ કરવાને ખોલાવી આપીશ.'



વડોદરાના અભ્યાસકાળ દરમિયાન કરેલું ત્યાંનું એક દૃશ્યાલેખન

કલાભવન તો મારે માટે એક નિમિત્ત હતું. પણ આ સંગ્રહમાં અસલ કલાકૃતિઓને સાક્ષાત્ જોઈ શકચો તેથી કલાકારની ખરી પ્રતિભાનું મને ભાન થયું. મેં પણ નિશ્ચય કરી લીધો. આખા દિવસની રજા હોય ત્યારે ડૉ. અંબારામભાઈ પાસે પહોંચી જતો. તેઓ સિપાઈ મોકલી મને એ ભંડાર ખોલાવી આપતા. મારે તો પલાંઠી વાળી ઉપયોગી પ્રકારોનો અભ્યાસ કરવો હતો, એટલે સિપાઈને હું બહારથી બારણે તાળું મારી જવા કહેતો, અને ચાર વાગ્યે પાછો ઉઘાડે ત્યાં સુધી હું મને ફાવે તે ચિત્રમાંથી અંગઉપાંગોની કે રંગવિધિની નકલ કરતો અંદર પુરાઈ રહેતો. આમ અવારનવાર એ સમાગમનો મેં લાભ લીધો. મારું આશ્ચર્ય એ છે કે વડોદરા રાજ્યમાં આવી કલાસમૃદ્ધિ અને સમર્થ કલાકારોના આવાગમન છતાં એક પણ પ્રતિભાસંપન્ન કલાકારનો ત્યાં ઉદ્ભવ કેમ ન થઈ શકચો? શું રાજદ્વારી અને નાગરિક જનોમાં સૌંદર્યપ્રીતિ અને કલાદૃષ્ટિ કે તેની તાલીમનો અભાવ હતો? આજે પણ વડોદરાની પ્રજામાં કલા વિષે કોઈ નેતૃત્વ દેખાતું નથી.

એ વર્ષે ચોમાસું એકદમ વકર્યું. એક રાત્રે ઘણો જ વરસાદ પડચો. મકાનના કાતરિયામાં એક બારી આગળ મારી પથારી રહેતી. મારો સામાન પણ પાસે જ ગોઠવી રાખતો. નીચે રસોડું અને બેઠકનો ખંડ હતો. રાત્રે તે જટુભાઇનો નિદ્રાખંડ બની જતો, એટલે સવાર પડે અને બંધ બારણાં ઊઘડે ત્યાં સુધી હું કાતરિયા પરથી ઊતરતો નહિ. શ્રાવણ માસમાં જટુભાઈ રોજ વહેલા ઊઠી, નાહીને ધાબળી પહેરી પાર્થિવેશ્વરની પૂજા કરતા—એટલે કે માટીનાં ૧૦૦ શિવલિંગ બનાવી તે પર બીલીપત્ર મૂકી આવાહન કરી જપ કરતા. શિવપૂજા પર તેમને નાનપણથી જ ભારે શ્રદ્ધા હતી. પણ વરસાદ વખતે હદ થઈ. બધે જ ચૂવા થયા હતા. કામ તો શાનું થાય? સવારમાં પણ વરસાદની હેલી ચાલુ હતી. ઇસ્પિતાલથી સ્ટેશન સુધી સાથળપૂર પાણી ડોળતાં લોકો જતા-આવતા હતા. ઊંડી વિશ્વામિત્રી આજ કયાં છે તે દેખાતું નહોતું. સ્ટેશન સુધી જળમય સરોવર બની રહ્યું હતું. આવો દેખાવ મેં આ પહેલી જ વાર જોયો. જોકે વડોદરાવાસીઓને તો આવો અનુભવ વર્ષોથી થતો આવ્યો છે.





વડોદરામાં કરેલાં કેટલાંક ત્વરિતાલેખનો અને એક દશ્યચિત્ર



૨૮૪ મૂંઝવણો


આ સમયે મેં મારા મનનો એક વિચાર ડાયરીમાં લખી નાખ્યો હતો : 'મારી અભ્યાસવૃત્તિ કેમ ડગે છે? કોઈ ઠેકાણે નોકરી શોધી ગુપચુપ ગોઠવાઈ જવાનું મન કેમ થાય છે? અભ્યાસ ફળીભૂત થવામાં કંઈ શંકા છે? ફક્ત બે જ વર્ષ ધીરજ ન ધરાય? ઘેર સૌ હવે અધીરાં થઈ ગયાં છે કે હું જલદી કમાતો થાઉં. પણ ભાવિ જીવન ઉપર મીંડું વળેને? શું ભાવિ જીવન વધુ ઠીક હશે? ઠીક નહિ, પણ ઠીક કરી શકું. આર્ટિસ્ટનો કૉર્સ પૂરો કરવાથી એક ક્વૉલિફિકેશન મેળવ્યું ગણાય. આર્થિક તો થવાનું હશે તે થશે, પણ માનસિક દ્રવ્ય તો આજે ભેગું કરી લઉં. એક વખત અભ્યાસ છોડયા પછી પૂરો કરવાનો સમય નહિ મળે. પછી તો ગૃહજીવન નિભાવવા બીજા યોગ્ય ઉપાયો લેવા પડશે.'

ડૉ. જટુભાઈ પણ મારી ચર્ચા કરતાં કહી નાખતા: 'પૈસા ન મળે એવી બાબતમાં પડવું તે બેવકૂફી છે.' એનું મને લાગી આવતું, પણ તેમણે મારા માટે વહોરેલી પળોજણ અને ઉપાધિ આગળ હું તે વિસારે પાડતો. મારું મન મૂંઝાતું હતું: એમને હું અગવડ રૂપ તો થતો નહિ હોઉંને? મારી મેળે છૂટા થવું તે પણ કૃતઘ્નતા ગણાય. તેમને હું કેટલી બધી ઉપાધિઓ અને બંધનમાં મૂકતો હતો? પણ મારો અભ્યાસ હું વધારી રહ્યો હતો તે માટે તેમનો આભાર કેમ ભુલાય? તેમણે મને ઘરકામમાં પલોટયો. અનાજ-ઘી-તેલ વગેરે બજારની ખરીદીમાં માહિતગાર કર્યો. મને પણ આ બધું કામનું લાગ્યું એટલે મેં તેમની આમન્યા બરોબર પાળી. એક વાર લીંબડીથી તેમનાં માતુશ્રી વખતબા સ્વ. ગોદાવરીબેનના ભાણા ગુણવંતને લઈ થોડા દિવસ રહેવા આવ્યાં, તેમણે મને ખાનગીમાં સર્ટિફિકેટ આપ્યું કે, 'અમારા જટુ અને તેની વહુ સાથે કુટુંબનું કોઈ ભળી શકે નહિ; પણ તેં ભારે નિભાવ્યું.'

છતાં બળેવની આસપાસની બેચાર દિવસની રજાઓનો લાભ લઈ મુંબાઈ એક આંટો જવાની પિતાજી પાસેથી રજા મંગાવી. વચ્ચે નવસારી મોટા ભાઈ પાસે રોકાયો. તેમની સાથે જનોઈ બદલ્યું. રાત્રે મુંબાઈ ગયો અને પીપળવાડીમાં હરિભાઈના દ્વારે પહેલાં જેવું જ મીઠું આતિથ્ય પામ્યો. જેભાઈ વિધુર થયા પછી તેમને ત્યાં જ રહેતા ને વીશીમાં જમી લેતા. પણ જાણ્યું કે તેમણે નવો સંબંધ શોધી લીધો હતો અને થોડા સમયમાં ફરી લગ્ન કરવાના હતા. મારા તરફ તેમનો ભાવ જેવો ને તેવો જ હતો.


સ્કૂલમાં જઈ જૂના દોસ્તોને નવા ક્લાસમાં આગળ કામ કરતા જોયા. ત્યાં જાણવા મળ્યું કે પ્રિન્સિપલ બર્ન્સથી ત્રાસેલા વાઈસ પ્રિન્સિપલ રેગ્નોથામ ઇંગ્લંડમાં સેક્રેટરી ઑવ સ્ટેઈટને મળી પોતાના માટે યોગ્ય વ્યવસ્થા કરવા ગએલા, તે છ મહિનાની રજા પૂરી થતાં આવી ઊભા રહ્યા ત્યારે સૌને આશ્ચર્ય થયું હતું. તેમણે તો જોરશોરથી કામ શરૂ કરી દીધું, પણ બર્ન્સે મુંબાઈ સરકારમાં ખટપટ કરી તેમને રાજીનામું આપવા ફરજ પાડી. તેથી નાઈલાજે તે છૂટા થઈ ગયા. ઈ. ૧૯૧૩ની ૧૪મી સપ્ટે. તે વિદાય થયા ત્યારે સેંકડો વિદ્યાર્થીઓ હારતોરા લઈ બોરીબંદર પર ગયા હતા. વિદ્યાર્થીઓ તેને જ પ્રિન્સિપલ માનતા, કારણ કે તે વર્ગમાં આવી કામ કરી બતાવતા, જ્યારે બર્ન્સ ભ ગ્યે જ દેખા દેતા.

અગાસકર માસ્તરને મળ્યો. ત્યારે તેમણે રોજની રીતે જ આવકાર્યો. ધુરંધર માસ્તરને તેમને ઘેર જઈ મળ્યો. તેમણે ફરી સલાહ આપી કે બીજા વર્ષની પરીક્ષા માટે બીજી ટર્મમાં આવવું.





ઈ. ૧૯૧૨–'૧૩માં કરેલાં આવાં સંખ્યાબંધ અધૂરાં પૂરાં અવલોકનો–આલેખનો. ત્વરિતાલેખનોની આવી સૃષ્ટિમાંથી યે અનેક નવાં ચિત્રોની છાયા કે કલ્પના સુકર બને છે.



૨૮૫ મિ. બુધવારકર

મુંબાઈથી આવ્યા પછી તબિયત ઉપરની માઠી અસરથી તાવ આવી ગયો. ઘણી કાળજી અને નિશ્ચયો છતાં તબિયત પર હજી કાબૂ મળ્યો નહોતો અને તેથી હું મનમાં બહુ જ વ્યાકુળ રહેતો. ઇતર કાર્યો અને વ્યવહારોમાં વિરક્તિ રાખી એકલું ચિત્રકામ વધારવાની વૃત્તિ શિથિલ થઈ ગઈ. કંઈક ધંધો આપે એવું કામ હાથ કરવું જોઈએ એવા વિચારો આવ્યા અને કલાભવનમાં શીખવાતી બ્લૉક બનાવવાની પ્રોસેસના વર્ગમાં દાખલ થવાની ઇચ્છા થઈ. પેઇન્ટિંગ ક્લાસમાં વસ્તુતઃ કોઈ જ શીખવનાર નહોતું. જે થતું તે કામ તો ઘેર પણ કરી શકાય. તો પછી કલાભવનનો શો લાભ લેવો? બ્લૉકનું કામ ચિત્રને લગતું હોવાથી કંઈક ઉપયોગી થશે એવો વિચાર એકદમ જાગ્યો અને ફૂલચંદ માસ્તરની સલાહ લઈ પ્રોસેસના સંચાલક બુધવારકર માસ્તરને હું મળ્યો. તેમણે પ્રથમ તો ના કહી, પણ મારા મનનો વેગ જોઈ હા પાડી. હું એ વખતે એટલો હર્ષ પામ્યો કે તે વાત મને સ્વપ્ના જેવી લાગી. બીજા જ દિવસે ક્લાસ બદલવાની અરજી પ્રિન્સિપલ વ્હોરા સાહેબને આપી દીધી. તેનો જવાબ આવ્યે તે પહેલાં અનેક ઘડભાંગ થઈ હતી, અને જવાબ મોડો આવ્યો હોત તો કદાચ અરજી પાછી પણ ખેંચી લેત, પણ તેમાં યે ભાવિનો કોઈ સંકેત હતો.

અરજી મંજૂર થઈ આવી અને હું પેઇન્ટિંગ ક્લાસ છોડી પ્રોસેસ ક્લાસમાં ગયો. બુધવારકર માસ્તર અગાઉ પેઇન્ટિંગ ક્લાસના જ શિક્ષક હતા. વડોદરામાં તે સારા દશ્ય-ચિત્રકાર તરીકે જાણીતા હતા. રાજમહેલમાં આવતા પરદેશી ચિત્રકારો જોઈ તેમને પણ પરદેશની તાલીમ લેવાની ઇચ્છા થતાં રજા પર ઊતરી ઇંગ્લંડ ઍકેડેમીમાં શીખવા ગએલા. તે ત્યાંથી વરસે દહાડે આવ્યા ત્યારે સાથે ફોટો બ્લૉક બનાવવાની પ્રોસેસ પણ શીખી લાવેલા હતા. એ જમાનામાં આ એક અજબ મુદ્રણવિજ્ઞાન હતું. મુંબાઈમાં માત્ર લક્ષ્મી આર્ટ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ પુરુષોત્તમ વિ. માવજીની સહાયથી જર્મની જઈ શીખી આવેલા શી હાટ પ્રોસેસ અને ઑફસેટ કામ કરતા, એટલે તે માટે મારો પ્રખારો

સાવ નકામો નહોતો. તેમાં ભવિષ્યની આર્થિક ઉન્નતિ હું જોઈ શક્યો હતો. પણ શ્રી બુધવારકરના નસીબમાં તેવી ઉન્નતિ નહોતી. તેમની સૂચનાથી કળાભવને તે કામ શીખવાના વર્ગ માટે ઈંગ્લંડથી મોટા ખર્ચે સાધનસામગ્રી મંગાવીને તેમની દેખરેખ નીચે વર્ગ કાઢ્યો ત્યાં તેમની પોતાની તબિયત બગડી અને પક્ષાઘાતની બીમારી થઈ એક અંગ ઝલાયું. જીભ થોથવાતી હતી છતાં કલાભવનમાં હાજરી આપવા લાગ્યા અને રાજ્યે તેમને નિભાવ્યા. પેઇન્ટિંગ તો થતું જ નહિ અને તે કળામાં કોઈ નિષ્ણાત વિદ્યાર્થીઓ આગળ આવ્યા નહિ. પ્રોસેસના વર્ગમાં યે તેઓ આવીને ખુરશી પર બેસી રહેતા. બેચાર દક્ષિણી વિદ્યાર્થીઓ પાસે નજર સામે કામ કરાવતા. વિદ્યાર્થીઓ તેમના ટેબલ પાસે જઇ નેગેટિવ કે પ્લેટો બતાવતા અને તે પર તેઓ સૂચના આપતા. એમણે એક ચોપડીમાં બધી જાતની વિધિ અને ફૉર્મ્યુલા લખી રાખી હતી તે મુખ્ય વિદ્યાર્થીને સોંપી બીજાઓને તે ઉતારી લેવાનું કહેતા. વિદ્યાર્થીઓમાં કોઈ સારું ભણેલો કે સંસ્કાર-પ્રવૃત્ત જણાતો નહોતો. આ લાઈનમાં કાં તો સાધનસામગ્રીનો ખર્ચ કરી શકે તે જ ધંધો કરી શકે, કાં તેણે મુંબાઈમાં નોકરી શોધવી પડે તેવું હતું. આથી ઘણા પાછા પડતા. બ્લૉક બનાવનારી પેઢીઓ પણ બહુ ન હતી કે જલદી નોકરી મળી જાય. વળી બુધવારકર પાસેથી વાત કઢાવવી કે સૂચન મેળવવું મુશ્કેલ હતું; અને હું તો નવો, એટલે કોઈ પ્રકારે નિકટતા કેળવી શક્યો નહિ, બીજા વિદ્યાર્થીઓની સાથે ભળવા પ્રયત્ન કરતો, પણ એ કાળે બધા જ દક્ષિણી વિદ્યાર્થીઓ, જેમને ગુજરાતના સાહિત્યમાં કે જીવનમાં રસ નહોતો. કળા કરતાં ય ધંધાનો લોભ દરેકને વિશેષ હતો.

મેં ઘેર અને બહાર ચિત્રકામ તો ચાલુ જ રાખ્યું હતું. કાઠિયાવાડી ફેંટા સાથે ખિસ્સામાં સ્ટેથોસ્કોપ રખાવી દાક્તરનું એક પોર્ટ્રેટ કર્યું હતું એટલે તે પણ પ્રસન્ન થયા હતા કે મેં કૈંક યાદગીરી રાખી.

૨૮૬ એક નવો વળાંક પ્રોસેસ ક્લાસમાં

પહેલે દિવસે જ ક્લાસમાં કસોટી આવી. બીજા વિદ્યાર્થીઓની પેઠે મેં કેડ પર ગોઠણ સુધીનો કાળો ઍપ્રન બાંધી લીધો. તે દિવસે કૅમેરામાં ગોઠવાએલા ફૉકસ સિવાય કંઈ થયું નહિ. દિવસો આમ ફોગટ જ ચાલ્યા જશે તેનો ખયાલ આવતાં ખૂબ નિરાશ થયો. ક્રિયાજ્ઞાન પર કોઈ સૂચના, સાહિત્ય કે વાર્તાલાપ આપનાર મળે નહિ; વાંચવાનાં કોઈ પુસ્તકો નહિ. ટેબલ પર પ્રોસેસનો સામાન બનાવનાર ઈંગ્લંડની પ્રસિદ્ધ પેઢી પેનરોઝનાં સુંદર વાર્ષિકો હતાં તે જોયાં. તેમાં આપેલા નમૂના ક્યાં અને અહીંનાં કાળાં ધાબાં જેવા બ્લૉકો ક્યાં! નવા વિદ્યાર્થીને જસતની પ્લેટો કોલસા વડે ઘસવાનું સોંપાતું. તે ખૂબ ઘસીઘસીને લીસી ચળકતી થાય ત્યારે બુધવાર માસ્તરને બતાવવાની. બે ત્રણ દિવસની મહેનત પછી તે હા પાડે ત્યારે તે પર છાપ લેવા લઈ જવાની. અઠવાડિયામાં બે દિવસ મોટા કૅમેરા પર સૌ વારાફરતી ફોકસ જુએ અને રેખાંકનો ઉપરથી સીધી 'લાઈન બ્લૉક'ની તથા સ્ક્રીન(જાળી)વાળા કાચની મદદથી ફોટોગ્રાફીની નેગેટિવ થાય. તેમાં વળી ઘડિયાળ મૂકવાની, કે લાઇટ-મીટર મૂકવાની એવી અવનવી ક્રિયાઓ ચાલતી. મને થયું કે, આ તો ઊલમાંથી ચૂલમાં પડ્યો! વળી વિચાર આવ્યો કે આ પણ કોઈ કસોટી હશે. અનિષ્ટમાંથી કૈંક સારું પરિણામ આવવાનું જ.

૨૮૭ શ્રી શંકરરાવ દેહાડે અને સંસ્કાર-સમાગમો

અહીંના વિદ્યાર્થીમંડળમાંથી એક વિદ્યાર્થીને મારા પર બહુ ભાવ થયો. એક રંક દક્ષિણી કુટુંબના આ બ્રાહ્મણ વિદ્યાર્થીને કોઈ ઉપદ્રવને કારણે દવાની જરૂર પડી. એટલે હું એને ડૉક્ટર જટુભાઈ પાસે લઈ ગયો. જટુભાઈએ દવા અને ઉપચાર બતાવ્યાં તેથી તેને ફાયદો જણાયો અને ત્યારથી એ મારો નિકટનો વિશ્વાસુ મિત્ર બની ગયો. તેણે મને જણાવ્યું કે અહીં તેજસ્વી માણસોનું કામ નથી. કાળે બુધવારકરનો માનીતો છે એટલે સૌ ઉપર રૂઆબ છાંટે છે અને સાહેબની ચોપડી કોઈને જોવા દેતો નથી. પણ મેં બધું ખૂબીથી મેળવ્યું છે. મેં તેની પાસેથી બ્લૉક બનાવવાની ક્રિયાવિધિનો સળંગ ખયાલ પ્રાપ્ત કર્યો. મારા વડોદરાના નિવાસ દરમિયાનના એ છેલ્લા બે મહિના અને દેહાડેની મૈત્રી ભવિષ્યમાં કુમાર કાર્યાલયનો પ્રોસેસ વિભાગ રચવામાં નિર્ણયકારક બન્યાં. મારો એ સમય પણ એળે ગએલો ન ગણાય.

વડોદરામાં મને ભાવનગરમાં અમારા મંડળમાં પરિચિત થએલા હસમુખરામ મળ્યા. એ ઘણે ભાગે રણજિતરામના સંબંધી થતા હતા. બહુ સારા વિદ્યાર્થી. ફેલોશિપ મેળવેલી. પછી વડોદરામાં કંઈક નોકરી મળેલી. બુદ્ધિચતુર, પણ જીવનમાં ડરીડરીને ચાલનારા. તેમણે મને કવિશ્રી લલિત (જન્મશંકર મહાશંકર બુચ)નો પરિચય કરાવ્યો. તે વખતે તેમના ઊંચા વિચારો, જાહેર પ્રજા માટે સ્વાર્પણ, પ્રભુમાં શ્રદ્ધા ને બોલવામાં આવેશ જોઈ હું પ્રભાવિત થએલો. આમ મારા કેટલાક દિવસો ઉત્સાહપૂર્ણ કામોમાં જતા તો કોઈવાર નિર્વેદ અને નિરાશાની ઊંડી ખીણમાં પછડાતો. એ વખતની નોંધમાં આવું કંઈક લખેલું છે:

'પ્રોસેસ ક્લાસમાં મંદતા. ચોપડીઓ સાથે રાખું છું તે વાંચી વખત વિતાવું છું. સાંજના કે સવારના કુદરતના અભ્યાસ માટે નીકળતો નથી. કળાનો વિકાસ કુદરતના સંગીન અભ્યાસ પર જ અવલંબી રહ્યો છે એ વિસરાવું ન જોઈએ.

૨૮૮ મનોમંથનો

૩જી ઑક્ટોબર ૧૯૧૩: ચાલુ કામ માટે સ્કેચ કરી અભ્યાસ કરવો. તેને પૂરું કરવા પહેલું ધ્યાન આપવું. ઍનટમી (શરીરરચના)નાં ચિત્રો પૂરાં કરવાં. પ્રોસેસ ક્લાસમાં ડિઝાઈનો કરવાં. સાંજે કુદરતનાં ચિત્રો. રાત્રે લખવા-વાંચવાનું. બીજાઓ સાથે વાતોમાં વધુ વખત ન લેવો. જમીને અરધો કલાક કામ ન કરવું. લખેલું અમલમાં મૂકી શક્યો છું તેનો કંઈક સંતોષ થાય છે. બાહ્ય જગતનું સ્વરૂપ આંતર મનની સ્થિતિને આલંબીને રહ્યું છે. અંદર સમાધાન ને સમતોલન હોય ત્યારે જ બહાર આનંદ, સંતોષ અને સુખનો અનુભવ થાય છે.

૯ઠ્ઠી ઑક્ટોબર ૧૯૧૩: સ્કૂલ અને માસ્તરોની ઠંડાઈથી કંટાળી સાંજે સ્કેચ કરવા નીકળી ગયો. અહા, કુદરતની શી ખૂબી! સાચા અભ્યાસનું બળ આ અનુભવમાં જ રહેલું છે. સાંજના લાંબા પડછાયા, વૃક્ષો, દેવળો, પુલ પરનો સોનેરી રંગ, વાંકા વળતા રસ્તા પર એક બાજુથી પ્રકાશ પડે અને બીજી બાજુ લાંબી છાયાઓ જમીન પર થઈ ભીંત પર કે ઝાડ પર પડે, માણસોના લાલ ચહેરા, સૂર્યના પ્રકાશથી સોનેરી લાગતી વૃક્ષોની ટોચ વગેરે અનેક ચિત્રમય હતું. સંધ્યાની ખૂબી ગંભીર ને મોહિનીવાળી લાગી. બધું જોઈ મારું મન ખીલી ઊઠ્યું. કોઈ નવીન તત્ત્વ મનમાં ચમકતું લાગતું હતું.

૨૧ ઑક્ટોબર ૧૯૧૩: અહીં રહેવાની મુદત સમાપ્ત થઈ છે. અનેક અનુભવ મેળવ્યા. કળામાં સંપૂર્ણતા પામવાને પ્રત્યેક ભૂમિકા પૂરી સિદ્ધ કરવી જોઈએ. ઘણાં ખરાબ કામ કરવા કરતાં થોડાં સરસ કામ કરવાં. એ માટે એક જ વિષયમાં ધ્યાન, ધીરજ અને ખંત જોઈએ. કંટાળો ખાઈ હારી બેસનાર જ તેનાં દરેક કાર્ય અધૂરાં મૂકે છે. તે તેની અશક્તિની જ નિશાની છે.

૨૯ ઑક્ટોબર ૧૯૧૩: ભાવનગર પહોંચ્યો. વિયોગના પ્રસંગે ગત સમયો સાંભરે છે, ભૂલો વિચારવાની–સુધારવાની તક મળે છે અને પછી પુનઃ સંયોગ ઘણો જ આનંદદાયક ને સુખરૂપ બને છે.

દિવાળી ને બેસતાવર્ષના દિવસો ઘણા આનંદથી ઊજવ્યા.' (ચાલુ)

SUNDAY | SUNDAY

સન્-ડે...જ, સન્-ડે...જ, સન્-ડે

લેખક • **હરીશ નાગ્રેચા**

છેલ્લા પાંચેક દિવસના તાવ અને શરદીને કારણે નિરામયીનો ૪ વર્ષનો કલાપી ચીડિયો થઈ ગયો હતો. આજે પપ્પાએ—વિક્રમે ઊઠાડ્યો કે તરત એને વાંકું પડ્યું અને 'મમ્મી ક્યાં'ના ભેંકડાથી જ સવાર પાડી; એમાં દૂધ પીતાં, નિરામયી અને વિક્રમની વાત પરથી, એને ખબર પડી કે આજ તો મમ્મી ઑફિસ જવાની છે, તે થયું. દૂધ પડતું મૂકીને કલાપીએ રઢ પકડી, એકધારું રડવા માંડ્યું: 'મમ્મીઇઇ... ઍઍઍ...તું ઑફિસ નહિ જાયનેઍઍઍ...! નિરામયી આજ ઑફિસે ન જાય તો ચાલે એમ નહોતું: એક તો રજા મંજૂર થઈ ન હતી, ને આજ શનિવાર એટલે ઑફિસ પણ બે વાગ્યા સુધીની જ. હવે તો કલાપી પણ સારો થઈ ગયો હતો. પાછું વંદનાને પણ કહેવડાવ્યું હતું.

વિક્રમ સાડા આઠે ગયો. નિરામયીએ કામ આટોપવા માંડ્યું અને તરડાઈ જતા કર્કશ અવાજે રડતાં કલાપીએ પદર પકડી એને અનુસર્યા કર્યું. કલાપીને કચવાતો જોઈ નિરામયીનું મન ડામાડોળ થઈ ઊઠ્યું હતું. 'જવું કે નહિ'ની દુવિધા નિરામયીની કામની વધઘટ થતી ગતિમાં પ્રત્યક્ષ થતી હતી. અંતે નિરામયીએ નિર્ણય લીધો: જવું; કારણ કે કલાપી તો જે દિવસે પણ એ ઑફિસે જશે તે દિવસે કચવાટ કર્યા વગર રહેશે જ નહિ. એણે કામ પતાવી તૈયાર થવા માંડ્યું અને તૈયાર થતી મમ્મીને જોઈ કલાપીએ 'તું તૈયાર ના થાને મમ્મી...તું ના જાને મમ્મી...'ની કાકલૂદી કરવા માંડી.

નિરામયી તૈયાર થઈ વંદનાની રાહ જોઈ રહી. નિરામયી ઑફિસે જાય તો કલાપીને કોણ રાખે, એ મૂંઝવણનો તોડ વંદના હતી. વંદના સવારે કૉલેજથી છૂટી સીધી મોટી બહેનને ત્યાં આવી જતી ને નિરામયી આવતાં સુધી ત્યાં જ રહેતી. દિવસ દરમિયાન એનો અભ્યાસ પણ થતો અને કલાપી પણ સચવાતો. દશેક મિનિટમાં વંદના આવવી જ જોઇએ એમ વિચારતાં નિરામયીએ કલાપીને પટાવવા માંડ્યો. પણ આજ કલાપી જિદ્દે ચડ્યો હતો. કોઈ વાત એ કાને ધરતો નહોતો, કોઈ લાલચ એને આકર્ષતી નહોતી. 'મમ્મી ના જાને' એ ત્રણ શબ્દો સિવાય ન તો કંઈ એ બોલતો હતો, ન કંઈ એ બીજું સાંભળવા માગતો હતો. નિરામયીએ સોફા પર બેસતાં, કલાપીને પોતાના અંગમાં સંકોરી, પુચકારી, પીઠ પર હાથ ફેરવતાં ગોઠડી કરવા માંડી:

'તમને ખબર નથીઇઇ...? મારો કલાપી તો બહુઉઉ...ડાહ્યો છે. રડવાનું તો નાઆઆ...મ જ નહિ ને! મમ્મી જાય તો પણ એ જરાઆ...ય ના રડે. કેમ કલ્પુ?' નિરામયીએ લાડ લડાવતાં સભય વાત છેડી. કલાપી મૂગો જ ખોળામાં પડી રહ્યો. નિરામયીએ આશા સાથે વધુ હામ ભીડી: 'કલ્પુ, મમ્મી ઑફિસે જાય?'

'નાઆઆઆ...' કલાપીએ રડવાનું શરૂ કરતાં નન્નો લંબાવ્યો.

'જો બેટા, હું આવીશ ત્યારે તારા માટે 'કૅડબરી નટસ્' લઈ આવીશ, તને ભાવે છે ને? હા, પછી તને ફુગ્ગા પણ જોઈતા'તા કેમ? કેટલા લાવું? ને મારા ડાર્લિંગને બીજું શું જોઇએ છે, મને કહે તો!'

'મમ્મીઇઇ...!' મમ્મી પર આવીને અટકેલા ટૂંકા જવાબને નિરામયીએ સાંભળ્યો ન સાંભળ્યો કરી નાખ્યો.

'જો કલ્પુ, એમ જિદ્દ ના કરીએ. વંદનામાસી હમણાં આવશે. એની સાથે તું ખાશેપીશે ત્યાં તો મમ્મી આવી જશે, નહિ?'

'નહીંઇઇ...વન્નાઆ...નહીંઈ...તુંઉઉઉ ..જ...તું...!' કલાપીએ રડવાનું ચાલું રાખ્યું.

'પણ કલ્પુ, મમ્મી આજ નહિ જાય તો મમ્મીને મૅનેજર કાકા વઢશે!' નિરામયી અકળાઈ.

'તો તું શું કામ જાય છે...?' કલાપીએ ઘડીક રડવાનું બંધ કર્યું.

'જો બેટા, મમ્મી કામ પર ના જાય તો મમ્મીને પૈસા પણ ના મળે; પૈસા વિના આપણને ઘરમાં કેટલી તાણ પડે! પણ હા, મારા રાજાબેટાના પપ્પા સાહેબ થશે ને, એટલે પછી મમ્મી નહિ જાય... બસ! પણ ત્યાં સુધી તો મમ્મી ઑફિસ જાય કે નહિ...?'

'નહાઈઈઈ...' કલાપીએ જોરથી રડવા માંડ્યું. લાચાર નિરામયી ચૂપ થઈ ગઈ. એણે ફરી એક યત્ન કર્યો: 'જો કલ્પી, જેમ મોટાં છોકરાંને નિશાળે જવું જ પડે, તેમ મોટાં માણસોએ પણ ઑફિસે જવું જ પડે. પપ્પા પણ ગયા અને હવે મમ્મી પણ જાય!'

'હિનાના પપ્પા ઑફિસે જાય છે; એની મમ્મી ક્યાં જાય છે? તું પણ ના જાનેઍઍ...મમ્મીઈઈ ઍઍ...!' કલાપીએ પાડોશમાં રહેતી હિનાની વાત કરતાં પાછું 'ઍ'કાર સાથે રડવા માંડ્યું. કલાપી ભોળવાયો નહિ. નિરામયી હારી. એ અકળાઈ ઊભી થઈ ગઈ. મમ્મીને ઊભી થતી જોઈ કલાપીએ એકદમ બાઝી પડતાં એની સાડી પકડી લીધી. પકડને લીધે ચીપીને વાળેલી પાટલીઓ ખેંચાઈ આવી.

નિરામયી ચીડાઈ: 'આ શું?' એ આક્રોશી ઊઠી. સાડી પહેરતાં પાછી પાંચ મિનિટ જશે એ વિચારે એનાથી કલાપીને ધોલ મરાઈ ગઈ. એકાએક માર પડતાં કલાપી કળ ખાઈ અવાક બની મમ્મી સામે તાકી રહ્યો. પેટના જણ્યાની બે આંખો સોયાની જેમ માના જિગરમાં પરોવાઈ ગઈ. નિરામયીનો જીવ કકળી ઊઠ્યો. એણે પાટલીનો ડૂચો ખોંસતાં કલાપીને તેડી લીધો ને નિરામયીના લંબાએલા હાથમાં ઊંચકાઈ જઈ ડૂસકાં ભરતો કલાપી માને વળગી પડ્યો. નિરામયીએ ઘડિયાળ સામે જોયું. ૯-૦૬ની લૉકલ એ ચૂકી ગઈ હતી. એણે કલાપીની પીઠ થાબડતાં આંટાફેરા મારવા માંડ્યા—સતર્ક, કે કલાપી સૂઈ જાય તો...!

માને કંઠે વળગેલો કલાપી સૂતો નહિ. એનું મન સભય વિચારતું હતું કે સૂઈ જઈશ તો મમ્મી ચાલી જશે! ક્ષણો સુધી કલાપીને સ્થિર પડેલો જાણી નિરામયીને થયું કે પોતાની લોલિત હાલચાલથી એની આંખ મળી ગઈ હશે. એણે ત્રાંસી આંખે ખભા પર જોયું. માની અપૂર્વ હૂંફ માણતા તૃપ્ત કલાપીની નજર નિરામયીની નજરમાં, બંધ થતા દૂરબીનની ભૂંગળીઓ અન્યોન્યમાં સરકી જાય તેમ સમાઈ ગઈ અને દીકરાની આંખમાં મમ્મીની લુચ્ચાઈ પકડી પાડ્યાની નિર્દોષ ખુશાલી છલકી ઊઠી. કલાપીએ જાણી જોઇને મસ્તીમાં આંખ દાબી, મીંચી દીધી.

નિરામયીએ ફરી હિલોળતાં કલાપીને સમજાવવા માંડ્યો: 'કલ્પુ, મમ્મીએ તને કેટલાં લાડ કર્યાં? હવે મમ્મી જાય?' (અનુ. પૃ. ૬૦)

આજે બહુ ઓછા જોવા મળે છે એવા

એક શિક્ષક હતા

લેખિકા · સૌ. મહાશ્વેતા પંડ્યા

ઘણાંઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. આજથી આઠેક દસકા પૂર્વે એક કર્તવ્યપ્રેમી, સત્યવાદી, ઉદારદિલ સજ્જન થઈ ગયા. એમનું નામ ઝવેરીલાલ યાજ્ઞિક. વતની નડિયાદના, પણ કાઠિયાવાડના એક નાનકડા ગામમાં શિક્ષક તરીકે નોકરી કરે. પગાર માત્ર ત્રીસ રૂપિયાનો, પરંતુ એ દિવસોમાં સોંઘવારી એટલે બચત ન થતી પણ કુટુંબનો નિભાવ તો નિરાંતે થઈ શકતો. એમને ત્રણ દીકરા હતા. આ ત્રણને ખૂબ ભણાવવાની એકમાત્ર આકાંક્ષા એમને હૈયે હતી. તેથી એમનો ભણવાનો માર્ગ સરળ બનાવવા પાંચ રૂપિયાનો પગાર-ઘટાડો વેઠીને પણ ઝવેરીલાલે રાજકોટમાં નોકરી લીધી. એ દિવસોમાં પાંચ રૂપિયા તો મોટી મૂડી સમાન ગણાતા, તેથી પચ્ચીસ રૂપિયાના ટૂંકા પગારમાં એ ત્રણેને કેમ ભણાવાશે એની ચિંતા પણ ખરી જ. છતાં ગામડામાં છોકરાનું ભણતર ન સચવાય, એટલે રાજકોટમાં નોકરી લઈ લીધી. વિદ્યા પ્રત્યે જે પ્રેમ હતો તેવો ધન પ્રત્યે ન હતો.

ત્રણમાં સૌથી નાના પુત્ર પોપટલાલ પણ પિતાના જેવા જ, પિતા દેવદારના જે ખોખામાં પોતાની ચીજ-વસ્તુઓ રાખે એ જ ખોખાનું મેજ બનાવી જમીન પર બેસી લખેવાંચે. ખોખામાં પિતાની એક ડબી હતી. એમાં હોલ્ડરનાં અણિયાં રહે. નાનકડા પુત્રનું એમાં ધ્યાન ગયું. ત્યારે તો એ બીજી કે ત્રીજી ચોપડીમાં ભણે. નિશાળમાં જઈ મિત્રોને વાત કરી કે, 'મારે ઘેર તો ડબી ભરીને અણિયાં છે!' દરેકે 'મને એક આપીશ?' એમ માગણી કરી. અને 'હા આપીશ' કહી બીજ દિવસે તો નિશાળમાં એ ડબી લાવી એમાંનાં અણિયાં સૌને વહેંચી દીધાં! પછી પિતાને તેની જરૂર પડતાં ડબી ખોલી તો ખાલી! ઘરમાં દરેકને પૂછ્યું ત્યારે નાનકડા બાળકે તુરત કહી દીધું કે, 'એ તો મેં મારા વર્ગમાં બધાંને વહેંચી દીધાં છે!'

આ બાળકને પણ એકમાત્ર વિદ્યાનું વ્યસન. છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે જમણા હાથનું હાડકું તૂટી ગયું. લખાય કેમ કરીને? અને પરીક્ષા તો નજીક આવી રહી હતી ડાબે હાથે ટેવ પાડવા માંડી. પરીક્ષામાં ડાબે હાથે જ પેપર લખ્યાં અને પહેલો નંબર લાવી ઈનામ પણ મેળવ્યાં.

આ પોપટલાલભાઈ પણ મોટા થઈ શિક્ષક બન્યા. ગોધરા, ભરૂચ, ને નડિયાદ, એમ સરકારી નિશાળોમાં નોકરી કરી. હૈયું સ્વદેશપ્રેમે ભરેલું, છતાં નોકરીમાં કર્તવ્યનિષ્ઠા. સત્યાગ્રહના જમાનામાં સરકારી નિશાળો પર પિકેટિંગ ચાલે, છતાં લોકોનો રોષ વહોરીને પણ રોજ નિયમિત નોકરી ઉપર તો જવાનું જ. એ દિવસોમાં સ્ત્રી-કેળવણી ઝાઝી ફેલાઈ ન હતી. છોકરીઓ માટે જુદી નિશાળ ન હતી, ને સહ-શિક્ષણ આપતી માધ્યમિક નિશાળમાં માત્ર બેત્રણ છોકરીઓ ભણે. એ જમાનામાં એમણે પોતાની પુત્રીને માધ્યમિક નિશાળમાં દાખલ કરેલી. નડિયાદથી એમની બદલી સૂરત થએલી ને અઢી વર્ષ પછી ગોધરાની નિશાળમાં તેઓ હેડમાસ્તર બન્યા.

'સુખમાં કદી છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી' એ જ જાણે જીવનમંત્ર હોય તેમ હેડમાસ્તર થયા પછી યે એમના જીવનમાં જરા ય ફેર પડ્યો નહોતો. એનું એ જ સાદાઈભર્યું જીવન. એ જ નિખાલસતા ને એ જ પ્રેમાળ હૈયું. પોતાના વિદ્યાર્થીઓને સંતાન પેઠે જ જાળવે. હા, કોઈક વાર એમનો ક્રોધ પણ ભભૂકી ઊઠતો. ખાસ કરીને કોઈ જૂઠું બોલે, છેતરે, ચોરી કરે કે વાલીને બદલે ખોટી સહી કરે તો મુખ ગુસ્સાથી રાતુચોળ બની જાય, ને ત્યારે શિક્ષા પણ કરે.



પિતા · ઝવેરીલાલ લાં૦ યાજ્ઞિક



પુત્ર · પોપટલાલ ઝ૦ યાજ્ઞિક

શિક્ષામાં યે પોતાનાં સંતાનો કે અન્ય વિદ્યાર્થીઓમાં ભેદભાવ ન રહે.

પણ એ ક્રોધ તો કોઈ ગુનો કરે ત્યારે જ ભભૂકે. બાકી તો એમની પ્રસન્ન, શાંત, આનંદી મુખાકૃતિનાં જ દર્શન થાય. લગભગ દરેક વર્ગમાં મહિને એકાદ વાર તો જવાનું જ. મૅટ્રિકમાં સંસ્કૃત ને અંગ્રેજી જાતે જ ભણાવે. એમના વર્ગમાં એકદમ શાંતિ. એમની મધુર વાણીનું શ્રવણ કરવા સૌ તત્પર. સંસ્કૃત એમનો પ્રિય વિષય, છતાં એટલા જ રસથી ને એટલી જ સાહજિકતા ને સરળતાથી અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન કે ગુજરાતી શીખવે. ગમે તે વિષય શીખવતા હોય પણ એવા તન્મય બની જાય કે વિદ્યાર્થીઓને પણ ખબર ન પડે કે સમય ક્યાં પસાર થઈ ગયો. એમની નિશાળની નોકરી એટલે અગિયારથી પાંચની નહિ, સવારથી તે રાત સુધીની. ગમે તે સમયે ગમે તે વિદ્યાર્થી કંઈ શીખવા આવે તો એને ના તો પાડવાની જ નહિ. પોતાનું બધું કામ પડતું મૂકી ખૂબ આનંદથી સમજાવવા બેસી જાય. દરેક વિદ્યાર્થી પ્રત્યે પોતાનાં બાળકો જેવો જ સમભાવ. અને આ જ પ્રકારનું વલણ દરેક શિક્ષકથી માંડી પટાવાળા પ્રત્યે પણ. પટાવાળાને યે પોતાના ઘરમાંથી કોઈ તુંકારે ન બોલાવે એવો નિયમ. સૌનું એકસરખું માન જાળવવાનું.

જેટલો રસ શિક્ષણમાં તેટલો જ રસ રમતગમત, રંજન વગેરેમાં પણ. નિશાળની નાનીમોટી ક્રિકેટમૅચમાં પોતે હાજર રહી વિદ્યાર્થીઓને રમવા માટે પ્રોત્સાહન આપવાના. છોકરાઓ થાકી ન જાય તેની કાળજી રાખવાના. કોઈને વાગી જાય તો તરત જાતે તેની સંભાળ લેવાના અને વિદ્યાર્થીઓની જીતમાં આનંદ માણવાના. મોટી મૅચમાં જીત મળતાં વિદ્યાર્થીઓ રજાની માગણી કરે તો હસતે મોંએ મંજૂર કરવાના. શનિવારની સમૂહ-કવાયતમાં પણ જાતે હાજર રહે. દરેક દિશામાં વિદ્યાર્થીઓનો વિકાસ થાય એવી પ્રેરણા આપવાના. વિદ્યાર્થીઓ પણ એમનું માન જાળવતા. વર્ગમાં કોઈ અવળચંડા વિદ્યાર્થીએ અયોગ્ય તોફાન કર્યું હોય ને કોઈથી એ વિદ્યાર્થી શોધી ન શકાય તો પોતે જાતે જઈ વર્ગમાં પૂછે અને અચૂક તે વિદ્યાર્થી સાચું બોલી પોતાની ભૂલ કબૂલ કરી દે એવું એમનું વ્યક્તિત્વ હતું.

નિશાળની પાસે જ હોસ્ટેલનાં બે મકાનો હતાં. એમાં રહેતા પ્રત્યેક વિદ્યાર્થી અને એની પ્રવૃત્તિ પર પૂરું લક્ષ્ય હોય જ. તેમને માટે ઘરનાં બાળકો જેટલો સ્નેહ પણ ખરો. ગામમાં સિનેમા કે સરકસ આવે ને ઘરનાં બાળકો જોવા જવાનું કહે તો એક જ જવાબ: 'તમે ખુશીથી જોઈ આવો. હું હોસ્ટેલના વિદ્યાર્થીઓને મૂકીને ન આવું.'

જ્યારે હૉસ્ટેલના વિદ્યાર્થીઓને પાસ મળે એમ હોય ત્યારે બધાંની સાથે એ ખૂબ આનંદથી જોવા જાય. ઘર આગળના ભાગમાં લીંબુ થાય તે હૉસ્ટેલના રસોડામાં મોકલી આપે. વિદ્યાર્થીઓને કેવો ખોરાક મળે છે તેની પણ કાળજી રાખે. કોઈ વિદ્યાર્થીની તબિયત બગડે તો એની રૂમ પર જાતે જઈને એને દવા પાઈ, માથે હાથ ફેરવી પ્રેમથી સાંત્વના આપે; અને જ્યાં સુધી એ વિદ્યાર્થી અસ્વસ્થ રહે ત્યાં સુધી એમને પોતાને પણ અજંપો રહે.

હોળીમાં હૉસ્ટેલના વિદ્યાર્થીઓ પિચકારી ભરી ઘેર રંગ છાંટવા આવે તો હસતે મોંએ રંગનાં છાંટણાં ઝીલે, અને વિદ્યાર્થીઓને હસતાં-હસતાં ગોઠ આપે. રંગાએલા છોકરાઓ નદીએ નહાવા જવાની રજા માગે તો એમને એકલા ન મોકલતાં પોતે એમની સાથે જાય ને નજર રાખે કે કોઈ વિદ્યાર્થી ઊંડા પાણીમાં તો નથી જતો ને? પછી એમણે આપેલી ગોઠમાંથી નાસ્તા-પાણી થાય ને વિદ્યાર્થીઓને આનંદથી ખાતા જોઇને તેઓ રાજી થાય. પોતે તો ચુસ્ત નાગર બ્રાહ્મણ એટલે એમને બજારનું કંઈ ન ખપે. નિશાળમાં પણ ઘેરથી મંગાવેલું પાણી જ પીતા.

સવારે સૂર્યોદય પહેલાં ઊઠવાનો નિયમ. પ્રભુસ્મરણ કરતાં જ નયન ખોલવાનાં. પોતાનાં બાળકોને ખૂબ પ્રેમથી પોતે સરસ બાળકાવ્યો ગાઈ ઉઠાડવાનાં. પછી સ્નાનસંધ્યા કરવાનો એમનો નિયમ. કેટલાક વિદ્યાર્થીઓને પણ સવારમાં પ્રણામ કરવા આવવાનો નિયમ. દસ વાગ્યે જમીને ધોતિયું, સફેદ લૉંગકોટ, ખભે ઝીણો ખેસ ને માથાપર લાલ કસબી પાઘડી મૂકી નિશાળ શરૂ થાય તે પહેલાં પહોંચી જવાનું.

સાંજે ઘેર આવી, હાથપગ ધોઈ પોતાનાં બાળકોને અભ્યાસ કરાવવાનો. પછી ક્લબમાં જઈ ટેનિસ રમવાનું; અને રાત્રે જમીને નવ વાગ્યે હૉસ્ટેલની પ્રાર્થનામાં ભાગ લેવાનો, વિદ્યાર્થીઓની હાજરી પૂરવાની ને બધા સાથે થોડીઘણી વાતચીત કરવાની. કોઈ કોઈ વાર ચર્ચાસભા ગોઠવવાની ને દરેકને બોલવા માટે પ્રોત્સાહન આપવાનું. એ પછી ઘેર આવી સંતાનો સાથે સુભાષિતો બોલવાનાં અને છેલ્લે એમને વાર્તાઓ કહી સૂવા મોકલવાનાં. ત્યાર બાદ પોતે પુસ્તકો વાંચવાનાં ને પછી સૂવાનું. આ એમનો નિત્યક્રમ.

અભ્યાસમાં મગ્ન, શીખવવાના શૉખીન, સત્યના આગ્રહી અને નીડર ઉપરાંત વિનોદી પણ ખરા. વિદ્યાર્થીઓના મેળાવડામાં ક્યારેક જાતે ભાગ લઈ જુદાજુદા લોકો કેવી રીતે ખેસ નાખે છે, કેવીકેવી રીતે હસે છે તેનાં અનુકરણ કરીને, કે પછી કોઇને ન આવડે ને કોઈ ન સમજે એવી ભાષા બોલી બતાવીને પણ બધાંને હસાવે. નિશાળમાં મૅજિક લૅન્ટર્નની જુદીજુદી સ્લાઈડ એવી સમજ પાડીને બતાવે અને ભૂગોળ યા વિજ્ઞાન, ઇતિહાસ કે સંશોધન દરેક વિષયને એવો રસમય બનાવી મૂકે કે જીવનમાં પછીથી યે વિદ્યાર્થી એ ભૂલી ન શકે.

આવા શિક્ષક સિદ્ધાંતવાદી તો હોય જ. આ પોપટલાલભાઇને યે ટ્યૂશન નહિ રાખવાનો નિયમ. ગમે તેટલી રકમ મળે એમ હોય પણ વિદ્યા વેચાય જ કેમ? ન આવડે, ન સમજાય તે દરેક વિદ્યાર્થી પૂછી શકે. પૈસા આપે તેને જ ભણાવાય એ તો ખોટું. આપણાથી બીજું કંઈ દાન ન થાય તો વિદ્યાદાન કરવું; અને આ તો બ્રાહ્મણનો ધર્મ છે એવું એ માનતા. નોકરીનો જે પગાર મળે તેમાં પૂરતો સંતોષ. નિવૃત્ત થયા પછી યે પગાર અરધો થયો, પોતાનાં સંતાનોના અભ્યાસનો ખર્ચ થયો ને મોંઘવારી વધી, પણ એમનો સિદ્ધાંત તો અડગ જ રહ્યો હતો.

ગોધરામાં સાત વર્ષ રહ્યા એ દરમિયાન પોતાના સૌજન્યભર્યા સરળ વ્યવહારથી અનેકનાં હૃદય જીત્યાં હતાં, ઘણાને શ્રમ વેઠી વિદ્યાદાન દીધું હતું ને જેનાથી ફી ન ભરી શકાય તેને જાતે આર્થિક મદદ આપીને પણ અભ્યાસમાં આગળ ધપાવવાના બનતા પ્રયત્નો કર્યા હતા. ઈ. સ. ૧૯૩૫માં પંચાવનની વયે નિવૃત્ત થયા ત્યારે ઘણા માન સાથે બહોળા જનસમુદાયે આંસુભરી આંખે એમને વિદાય આપી હતી.

નિવૃત્તિ પછી ઓછી આવક, મોંઘવારીને કારણે ખર્ચ વધારે અને હજી યે કામ કરી શકે એવી તંદુરસ્ત તબિયત છતાં, તથા એમણે ફેલાવેલી સુવાસથી અનેક સ્થળે સારા વેતનથી જોડાવા માટેનાં આમંત્રણો છતાં વતનમાં જ માત્ર સેવાવૃત્તિથી કામ કરતા રહી નિવૃત્તિમય જીવન વિતાવવાનો નિર્ણય કરેલો. સમયને અભાવે અત્યાર સુધી નહિ વાંચી શકાએલાં સારાં પુસ્તકોનું અધ્યયન, વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાય ને લોકહિતની જાહેર સંસ્થાઓમાં નિઃસ્વાર્થભાવે કામ કરતા રહેવાની એમની મહેચ્છા હતી. તદનુસાર લગભગ સત્તરેક સંસ્થાઓમાં સંકળાઈ જઇને એમણે નિવૃત્ત જીવનને પ્રવૃત્તિમય બનાવી દીધું.

રહેણીકરણીમાં પણ ફેરફાર કરી નાખ્યો. આમ તો સાદાઈમાં જ જીવેલા; હવે વધુ સાદાઈ અપનાવી. પાઘડી ઊંચી મૂકી. ધોતિયું, પહેરણ ને કાળી ટોપી એ જ એમનો પોશાક. સવારે વહેલા તો ઊઠવાનું જ. જાતે જઈ તાજું દૂધ લઈ આવવાનું. નાહી સંધ્યા કરી, ઘરના દેવની પૂજા કરી, હાથમાં લોટો ને પૂજાની તાસક લઈ મહાદેવે પૂજા કરવા જવાનું. તે પછી બજારમાંથી શાક લાવવાનું. પછી ફરી નાહીને જમવાનું. અને પછી વાચન-લેખન, કે કોઈ સંસ્થાનો હિસાબ કે અહેવાલ તૈયાર કરવાનો હોય તેમાં સમય પસાર કરવાનો. દરમિયાન આસપાસનો કોઈ વિદ્યાર્થી શીખવા-પૂછવા આવે તો એને ઉત્સાહથી ભણાવવા બેસી જાય અને એ વખતે ઘરનું કંઈ કામ પણ ભૂલી જાય.

અનેક જણ પોતાની મુસીબતોના ઉકેલ મેળવવા પણ આવતા. આર્થિક હોય, માનસિક હોય કે શારીરિક હોય, પણ દરેકની મુશ્કેલીમાંથી માર્ગ સૂચવવા સદા તૈયાર.

લગભગ બ્યાશી વર્ષ પૂરાં થયાં ત્યારે તેમનાં પત્ની કૌશિકબહેનને ગંભીર માંદગી આવી. આશાનું કોઈ કિરણ દેખાતું ન હતું. એમને અમદાવાદ પોતાના પુત્રને ત્યાં લઈ ગયા, ત્યાં યે પોતે જાતે કાળજી રાખતા. માંદગીની ગંભીરતા જાણતા હતા. પત્નીની તબિયત સુધરવાની કોઈ આશા નહોતી, છતાં ઈશ્વરમાં શ્રદ્ધા રાખી મનને મજબૂત બનાવી સૌને ધીરજ આપ્યા કરતા. આ જ અરસામાં એક સવારે સમાચાર આવ્યા કે નડિયાદના એમના ઘરમાં ચોરોએ ઘૂસી જઈને બધું જ વીંખીચૂંથી નાખ્યું છે. હૈયું હચમચાવી દે તેવા એ ખબર હતા, છતાં ચિત્તને સ્વસ્થ રાખી તેઓ નડિયાદ ગયા. ઘરમાં જઇને પ્રથમ તો સ્નાન કરી દેવની પૂજા કરવામાં રોકાયા. ચિત્ત સ્વસ્થ હતું. થએલા નુકસાન અંગે કંઈ પણ ઉદ્વેગ રાખ્યા વિના આરતી ઉતારવા માટે દીવો પ્રકટાવવા માંડ્યો, પણ દીવો થાય જ નહિ. ચારચાર વાર પ્રયત્ન કરી જોયો. અમદાવાદમાં પત્નીની તબિયત ગંભીર હોવાથી હૃદયમાં થડકાટ થયો અને કંઈ અમંગળની કલ્પના થઈ આવતાં નેત્ર ભીંજાયાં. પણ આંસુ ટપકે એ પહેલાં તો ફરી ધૈર્ય ધારણ કરી લીધું. મુખ પર આછું સ્મિત ફરક્યું. 'આજે તો દેવની એવી મરજી લાગે છે કે અક્ષત-કુંકુમથી જ આરતી ઉતારાય!' કહી એવા જ સ્વસ્થ ચિત્તે પૂજા પૂરી કરી. પછી જ અંદરના ખંડમાં થએલું નુકસાન જોવા પ્રવેશ્યા.

અંદરથી ચોરો તાળાં તોડી, સાંકળો કાપી કે બારણાં ઉતારીને, લઈ જવાય એવું બધું જ ઉપાડી ગયા હતા. ખંડમાં બધું જ વેરણછેરણ પડ્યું હતું. એમની પ્રામાણિકતાથી પ્રેરાઈ અન્ય સંબંધીઓએ એમને ત્યાં અનામત રાખેલાં ઘરેણાં પણ ઊપડી ગયાં હતાં.

તદ્દન શુદ્ધ ભાવથી, પ્રામાણિકપણે અને અનેક મુશ્કેલીઓ વેઠીવેઠીને ભવિષ્યના ખયાલથી એકઠી કરેલી રકમ ને જણસો આમ ઊપડી

જાય ત્યારે યે ચિત્તની સ્વસ્થતા તો એ જ જાળવી શકે. શાંતિથી બધું સમેટી બીમાર પત્નીની શુશ્રૂષા માટે પાછા અમદાવાદ પહોંચી ગયા.

કોઈએ સૂચન કર્યું કે અમુક જાપ જપવાથી કદાચ મૃત્યુ ઉપર વિજય મેળવાય. જાપ કઠિન ખરા ને સવાલક્ષ જેટલા કરવાના. શાંતિથી એ સૂચન સાંભળી લઈ મનમાં નિશ્ચય કરી દીધો અને કોઈને કહ્યા વગર પોતે જાતે રોજ પ્રાતઃકાળે ઊઠી જાપ જપવા શરૂ કરી દીધા.

પત્નીના ગંભીર મંદવાડથી એમનો શાંત સ્વભાવ અધિક શાંત બન્યો. ધાર્મિક રિવાજોના ચુસ્ત પાલનમાં સંજોગોને અનુકૂળ થઈ જવાની વૃત્તિ આવી. ક્રોધનો પૂર્ણપણે ત્યાગ કરી દીધો. સાદાઈ તો પ્રથમથી જ હતી અને દ્વેષભાવ તો એમણે જાણ્યો નહોતો. આટલી ઉમરમાં કદી પોતાના ભાવ-અભાવનું કંઈ સૂચન પણ કર્યું નહોતું, એટલું જ નહિ પણ થાળીમાં જે કંઈ પીરસાય તે દેવનું સ્મરણ કરી જમી લેતા. થાળીમાં કદી કશું છાંડવાનું નહિ. ચાર દિવસ પહેલાંનું ટાઢું ભોજન હોય કે એમનાથી ચાવી ન શકાય એવું કડક હોય કે કશી વસ્તુ કાચી રહી હોય તો યે એમને મુખેથી ફરિયાદનો એક અક્ષર ન નીકળે. એ તો ખૂબ આનંદથી આરોગે ને રસોઈ કરનારનો આભાર માને. કોઈ પછી ખબર પડતાં કહે કે આવું હતું તો તમે શું કામ ખાધું, તો કહે, 'અન્ન દેવ છે, એનો તિરસ્કાર ન કરાય.' ઘરમાં છોકરાંને પણ એવી જ કેળવણી આપી હતી. ક્યારેક કોઈ ફરિયાદ કરે કે અમુક નથી ભાવતું તો તરત કહે, 'અનેક લોકોને તો પેટભર ખાવાનું યે નથી મળતું, આપણને ઈશ્વર આપે છે, તો આ પ્રમાણે અનાદર ન કરાય!'

એમની અડગ શ્રદ્ધાથી કે એમના ભોળા દિલને દેવ દુભવી ન શક્યા હોય તેથી, પણ પત્નીને સારું થતું ગયું ને એક વર્ષ સુધી પહોંચેલા મંદવાડનો સુખદ અંત આવ્યો.

પંચ્યાશી વર્ષે એમને પહેલી વાર બીમારી આવી ને પથારીવશ થવું પડ્યું. પણ તે માટે કદી ય અકળાવાનું નહિ. આ જ સમયે એમના સૌથી નાના પુત્રને અમેરિકા જવાની તક સાંપડી. પોતાની પાકટ ઉમર, મંદવાદ, પુત્રનો વિયોગ કશું ન ગણકારતાં એમણે તો કહ્યું: 'તારા ભવિષ્યની આડે અમારે શું કામ આવવું? તને મળેલી તક ઝડપી લે. આ ઉમરે જેટલું જોવા-જાણવાનું મળે તેનો લાભ મેળવી લે. ઈશ્વરે ધાર્યું હશે અને પ્રારબ્ધમાં નિર્મ્યું હશે તો ફરી મળાશે.' અને શાંત સ્વસ્થ ચિત્તે એમણે પુત્રને પરદેશ વિદાય કર્યો.

કોઈએ પૂછ્યું કે, 'આટલી ઉંમરે આમ છોકરા આઘા જાય છે તે ઠીક કહેવાય?' તો કહ્યું: 'છોકરા આઘા જાય એનો અર્થ એમ સમજવાનો કે માયા ઓછી થતી જાય છે; ને માયા ઓછી થયે ઈશ્વર પાસે ઝટ પહોંચાય.'

માંદગીમાંથી સારું થતું ગયું. પણ પોતે કહેતા: 'હવે તો આપણી સ્થિતિ પટાવાળા જેવી છે. સાહેબ ઘંટડી વગાડે, ને પટાવાળો બધું કામ પડતું મૂકી અંદર જાય, ને 'કામ નથી' કહે તો પાછો પોતાની જગ્યાએ જઇને બેસી જાય, તે પ્રમાણે ઈશ્વરના ઘરની ઘંટડી વાગતાં પહોંચી જવાનું. એમણે કહ્યું, હમણાં કામ નથી, એટલે પાછો મારી જગ્યાએ આવી ગયો છું. હવે જ્યારે એ ફરી બોલાવે ત્યારે પહોંચી જવાનું!'

પછી તો પથારી છોડી, હરતા-ફરતા થઈ ગયા. સવાર-સાંજ આસપાસ ફરવા જાય, મંદિરે દર્શન કરી આવે ને બપોરને સમયે સુન્દર અક્ષરોમાં સુઘડતાથી અનેક નોટબુકોમાં સુવાક્યો. સદ્‌વિચારો, સુભાષિતો વગેરે ઉતારે. આમ જ, એક સાંજે બહાર ફરી બધાંને મળી આવીને રાત્રે સૂઈ ગયા, ને ઊંઘમાં જ એમનો આત્મા નશ્વર દેહનો ત્યાગ કરી ગયો. મુખ પર શાંતિનું તેજ ઝળકતું રહી ગયું અને રહી એમણે ફેલાવેલી સુવાસ તથા પ્રેરક દૃષ્ટાંતરૂપ એમના જીવનની યાદ.

અનુસંધાન] **સન-ડે...જ, સન-ડે...જ, સન-ડે** [પૃ. ૫૭થી

'નાઆઆઆ...આ.' કલાપીએ અવસાત અટકી જતાં ચીડ કાઢી.

'જો..., મમ્મી આજે જશે; કાલે નહિ જાય ને પછી તો છે ને, છેએએએ...ક પરમ દિવસે જશે!' નિરામયીએ 'છેક' શબ્દ લંબાવી પરમ દિવસને વર્ષો જેટલો આઘો કાઢ્યો.

'મમ્મી...આજ...નહિ...' બાળહઠ ચાલુ જ હતી.

'કલ્પુ, આમ ગાંડા થવાય? જો આજે શનિવાર છે અને કાલે સન્-ડે! સન્-ડેને દિવસે મમ્મી ઑફિસે ના જાય...!'

'તો, મમ્મીઈઈ..., આજ સન્-ડે કર ને...!'

નિરામયીની ધીરજ ખૂટી ગઈ; તર્કશક્તિ હાંફી ગઈ. હતાશ નિરામયીની નજર ભીંત પર લટકતા ડટ્ટાવાળા કૅલેન્ડર પર પડી. બાળારાજાના ધ્યાનમાં ઊતરે એમ અભિનય સહ સમજાવવા એ કૅલેન્ડર તરફ ફરી. ડટ્ટા પર શુક્રવારની તારીખ હજી મોજૂદ હતી. નિરામયી કલાપીને બચી કરતાં કૅલેન્ડર પાસે લઈ ગઈ. કલાપી કુતૂહલભરી નજરે જોઈ રહ્યો.

'કલ્પુ,' તેણે કલાપીનું કૅલેન્ડર તરફ ધ્યાન દોર્યું: 'આ જો ગઈ કાલની કાળા રંગની તારીખ, શુક્રવાર. એ તો ગયો.' નિરામયીએ પતાકડી ફાડી નાખી: 'આ બીજી કાળી તારીખ, શનિવારની; તે આજ.' કહી પતાકડી ઊંચી કરી: 'ને આ લાલ રંગની તારીખ રવિવારની, સન્-ડેની! સન્-ડે આવે, લાલ તારીખ દેખાય એટલે મમ્મીને રજા! રજા એટલે મમ્મી ઑફિસ ના જાય; તારી જોડે કરે મઅઅ...જા!' નિરામયી બાળકની જેમ હાથનાં લટકાં કરતી ને ચહેરાના હાવભાવ બદલતી બોલતી હતી: 'પણ બેટા, સન્-ડે તો કાલે છે; આજ મમ્મી જાય?'

નિરામયીએ છેલ્લો પ્રશ્ન ભાગ્યે જ પૂરો કર્યો હશે, ત્યાં જ વંદના 'મોડું થઈ ગયું નહિ, બેન?'ના સ્વરમાં ક્ષમાયાચના ભરતી નિવેશમાં દેખાઈ. ઉતાવળે વંદનાને કલાપી સુપરત કરતાં નિરામયીએ સાડી વ્યવસ્થિત કરી, હૅન્ડબૅગ ઉપાડી, લેટ-માર્ક ન પડે એ ભયે ૯-૨૫ની લોકલ માટે લગભગ દોડવા જ માંડ્યું. કલ્પુ બોલ્યો, રડ્યો, કે પછી ભણકારા વાગ્યા, પણ નિરામયી સાંભળી રહી: 'મમ્મી, આજ જ સન્-ડે કરને...!'

ઑફિસમાં નિરામયીને ચેન ન પડ્યું. દરેક કાગળમાં કલ્પુ તરવરતો રહ્યો; દરેક અર્ધવિરામ ને અવતરણચિહ્નથી કલાપીનાં અશ્રુ ટપકતાં રહ્યાં. નિરામયીને બેધ્યાન ને ગુમસૂમ જોઈ મિસ દલાલે પૂછ્યું પણ ખરું, કે કેમ મિસિસ મહેતા તબિયત સારી નથી? હિજરાતી નિરામયી બેચારવાર 'ક્લોક રૂમ'માં જઈ એકલી આંસુ પણ પાડી આવી, અને આ દરમિયાન વચ્ચે વચ્ચે એની નજર ઘડિયાળ તરફ દોડતી રહી. અંતે ૫ વાગ્યા ને સમયની કરવતે વિદારાએલી નિરામયી લગભગ ઊડી જ...!

જાણે રાહ જ જોતી હોય તેમ નિરામયીને જોતાં જ વંદના ચીડાઈ તતડી ઊઠી: 'બેના, તું જાણે ને આ તારો બાબો જાણે! તારા કલ્પુએ તો નાકે દમ લાવી દીધો છે. તું ગઈ, પછી નથી એ પળ એક જંપ્યો કે નથી જંપવા દીધી. એક લપડાક મારી હોય તો ય પાપ ન લાગે! ને... લે જો, તારા ચિરંજીવીનાં કારસ્તાન!' વંદનાએ નિરામયીના હાથમાં કૅલેન્ડર આપ્યું. નિરામયીની આંખો કૅલેન્ડર પર ફરી વળી. કૅલેન્ડર, કૅલેન્ડર જ હતું. તારમાં પરોવાએલી પતાકડીઓ પૂઠાને વળગી રહી હતી. નિરામયીએ વિચારમાં યંત્રવત્ સઘળી પતાકડીઓ ફથલાવી જોઈ, પહેલેથી છેલ્લે સુધી બધી જ લાલ હતી, ફક્ત લાલ જ! નિરામયીનું હૈયું દ્રવી ઊઠ્યું. એનાં સજળ નયનો કલ્પુને શોધી રહ્યાં. એ રૂંવેરૂંવેથી કલ્પુને ઝંખી રહી. ડ્રૉઈંગરૂમના ઉંબર પર ખમીસના બટનને દાંત વચ્ચે ચગળતો મમ્મીનો લાલ, ઝીણી આંખ કરી મૂક ઝરમર મરકતો હતો કે, 'નહિ મમ્મી, હવે તો સન્-ડે... જ, સન્-ડે... જ, સન્-ડે!'

॥ભાંડારકર પ્રાચ્ય-વિદ્યા સંશોધન-મંદિર-પૂના॥

આદિત્યરંજન વિદ્યાલંકાર

ત્રિખંડપંડિત ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર ભારતમાં પ્રાચ્યવિદ્યા-સંશોધનના આદિ ગુરુ મનાય છે: એમની ૮૦ વર્ષની જયંતી (૬ઠ્ઠી જુલાઈ ૧૯૧૫) પ્રસંગે પૂનાની આનંદાશ્રમ નામે સાહિત્ય સંસ્થામાં મળેલી વિદ્વાનોની એક સભાએ તેને ચિર-સ્મરણીય બનાવવા માટે પૂનામાં એ ગુરુવર્યના નામથી પ્રાચ્યવિદ્યા-સંશોધનની સંસ્થા શરૂ કરવાનો નિશ્ચય કર્યો. બે વર્ષમાં તો એનું વિધિવત્ ઉદ્ઘાટન થયું ને ૧૯૧૮માં સંસ્થા કાર્ય કરતી પણ થઈ ગઈ.

શરૂઆતથી જ વિદ્યાવિલાસી, સંસ્કારસંપન્ન મનીષીઓ અને ઉદારચેતા સજ્જનો તરફથી આ સંસ્થાને સારો આવકાર મળ્યો. તાતા પરિવાર અને જૈન સમાજના સંપન્ન અને વિદ્યાપ્રેમી શ્રીમંતો તરફથી સંસ્થાને સારી આર્થિક મદદ પણ મળી.

સંસ્થા શરૂ થતાં જ ગુરુવર્ય ભાંડારકરે પ્રાચ્યવિદ્યા અને ઇતિહાસ પુરાતત્ત્વને લગતા પોતાના ત્રણેક હજાર ગ્રંથો અને શોધ-સંબંધી સામયિક પત્રો તેને ભેટ આપી દીધાં; ને એક વર્ષ પછી મુંબાઈ સરકારે પૂનાની ડેક્કન કૉલેજમાં સંઘરાએલી પોતાની સંસ્કૃત ને પ્રાકૃત ભાષાની કોઈ વીસેક હજાર હસ્તલિખિત પ્રતો આ નવીન સંસ્થાને ભેટ કરી. વળી એ સંગ્રહની સુરક્ષા માટે સરકારે ત્રણ હજાર રૂપિયાનું વાર્ષિક અનુદાન પણ આપ્યું. ને ઈ. ૧૮૬૮થી પ્રસિદ્ધ થતી 'સંસ્કૃત ગ્રંથમાલા' અને 'પ્રાકૃત ગ્રંથમાલા' તેમજ નવીન પુસ્તકોનાં પ્રકાશનનું કામ પણ તેને સોંપીને તે માટે વાર્ષિક બાર હજાર રૂપિયાનું વિશેષ અનુદાન આપ્યું.

ઈ. ૧૯૧૯માં આ સંસ્થાએ 'અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ'નું આયોજન કર્યું અને દર બે વર્ષે દેશનાં જુદાંજુદાં વિદ્યાધામો-વિશ્વવિદ્યાલયોમાં તેનાં અધિવેશનો ભરાવા લાગ્યાં. એ પરિષદનું સ્થાયી કાર્યાલય સંસ્થાનાં મકાનોમાં જ ચાલતું આવે છે.

એ જ વર્ષે મંદિરે એક બીજું મહાન કાર્ય પણ હાથ ધર્યું: ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસના મહાન આકરગ્રંથ સંસ્કૃત 'મહાભારત'ના આલોચનાત્મક સંસ્કરણનાં સંપાદન, સંશોધન ને પ્રકાશનની વિરાટ યોજના. આ યશસ્વી આયોજનથી આ સંશોધન-મંદિરને આંતર-રાષ્ટ્રીય કીર્તિ વરી. એ વિરાટ યોજનાને ફલીભૂત થતાં સાડા ચાર દાયકાથી વધુ સમય લાગ્યો અને સોળ લાખ રૂપિયાનો ખર્ચ થયો. લબ્ધપ્રતિષ્ઠ સંસ્કૃત મનીષીઓએ અભિનંદનીય તપસ્યા, નિષ્ઠા અને ત્યાગપૂર્વક આ પવિત્ર વાઙ્મય-યજ્ઞમાં પોતાનો સંપૂર્ણ સહકાર આપ્યો.

મહાભારતના આલોચનાત્મક સંસ્કરણ ઉપરાંત સંસ્થાએ મહાભારતના અંગ રૂપ-'રિવતપર્વ'(હરિવંશ પુરાણ)નું સંપાદન-સંશોધન-પ્રકાશન કાર્ય પણ શરૂ કર્યું છે, જે ઈ. ૧૯૭૨ સુધીમાં પૂરું થઈ જશે.

વળી ઈ. ૧૯૧૯થી જ સંશોધન-મંદિરની ત્રૈમાસિક શોધપત્રિકા 'ઍનાલ્સ'નું પ્રકાશન પણ શરૂ થઈ ગયું હતું. તેની સાથે તરુણ વિદ્વાનોને સંશોધન વિદ્યાની વૈજ્ઞાનિક પદ્ધતિની તાલીમ આપવા એક 'અનુસ્નાતક (પોસ્ટ-ગ્રૅજ્યુએટ) સંશોધન વિભાગ' પણ મંદિર ચલાવે છે.

આમ, સંશોધન-મંદિરના તત્ત્વાવધાનમાં આ ચાર વિભાગો ચાલે છે: ૧) હસ્તલિખિત-ગ્રંથ વિભાગ, ૨) ગ્રંથ-પ્રકાશન વિભાગ, ૩) સંશોધન વિભાગ, અને ૪) મહાભારત-સંપાદન વિભાગ.

હસ્તલિખિત-ગ્રંથ વિભાગ પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનાં પર્યાલોચન, સંશોધન, સંપાદન અને પ્રકાશનનું કામ કરે છે. ભારત દેશનો એ એક અત્યુત્તમ અને અદ્વિતીય ગ્રંથસંગ્રહ છે, જ્યાંથી પ્રામાણિક વિદ્વાનોને સંશોધન નિમિત્તે પુસ્તકો ધીરવામાં પણ આવે છે.

પ્રકાશન વિભાગમાં 'મુંબાઈ સંસ્કૃત ગ્રંથમાલા', 'પ્રાકૃત ગ્રંથમાલા', 'રાજકીય પ્રાચ્ય ગ્રંથમાલા', 'ભાંડારકર પ્રાચ્ય ગ્રંથમાલા' અને 'સ્નાતકોત્તર શોધ-માલા'ના ગ્રંથોનું સંપાદન અને પ્રકાશન થાય છે.

સંશોધનમંદિરનાં મહત્ત્વપૂર્ણ પ્રકાશનોમાં નીચેના ગ્રંથો વિશેષ રૂપે ઉલ્લેખનીય છે: ૧) મહામહોપાધ્યાય ડૉ. પાંડુરંગ વામન કાણેનો રચેલો (પાંચ મોટા ખંડોમાં) 'ધર્મશાસ્ત્રનો ઇતિહાસ' તૈયાર કર્યો છે. એ ડૉ. કાણેના ૫૦ વર્ષના સતત ગંભીર શાસ્ત્રાનુશીલનનું પરિણામ છે. આજના ડઝનભર વિદ્વાનો મળીને પૂરું કરી શકે એવું આ વિપુલ સારસ્વત કાર્ય જ્ઞાનતપસ્વી ડૉ. કાણેએ એકલે હાથે કર્યું છે, જે યશસ્વી રચનાને માટે તેમને 'ભારત રત્ન'ની પદવી અપાઈ છે. ૨) પ્રો. હરિ દામોદર વેલણકર* સંપાદિત 'જિનરત્નકોશ'નું સંપાદન અને ૩) પ્રો. રામચંદ્ર નારાયણ દાંડેકર સંપાદિત 'ભારતીય પ્રાચ્યવિદ્યાનુશીલનની પ્રગતિ' (પ્રોગ્રેસ ઑવ ઇંડિક સ્ટડીઝ).

સ્નાતકોત્તર સંશોધનખાતું પૂના યુનિવર્સિટી સાથે જોડાએલું છે, જ્યાં ડૉક્ટરેટની પદવી માટે અધ્યયન કરાવવામાં આવે છે. વખતોવખત ત્યાં વિદેશી મનીષીઓ પણ સંશોધન-કાર્ય માટે આવીને રહે છે.

મંદિરના ગ્રંથાલયમાં ભારતીય વિદ્યાઓનાં ચૂંટેલાં અને અપ્રાપ્ય એવાં પંદર હજાર પુસ્તકો અને સંશોધન વિષયક વિરલ સામયિક પત્ર-પત્રિકાઓનો સારો સંચય છે, જેમાં ભારત યુરોપ અને અમેરિકાથી પ્રસિદ્ધ થતાં પ્રાચ્ય વિદ્યાઓનાં મૂલ્યવાન સામયિક પત્રો નિયમિત આવે છે. પ્રબુદ્ધ વાચકો અને સંશોધનરસિક જનો માટે તે અત્યંત ઉપયોગી છે. લગભગ ચાલીસ વર્ષથી આ સંશોધનમંદિરના ગ્રંથપાલ તરીકે રહેલા ડૉ. પરશુરામ કૃષ્ણ ગોડેએ ઘણા ખંતપૂર્વક તેમાંથી ચાર મોટા ખંડોમાં 'ભારતનો સાહિત્યિક ઇતિહાસ' લખ્યો છે, જેને લીધે તેઓ 'ડૉક્ટરેટ'ની પદવી પામ્યા. એમણે પોતાનું સમગ્ર જીવન આ સંશોધનમંદિરની સેવાને સમર્પિત કરી દીધેલું. 'મહાભારત'ના ગ્રંથોના મુદ્રણ માટે ઈ. ૧૯૪૪થી મંદિરે પોતાનું છાપખાનું પણ શરૂ કર્યું છે.

તાતા-પરિવારના દાનથી બનેલું સંશોધનમંદિરનું મુખ્ય મકાન 'જે. એ. તાતા-સંશોધનભવન' નામથી પ્રસિદ્ધ છે. હસ્તલિખિત પુસ્તકોનું ભવન શ્રી ખેતસી ખીયસીના દાનથી બન્યું છે. ઈરાની અને સેમેટિક વિભાગ પણ તાતા પરિવારના દાનથી રચાયો છે. જ્યાં અવસ્તા, પહેલવી, ફારસી અને અરબી ભાષાના હસ્તલિખિત ગ્રંથોનો મૂલ્યવાન સંગ્રહ છે. વળી હૈદરાબાદની નિઝામ સરકારે અહીં રહીને કાર્ય કરતા અભ્યાગત વિદ્વાનો ને સંશોધકોના નિવાસ માટે અતિથિ-મંદિર બંધાવી આપ્યું છે. આ વિવિધ ભવનોના નિર્માણમાં બે લાખ કરતાં વધુ રૂપિયા ખર્ચાયા છે.

મહારાષ્ટ્રની સંસ્કારનગરીનું બિરુદ પામેલા પૂનામાં આવેલી આ જ્ઞાનસંસ્થા પોતાની પ્રશંસનીય પ્રવૃત્તિઓ અને સેવાઓથી વિશ્વ-વિદિત બની છે. પ્રમોદ અને પરિતોષની વાત તો એ છે કે આ સરસ્વતી મંદિરને સમર્પણભાવથી આસનબદ્ધ થઈને વિદ્યોપાસના કરનારા તપસ્વી મનીષીઓ પ્રારંભથી મળતા રહ્યા છે. ગુજરાતમાં એવા કેટલા?

* ગયા માસમાં જ એમનું દુ:ખદ અવસાન થયું.

કલાવાર્તા

ઝ્યાં ઑગસ્ત ઈંગ્રેસ


ફ્રાંસમાં યુજેં દેલાક્રવા જ્યારે ચિત્રકળામાં રંગદર્શીત્વ આણવાના હિંમતભર્યા પ્રયોગો કરતો હતો ત્યારે એના સમકાલીન ઇંગ્રેસનાં રૂઢિશિષ્ટ શૈલીનાં ચિત્રો રજૂ થતાં હતાં. બંનેની કલાશૈલીમાં ઘણો તફાવત હતો. ઇંગ્રેસની કૃતિઓમાં દેલાક્રવા જેટલું વૈવિધ્ય કે નાવીન્ય ભલે નથી, પણ એના ઘડાએલા હાથની સિદ્ધિ તો સ્પષ્ટ થાય છે જ. આકારને ઉઠાવ આપતી ગોળાઈવાળી એની રેખાઓમાં રફાએલનો પ્રભાવ પણ અસ્પષ્ટ નથી રહેતો.

ઈંગ્રેસ—ઝ્યાં ઑગસ્ત દોમિનિક ઇંગ્રેસની એકસોમી સંવત્સરી (મૃત્યુતિથિ) ગયા મહિને (જાન્યુઆરીમાં) જ ગઈ. ઈ. ૧૭૮૦ની ૨૯મી ઑગસ્ટે ઇટાલીના મૉન્ટોબાન ગામમાં એક મધ્યમ કક્ષાના શિલ્પી-ચિત્રકારને ત્યાં એનો જન્મ થએલો. પુત્રની કલાશક્તિ જોઈ પિતાએ એને ટોલોસની અકાદમીમાં કલાશિક્ષણ લેવા મોકલ્યો. ત્યાંથી પછી ઈ. ૧૭૯૭માં પારી(સ) જઈ ને એણે ડેવિસના સ્ટુડિયોમાં કલાશિક્ષણ લીધું.

'એકિલિસ પાસે યુદ્ધની માગણી કરતા ઍગૅમમ્નોનના રાજદૂતો' નામે એના એક ચિત્રને ઈ. ૧૮૦૧માં 'પ્રિક્સ દ રોમ'નું પારિતોષિક મળ્યું. એણે તસવીરકાર તરીકે પણ એવી નામના મેળવેલી કે સમ્રાટ નેપોલિયનની બે છબિઓનું કામ એને મળેલું. ૧૮૦૫માં એની કેટલીક તસવીરો નાપસંદ થવાથી એને બહુ મનદુઃખ થયું ને ૧૯૦૬માં શિષ્યવૃત્તિ મળતાં એ રોમ ચાલ્યો ગયો, જ્યાં ઇટાલીની કળાસંસ્કૃતિ—ખાસ તો રફાએલ, ગીઓટો વગેરેની કળા—નો એના પર ઊંડો પ્રભાવ પડ્યો. રોમમાં એણે તસવીરો ઉપરાંત વિવસ્ત્ર સ્ત્રીપાત્રો, દૃશ્યાલેખન, પૌરાણિક કથાપ્રસંગો વગેરે અન્ય વિષયો પર પણ હાથ અજમાવ્યો; જોકે પારી(સ)ના કલાજગતમાં એના એ કામની સારી છાપ ન પડતાં થોડી ટીકાઓ પણ થઈ, અને તેથી નારાજ થઇને આર્થિક અગવડો વેઠીને પણ એણે રોમમાં જ રહેવાનું નક્કી કર્યું. ત્યાં એને નેપોલિયનના નિવાસ માટે બે મોટાં ચિત્રસર્જનો કરવાનું કામ મળેલું, પરંતુ એની સત્તામાં ઓટ આવતાં તેને આજીવિકા માટે હવે માત્ર છબિચિત્રો પર જ આધાર રહ્યો, અને વચ્ચે તો, રોમ આવતા પ્રવાસીઓનાં સસ્તાં પેન્સિલચિત્રો દોરી આપીને ગુજારો કરવાનો સમય પણ આવી ગએલો.

આખરે ૧૮૨૦માં એ ફ્લૉરેન્સ ગયો. ત્યાં પોતાના ગામના દેવળ માટે એને એક મોટા

ઇંગ્રેસની આ એક પૂર્ણ સુંદર કૃતિ છે. ત્વચાની સંગેમરમરી કુમાશ બતાવતા ભર્યાભર્યા સ્ત્રીદેહનું આ વિવસ્ત્ર પાત્રાલેખન એની એક ઉત્તમ કૃતિ ગણાય છે. ડાબી બાજુ : ઈંગ્રેસ, ૨૪ વર્ષની વયે.





ચિત્રનું કામ મળ્યું. 'લૂઈ તેરમાની પ્રતિજ્ઞા' નામે એ ચિત્રને એણે ૧૮૨૪માં પ્રદર્શિત કર્યું ત્યારે એ એટલું તો વખણાયું કે ઇંગ્રેસ ફરી આગલી હરોળના ચિત્રકારોમાં મુકાઈ ગયો; એટલું જ નહિ, ૧૮૨૫માં એને 'લીજીઅન ઑાવ ઑાનર'નું બહુમાન તથા 'સૈલોં'નું સભ્યપદ અપાયું ને ૧૮૨૯માં કલાશિક્ષણના ઉસ્તાદનું પદ પણ મળ્યું.

ઈંગ્રેસની તસવીરાલેખનની સિદ્ધિ એનાં ચિત્રસર્જનોની એક મર્યાદા પણ બની હતી; અને તેથી જ, જેના પર એણે લાગટ દસ વર્ષ સુધી મહેનત કરી હતી એ 'સંત સિમ્ફોરિચાંની શહીદી'ના એના ચિત્રને ઠંડો આવકાર મળવાથી પારી(સ)માંથી એનું મન ફરી ઊઠી ગયું અને તે રોમની ફ્રેંચ અકાદમીના આચાર્યપદે ચાલ્યો ગયો.

૧૮૪૧માં ફરી પારી(સ) આવીને ૧૮૫૫ સુધીમાં ચાળીસેક નવાં ચિત્રો સર્જ્યાં. એમાં યે એની મર્યાદા વ્યક્ત થતી જ હતી, છતાં શિષ્ટ કલાશૈલીના જગતમાં એનું માન હતું. ઈ. ૧૮૬૨માં એને સેનેટર પણ બનાવવામાં આવ્યો. પાછલાં વર્ષોમાં તો એ પોતાની કૃતિઓની વધુ નકલો અને એની પુનર્રચનાઓ કરતો રહેલો. ઈ. ૧૮૬૩માં, પોતે અગાઉ આલેખેલાં લગભગ બધાં જ વિવસ્ત્ર સ્ત્રીપાત્રો થોડા ફેરફાર સાથે એકઠાં કરીને એણે 'તુર્ક હમામ'નું ચિત્ર બનાવેલું.

ઈ. ૧૮૬૭ની ૧૪મી જાન્યુઆરીએ એનું અવસાન થયું, ત્યારે પોતાની પાસે બચેલી બધી જ કલાકૃતિઓ પોતાના વતન મૉન્ટોબાનને તે અર્પણ કરતો ગયો.

ઇંગ્રેસની પીંછીમાં પૂરતી તાકાત હતી, પણ રૂઢિબદ્ધ શિષ્ટતામાં જ બંધાઈ રહેવાથી કોઈ આગવી લક્ષણા એ સર્જી ન શક્યો. કલાના શિક્ષક તરીકે એણે ઘણા ચિત્રકારો તૈયાર કર્યા, પણ એમાંથી એક દેગાસ જ પ્રતિભા પ્રકટાવી શક્યો. છતાં નારીલાલિત્યના એક સમર્થ નિરૂપક તરીકે એની પીંછી આદરપાત્ર રહી છે. આ અંકના પાછલા પૂઠામાં આપેલા એવા ચિત્રની ગણના જગતનાં કલારત્નોમાં થાય છે.



આલેખનને ઇંગ્રેસ કળાની પહેલી પ્રામાણિકતા ગણાવીને એ કહેતો 'એમાં રંગ સિવાયનું બધું જ પૂર્ણતઃ પ્રકટવું જોઈએ'. એના આ કથનની પ્રતીતિ ઉપલી કૃતિ પરથી સ્પષ્ટ થાય છે.

એક સુંદર કૅલેન્ડર

કાપડ પર વણાટ દ્વારા સુંદર ભારતીય ચિત્રો આપીને અમદાવાદની કૅલિકો મિલે નવા વર્ષનાં કૅલેન્ડરોમાં એક અભિનવ રજૂઆત કરી હતી. બીજી કોઈ મિલે પોતાનાં કૅલેન્ડર બનાવવામાં આવા કલાત્મક પ્રયોગો કર્યાનું જાણમાં નથી, પરંતુ અમદાવાદ સારંગપુર મિલે આ દિશામાં પ્રશંસનીય પગલું ભર્યું છે. દક્ષિણ ભારતની 'કલમકારી' શૈલીમાં સ્ક્રીન પ્રિન્ટિંગ વડે છાપીને એમણે જે સુંદર આવકારદાયક કૅલેન્ડર બનાવ્યું છે, એના પરનું એક ચિત્ર નીચે આપ્યું છે.



નિબંધ-સ્પર્ધાનું પરિણામ

(પુ. હ. મહાજન લાયબ્રેરી, કપડવણજ)

(૧) જશવંતભાઈ મહેતા, મુંબાઈ. રૂા. ૫૧; (૨) બકુલાબેન અંતાણી, દાહોદ રૂા. ૩૦+૨૫ (બેનોમાં પ્રથમ); (૩) મધુકર શેઠ, અમદાવાદ રૂા. ૨૦; કપડવણજ તાલુકામાં પ્રથમ: પ્રદીપકુમાર શ્રોત્રિય રૂા. ૨૫; ઉષાબેન ગાંધી રૂા. ૧૧ (બેનોમાં પ્રથમ).

સાહિત્યસંપર્ક

ન સંસિદ્ધ કવન ગીતો વા...

અવલોકન: ચિનુભાઈ મોદી

અર્ઘ્ય ('સ્નેહરશ્મિ'): શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ જેમને 'સાચે જનતાનો કવિ' કહ્યા છે, એ શ્રી ઝીણાભાઈ દેસાઈ—'સ્નેહરશ્મિ'—ના પ્રથમ કાવ્યસંગ્રહ 'અર્ઘ્ય'નું આ પુનર્મુદ્રણ છે. શ્રીધરાણી, ઉમાશંકર અને સુંદરમ્‌ના સંદર્ભમાં 'સ્નેહરશ્મિ'નું સર્જક તરીકેનું બળ ઓછું ને મર્યાદિત હોવા છતાં 'અર્ઘ્ય'માંની કેટલીક ગેય રચનાઓ એમની કવિપ્રતિભાની દ્યોતક બને જ છે. રવીન્દ્રનાથ અને નાનાલાલની પ્રત્યક્ષ અસર 'આશા', 'ફૂલછાબ' જેવા ચ્હેરામ્હોરાવાળી ઘણી રચનાઓમાં પ્રતીત થાય છે. 'ડુંગર ચડું ને–'જેવી બહુ ઓછી રચનાઓ કવિતા લગી પહોંચે છે. 'ઊઘણશી', 'સુરેખા' જેવી લાંબી રચનાઓમાં કથાવસ્તુ વિશેષ ધ્યાનપ્રદ બને છે; અને 'બાળમજૂર'ના કથાવસ્તુમાં વેદના પણ છે, છતાં અભિવ્યક્તિ કરુણરસને સિદ્ધ થવા દેતી નથી. 'પનઘટ'નાં લાંબાં કાવ્યો વિષે શ્રી વિષ્ણુપ્રસાદે નોંધેલું વિધાન આ 'અર્ઘ્ય'-માંની લાંબી રચનાઓને પણ લાગુ પડે છે: 'એમનાં મનનપ્રધાન લાંબાં કાવ્યો વિચારની દૃષ્ટિએ દ્રવ્યવાળાં છે, પણ કાવ્ય તરીકે બહુ આસ્વાદ્ય નથી.' 'અંધકારને', 'એકોઽહમ્ બહુસ્યામ્', 'તાંડવ', 'ત્યાગખત', 'પ્રભાતને આરે' આ વિધાનના સંદર્ભમાં તપાસી શકાય. આ બધું છતાં, ત્રીસીના કવિઓમાં શ્રી 'સ્નેહરશ્મિ'નું સ્થાન છે. પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ-૧ પૃ. ૨૦૪, પાકું પૂઠું, રૂ. ૪.

ગીતનગર (અવિનાશ વ્યાસ): રાસ ગરબા અને ચલચિત્રના માધ્યમથી ગુજરાતના બહુજનસમાજ સુધી પોતાની કૃતિઓને પહોંચાડનાર શ્રી અવિનાશ વ્યાસનો આ ચોથો રચનાસંગ્રહ છે. આમાં 'એક સો પચીસ ગીતો (ગાઈ શકાય એ ગીત, એ વ્યાખ્યા જ ગીતની અભિપ્રેત હશે ને?) અને અગિયાર નૃત્ય–ગીત-નાટિકાઓ (!)' હોવાનો શ્રી વ્યાસનો દાવો છે. ચલચિત્રનાં ગીતોમાં મહદ્ અંશે પ્રગટ થતું બજારુપણું, ચલણી સિક્કા જેવી તરજોને આધારે થતી શબ્દગૂંથણી, ભાવ ફિક્કાશ, સસ્તી પદાવલિ, આ બધું અહીં મોજૂદ છે; આમ છતાં શ્રી વ્યાસ પાસે લોકસંગીતનો કાન છે. 'કન્યાવિદાય' એની શાખ પૂરશે. 'ફૂલનું ફલેકું' જેવી રઢીખડી રચનામાં 'વર રે ડોલરિયો ને કન્યા લજામણી, મેઘે બાંધ્યો માંડવો ને વાયુ દે વધામણી' જેવી પંક્તિઓ એમનામાં રહેલી શક્તિનો અણસાર આપે જ છે. નૃત્ય-ગીત-નાટિકાઓનો બહુ ઓછો ખેડાએલો પ્રકાર ગુજરાતમાં સમર્થ કવિ દ્વારા ખેડાવો હજી બાકી છે. પ્રસ્તાવનામાંનું ગદ્ય પ્રસન્નકર છે. પ્ર૦ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; પૃ. ૨૮૭, પાકું પૂઠું, રૂ. ૩.

ઝરૂખો (સૈફ પાલનપુરી): શ્રી સૈફ દ્વારા નઝમનું સ્વરૂપ સવિશેષ રીતે સિદ્ધ થયું છે. વિચારસાતત્યની અપેક્ષા રાખતા એ પ્રકારને ગુજરાતી ભાષામાં પ્રચલિત કરવાનો યશ પણ શ્રી સૈફને જાય છે. એમાં ગઝલ જેવો મુલાયમ ભાવપ્રવાહ છે, મુક્તક જેવી ચોટ છે અને નઝમમાં અનિવાર્ય ગણાએલું વિચારનું બળ છે. જોકે વિચારમાંનો મૌલિકતાનો અભાવ, વિધાનોમાં રાચતી વ્યંજનારહિત વાણી અને ક્ષણે ક્ષણે અનુભવાતો ધ્વનિહ્રાસ આ કવિની નઝમોને ઉચ્ચ કવિતા સુધી પહોંચવા દેતાં નથી. એમની ગઝલોમાં વાતચીતની વાણી છે, પ્રેમનો મર્માળો મરોડ છે, પણ નઝમમાં ખીલી ઊઠતી એમની પ્રતિભાનાં એ સ્વરૂપમાં દર્શન થતાં નથી. આમ છતાં થોડાક ગણ્યાગાંઠ્યા સારા ગઝલકારોમાં શ્રી સૈફનું પણ નામ આસાનીથી મૂકી શકાય. એમની પાસેથી નઝમ—પૂર્ણ નઝમ મેળવવાનો આપણને હક છે.

સ્વરલહરી (રમણલાલ વ્યાસ): ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૫૫ના ગાળા દરમ્યાન મોટેભાગે લખાએલી આ સંગ્રહમાંની રચનાઓ પર, શ્રી મનસુખલાલ ઝવેરી કહે છે તેમ, એકંદરે ગાંધીયુગની છાયા છે. સુંદરમ્, ઉમાશંકર અને શ્રીધરાણી જેવા એ યુગના પ્રતિનિધિ કવિઓની દૃઢ મુદ્રા આ રચનાઓ પર જણાય છે. શ્રી વ્યાસ પાસે શુદ્ધ લયવૃત્ત આયોજના છે, કાવ્યોચિત પદાવલી છે; વિશેષે કવિતાની સાચી

શબ્દકથા · વિધુ, વિધુર, વિધવા

ઘણા યે પરિચિત શબ્દોનું મૂળ જાણવામાં નથી હોતું કે તરત દેખાઈ આવે તેવું નથી હોતું. તેમને માટે લોકો કેટલીક વાર વ્યુત્પત્તિ જોડી કાઢતા હોય છે. તેમ કરવાથી શબ્દ અને અર્થ વચ્ચેનો સંબંધ આકસ્મિક નહિ પણ નૈસર્ગિક હોવાનું માનવાની આપણી વૃત્તિ સંતોષાય છે.

'વિધુર'-એટલે જે 'ધુરા'થી મુક્ત થયો છે તે. (જાણે કે પત્ની એટલે ધુરા–ધૂંસરી!)

'વિધવા' એટલે જે 'ધવ'થી—પતિથી વિયુક્ત થઈ છે તે (પણ 'ધવ' શબ્દ પતિના અર્થમાં જૂના સમયમાં મળતો જ નથી; ને છતાં 'સધવા' જેવો નવો શબ્દ પણ માની લીધેલી વ્યુત્પત્તિને આધારે ઘડી કાઢ્યો!).

ઉપરની બંને વ્યુત્પત્તિઓ પંડિતોમાં જાણીતી છે. પણ હકીકતે 'વિધ્' ધાતુમાંથી એ બંને શબ્દો થયા છે. 'વિધ્' ધાતુ ઋગ્વેદમાં વપરાયો છે. તેનો અર્થ છે 'એકલા થઈ જવું', 'ખોટ પડવી', 'કોઈનાથી રહિત થઈ જવું'. 'વિધ્' ધાતુને 'ઉર' પ્રત્યય લાગીને 'વિધુર' થયો; અને 'ઉ+અ' પ્રત્યયો લાગીને થયો 'વિધવ', અને તેનું સ્ત્રીલિંગ 'વિધવા' એનો અર્થ છે: 'જેનું કોઈક છિનવાઈ જતાં જે એકલું થઈ ગયું છે તે.'

સંસ્કૃતમાં 'ચંદ્ર'વાચક એક 'વિધુ' શબ્દ પણ છે. તેના મૂળમાં પણ ઉપરનો જ ધાતુ છે. 'વિધુ'નો ધાત્વર્થ છે 'એકલો', 'એકાકી'. આમ 'વિધુ' શબ્દ 'વિધુર' ને 'વિધવા' સાથે સંકળાઈ જાય છે, ને ચંદ્રને તે એકલવાયો, જાણે કે પ્રિયજનવિરહિત હોય એવી અર્થછાયા પ્રાપ્ત થાય છે.

આવી કોઈ અર્થછાયાની ગંધ વિના, સ્વતંત્રપણે જ કોઈ કવિએ ચંદ્રની, સ્મશાનમાં વિચરતા એકાકી યોગી તરીકે એક સુંદર છબી આપણને આપી છે:

જટાભાભિર્ભાભિઃ કરધૃતકલંકાક્ષવલયો
વિયોગિવ્યાપત્તેરિવ કલિતવૈરાગ્ય વિશદઃ ।
પરિપ્રેંખત્તારાપરિકર કપાલાંકિતનલે
શશી ભસ્માપાંડુ પિતૃવન ઈવ વ્યોમ્નિ ચરતિ ॥

'ભસ્મ જેવો ફીકો વાન ધરતો ચંદ્ર, ચમકતા તારાગણની વચ્ચે વ્યોમમાં વિચરી રહ્યો છે—જેમ ભસ્મલેપથી પાંડુવર્ણ બનેલો કોઈ યોગી રડવડતી ખોપરીઓના ઢગ વચ્ચે સ્મશાનમાં વિચરતો હોય તેમ. તેણે ચાંદનીની જટા ધરેલી છે, કરમાં કલંકરૂપી રુદ્રાક્ષમાળા રાખી છે અને વિરહીજનોને પીડવાથી આવેલા વૈરાગ્યથી—રોગમુક્ત બનવાને કારણે તે વિશુદ્ધ બન્યો છે.'

હરિવલ્લભ ભાયાણી

સૂઝ જો એમની પાસે હોત તો પરિપક્વ બનતાં બનતાં રહી ગએલી અસંખ્ય રચનાઓ ઊગરી ગઈ હોત, શ્રી વ્યાસે ગીતના લય પર પ્રભુત્વ મેળવ્યું છે. અક્ષરમેળ છંદમાં પૃથ્વી, શિખરિણી તો એમને સહજપ્રસિદ્ધ છે, પણ 'પ્રથમ મિલન' જેવાં સૉનેટ કે 'સવારી' જેવાં મુક્તક સરખી સંઘેડાઉતાર રચનાઓ કવિ બહુ ઓછી ઉતારી શક્યા છે. વીર ને હાસ્યરસ એ આ કવિની મર્યાદા છે. કાવ્ય-સૂત્ર ઘડાય તો શ્રી રમણભાઈ આશાસ્પદ કવિ થાય.

કાવ્યસમુચ્ચય (વિસનજી મારુ): કચ્છમાં વિશેષે સંગીતકાર તરીકે ખ્યાત એવા શ્રી મારુની રચનાઓના આ સમુચ્ચયમાં રચયિતાએ દેશ-પ્રાંત-પ્રેમ, વ્યક્તિગત પ્રેમ, વ્યક્તિચિત્ર તથા વર્ણનપ્રધાન રચનાઓ, ક્યારેક શાસ્ત્રીય રાગોમાં તો ક્યારેક અક્ષરમેળ-માત્રામેળ વૃત્તોમાં, રજૂ કરી છે.

'બાહ્ય ભીતર ખટકે, મોતમાં મસ્તી નથી' ('કવિની લાચારી') જેવી પંક્તિ કાવ્યાનંદ આપે છે; નર્મદનું વ્યક્તિચિત્ર 'નેત્રો ઊનાં અશ્રુ છાંડે, લેખની ખોળે તુજ શિર' જેવી પંક્તિમાં સબળ રીતે રજૂ પણ થાય છે; પરંતુ, એકંદરે રચનાઓની આકૃતિ બંધાતી નથી અને ઘણુંખરું સંસ્કૃત વૃત્તોના ભૂલભરેલા ઉપયોગ પણ કવિની કચાશના સૂચક છે. પ્રકાશક પોતે જ, એસ. બી. એક્સ-૫૬, આદિપુર (કચ્છ) કિં. ૨૫ પૈસા.

સુકુલ (શાન્તમ્): કુલ ૮૦ પાનાંના આ પદ્યસંગ્રહમાં ચોથા ભાગથી વિશેષ પાનાં ગદ્ય પાછળ વપરાયાં છે. શ્રી જયંત પાઠકે લખેલા પુરોવચનમાંનાં કેટલાંક વચનો સાથે સહમત થવાય એવું છે: 'કવિનો કંઠ હજી પૂરો ઊઘડ્યો નથી. એના ઉદ્ગારોમાં મુગ્ધતા છે.' 'ગીતમાં કવિ હજી ખુલ્લે ગળે ગાતા નથી.' 'ક્યારેક છંદનાં માપ પ્રમાણે વાંચતાં કોઈ શબ્દનો અસ્વાભાવિક ઉચ્ચાર કરવો પડે છે.' વસ્તુતઃ તો એમાંથી એક પણ હૃદ્ય રચના મળતી નથી. ગીતમાં 'શૉક્ચ', 'રૉકેટ' જેવા શબ્દોના પ્રયોગ અસહ્ય લાગે છે. જોકે કેટલીક પંક્તિઓ ગમે એવી પણ છે: 'નીડ શાં ઝૂંપડાં જેને.' અથવા 'સર્પ શાં ગૂંચળાં થૈને પડેલાં કૂતરાં' કે 'પાયામાં રમતિયાળ જડી કશી વાયરા કેરી દોડ.' શ્રી શાન્તમ્ કવિતા સાથે અવિનાભાવ સંબંધે જોડાય તો કેવું સારું! (રૂ ૨)

નીતિદર્શન—બીજું (ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત): પોતાની રુચિ અનુસારનાં ઉત્તમ સંસ્કૃત સુભાષિતો પસંદ કરી તેના સમશ્લોકી અનુવાદ આપવાનો, અગાઉના પહેલા ભાગ જેવો જ આ બીજો પ્રશસ્ય પ્રયાસ છે.

'સજ્જનો રમતાં બોલે
શિલાલેખ સમાન તે,
દુર્જનો શપથે બોલે
લખ્યા અક્ષર તે જ એ.'

જેવી પંક્તિઓના અનુવાદની ભાષા કહેવતની નજીક પહોંચી જાય એવી છે. અનુવાદ સરળ, લોકગમ્ય ભાષામાં થયો છે અને અંતે બહુજનસમાજમાં સાહિત્યરસવૃત્તિ જાગૃત થાય એ માટે વિવરણની આયોજના કરી છે તે પણ પ્રશસ્ય છે. મુદ્રણદોષનું નિવારણ થયું હોત તો સારું હતું. પ્રકાશક પોતે જ, વ્યાસ ફળિયું, નડિયાદ, કિં. રૂ. ૨.

કુંઅરબાઈનું મામેરું (અધિકૃત વાચના તૈયાર કરનાર સંપાદિકા—કુ. ચૈતન્યબેન દિવેટિયા): સં. ૧૭૫૫ની નવસારીની પ્રતને આધારે, શ્રી કે. કા. શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ, કુ. ચૈતન્યબેન સંપાદિત આ સંપાદનમાં ચૈતન્યબેનનો કેવળ સંશોધનરસ જ પ્રગટ થાય છે, સાહિત્યિક રસ નહિ. વળી 'શબ્દભેદ, જોડણીભેદ ઉપરાંત ઊલટસૂલટ ભેદ પણ નોંધાયા છે. સંશોધકમાં અનિવાર્ય એવાં ધીરજ, ખંત, વિવેક, વગેરે વગેરે શુદ્ધ સાહિત્યિક રસ ચૈતન્યબેનમાં અવતરે તો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અનેક જાણીતી-અજાણી રચનાઓની અધિકૃત વાચના એમને હાથે તૈયાર થાય. પ્ર૦ ફાર્બસ ગુજરાતી સભા, ૩૬૫, કૉંગ્રેસલેઈન, વિઠ્ઠલભાઈ પટેલ માર્ગ, મુંબઈ-૪; પૃ. ૯૨, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

સાહિત્યપ્રેમીની ડાયરી

ફ્રૅન્ક મોરાએસ થોડાં વરસ પર 'ટાઈમ્સ આવ ઇન્ડિયા' દૈનિકમાંથી છૂટા થઈ 'ઇન્ડિયન એક્સપ્રેસ'ના તંત્રીપદે ગયા ત્યારે ભારતના અખબારી જગત ઉપરાંત અનેક ક્ષેત્રોમાં અચંબો છવાઈ ગયો હતો. ગુજરાતમાં પણ ત્રણેક વર્ષ પહેલાં એવો જ બનાવ બનેલો ત્યારે એના પડઘા ય એવા જ ઊઠેલા. પરંતુ આવા બનાવો દુનિયાભરના અખબારી જગતમાં નવા નથી. લંડનનું 'ડેઇલી મેઈલ' દુનિયામાં સૌથી વધુ ફેલાવો ધરાવતું દૈનિક છે. એમાં હમણાં જ આવો ફેરફારીનો બનાવ બની ગયો.

એના સૌથી વધુ ફેલાવાનું મુખ્ય કારણ એના સમાચારોની પ્રતિષ્ઠા કે અધિકૃતપણું નહિ, પરંતુ હલકી વૃત્તિને પોષતા એના પત્રકારત્વમાં હતું. એના પ્રમુખ વાઈકાઉન્ટ રૉધરમીઅરે ત્રણ વર્ષ પર માઈકેલ રેન્ડૉલ નામના તંત્રીને એનું સુકાન સોંપ્યું. છેલ્લાં ૩૫ વર્ષમાં ૧૭ તંત્રીઓ બદલાયા હોય એવા એ દૈનિકનું તંત્રીપદ સંભાળવું એ જોખમી છે એનો ખયાલ રેન્ડૉલને હતો જ.

સમાચારોની રજૂઆતમાં પરિવર્તન, લખાણમાં પ્રૌઢતા, સ્થાનિકના બદલે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સમાચારોનું વધુ પ્રમાણ, બનેલા સમાચારોની ભૂમિકા સમજાવતા લેખોમાં ઊંડાણ વગેરે ફેરફારો વડે રેન્ડૉલે દૈનિકનું સ્તર ઊંચું આણ્યું. પરિણામે ગયા વર્ષે બ્રિટનની અખબારી આલમે એનું બહુમાન કરેલું; અને ગયે વર્ષે બ્રિટનનું શ્રેષ્ઠ 'હાનેન સ્વૉફર પત્રકારત્વ પારિતોષિક' પણ એને અપાયું. પરંતુ સ્તર ઊંચું લાવવાનો આ પ્રયોગ વાચકો વધારવાને બદલે ગુમાવતો ગયો અને પત્રને ભારે આર્થિક ખોટ આવી!

ત્રણ વર્ષ જેટલા ટૂંકા ગાળામાં સ્તર ઊંચું લાવવાનું પરિણામ ફેલાવો વધારવા ઉપર ન જ લાવી શકાય એ સંચાલકો સમજતા હતા. ત્યાંનાં બીજાં દૈનિકોએ ૧ પેન્સનો ભાવ વધારો કરેલો છતાં 'ડેઈલ મેઈલ' જૂના જ ભાવે વેચાતું રહેલું. પણ વધુ ખોટ સહી ન ગઈ ત્યારે એમણે પણ ૧ પેનીનો ભાવવધારો કર્યો. પરિણામ? ફેલાવો હવે ઝપાટાબંધ ઘટવા લાગ્યો!

એવામાં રેન્ડૉલ માંદગીમાં સપડાયા. અખબારની કચેરીમાં એવું કોઈ નહોતું કે જે એમની કલ્પના પ્રમાણે અખબારને પલોટતું જાય. અંતે રેન્ડૉલને છૂટા કરીને હવે આર્થર બ્રિટેન્ડનને તંત્રીપદ સોંપાયું છે.

જાપાનના વિખ્યાત દૈનિક 'આશાઈ-શિમ્બુને' ઇજિપ્તના અસ્વન બંધને કારણે ડૂબનારાં અબુ સિમ્બેલનાં દેવળોને બચાવી લેવાના ખર્ચમાં ફાળા રૂપે ૩૦,૦૨,૨૭,૮૩૧ યેન (લગભગ ૫૮,૧૦,૦૦૦ રૂ.) યુનેસ્કોને ભેટ આપ્યા છે. એ પત્રે ૧૯૬૫-'૬૬માં મિસરના તુતાનખામેન વિષે એક વિશાળ પ્રદર્શન યોજીને આ નાણાં એકઠાં કરેલાં. ઉપરાંત ૧૯૬૩માં તેણે યોજેલા 'ઇજિપ્તની કલાનાં પાંચ હજાર વર્ષ' નામક પ્રદર્શનની આવક પણ આ ફાળામાં સમાવી લેવાઈ છે.

ગ્રંથાલયોને એકબીજાં ગ્રંથાલયો ઉપર ઘણી વાર આધાર રાખવો પડતો હોય છે; કેમ કે સભ્યોને જોઈતું પુસ્તક એક ગ્રંથાલયમાં ન હોય તો બીજેથી મંગાવી સભ્યોને સંતોષી શકાય. (આપણે ત્યાં આવું ક્યારે થશે?) આ આદાનપ્રદાનની પ્રક્રિયા વધુ સરળ બને એ દૃષ્ટિથી દુનિયાનાં ૮૨૧ ગ્રંથાલયો ટેલિટાઈપનાં યંત્રોથી સંકળાએલાં છે.

ભારતનાં પ્રથમ કક્ષાનાં ગણાતાં અંગ્રેજી દૈનિકોમાં આગવી ભાત પાડતું 'ધ સ્ટેઈટ્સમન'નું પ્રકાશન કર્મચારીઓ ને સંચાલકો વચ્ચેના વેતન અંગેના ઝગડાને કારણે લગભગ મહિના સુધી બંધ રહેલું.

એવી જ સ્થિતિ બ્રિટનના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા 'મૅન્ચેસ્ટર ગાર્ડિયન'ની થઈ રહી હોવાના ભણકારા છે. એના પ્રમુખ લૉરેન્સ સ્કૉટે જણાવ્યું છે કે આર્થિક સંકડામણમાંથી ઊગરવા માટે સંચાલકોએ લીધેલાં પગલાં કર્મચારીઓ ન સ્વીકારે તો લંડનમાંથી નીકળતી એની આવૃત્તિ બંધ કરવાની ફરજ પડશે.

એ સાથે જ વધુ આદર્શ અને અભિનંદનને પાત્ર પગલું એની લંડન આવૃત્તિના તંત્રી અને 'ગાર્ડિયન' સાથે છેલ્લાં ૨૮ વર્ષથી જોડાએલા જિરાર્ડ ફ્રૅએ ભર્યું છે. સંચાલકોએ કરકસરની દૃષ્ટિએ માણસો ઓછા કરવાની વાત કરી કે તરત જ એમણે પોતાનું રાજીનામું રજૂ કરી દીધું. એ સ્વીકારી લેતાં પ્રમુખ સ્કૉટે કહેલું કે 'ગાર્ડિયન' પ્રત્યેની ફ્રેની અતિ ઉમદા ને અત્યંત પ્રામાણિક ભાવનાની એમાં પ્રતીતિ છે.

ભારતનાં 'થૉટ', 'રૅડિકલ હ્યુમૅનિસ્ટ', 'ફ્રીડમફર્સ્ટ' જેવાં વિચારપ્રધાન સાપ્તાહિકોમાં આગવું ને ઉચ્ચ સ્થાન પામેલા 'ઈકૉનૉમિક વીકલી'ના સ્થાપક-ઘડવૈયા શ્રી શચીન્દ્ર ચૌધરીના, ગઈ ૨૦મી ડિસેમ્બરે થએલા (એ સાપ્તાહિક બંધ પડયા પછી લગભગ એક વર્ષ) અવસાને અનેક વિચારવંતોને આંચકો આપ્યો. લંડનના 'ન્યૂ સ્ટેઈટ્સમૅન' અને 'ઈકૉનૉમિસ્ટ'-ની ધાટીનું પત્રકારત્વ ભારતમાં પીરસીને શ્રી ચૌધરીએ એક ઐતિહાસિક પ્રભાવ પ્રસરાવેલો. સ્વતંત્ર અને મૌલિક વિચારસરણી ધરાવતા એ અર્થશાસ્ત્રીએ ઈ. ૧૯૪૯માં પોતાના વિચારોની અભિવ્યક્તિ માટે એક 'વ્યક્તિગત સાહસ' તરીકે તેની શરૂઆત કરેલી. ઘણા ટૂંકા ગાળામાં એ સાપ્તાહિકે પૂર્વના 'ન્યૂ સ્ટેઈટ્સમૅન' તરીકે દેશપરદેશમાં ભારે પ્રતિષ્ઠા મેળવેલી. ને પ્રા. મિરડાલે એમાંની 'સાપ્તાહિક નોંધ'ને ભારતીય સમાજના અત્યંત મહત્ત્વના સત્યને વાચા આપનાર કૉલમ તરીકે બિરદાવેલી પરંતુ આવાં વિચારપ્રધાન સાપ્તાહિકોની જે સ્થિતિ હમેશાં થતી આવે છે તે એની પણ થએલી. આર્થિક ખોટને કારણે તેને સોળ વર્ષને અંતે બંધ કરવું પડેલું. પરંતુ શ્રી ચૌધરીની પ્રતિભાને લેખન દ્વારા માણવાની ભારતના વિચારવંતોની તૃષા વણછીપી રહી ન શકી. એવા કેટલાકે એક ટ્રસ્ટ ઊભું કરીને તેની ભસ્મમાંથી ગયા ઑગસ્ટમાં 'ઈકૉનૉમિક ઍન્ડ પોલિટિકલ વીકલી' નામનું નવું સાપ્તાહિક જન્માવ્યું.

ત્રેસઠ વર્ષના સ્વ. ચૌધરીની પ્રતિભાના પારખુંઓએ એમનું અનેકવાર બહુમાન કરેલું. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ગયા વર્ષે એમની વ્યાખ્યાનમાળા યોજાએલી. સરકારના અધિકારીઓ અને પ્રધાનો અવારનવાર એમની સલાહ લેતા. તેઓ 'આયાત-નિકાસ સલાહકાર સમિતિ' તેમજ 'બોર્ડ ઑાવ ટ્રેઈડ'ના સભ્ય હતા. 'આર્થિક વિકાસની સમસ્યાઓ' એ વિષય ઉપર વ્યાખ્યાનો આપવા એમને ઈ. ૧૯૬૫માં 'એશિયન આર્થિક વિકાસ અને આયોજન સંઘ' તરફથી બૅંગકૉકમાં આમંત્રણ મળેલું. એ પહેલાં ૧૯૬૦માં કૅલિફૉર્નિયામા યોજાએલા 'ભારતમાં ગ્રામીકરણ' વિષેના પરિસંવાદમાં ભાગ લેવા પણ એમને નિમંત્રેલા. સ્વ. શચીન્દ્ર ચૌધરી માત્ર આર્થિક વિષયના જ અધ્યેતા નહોતા. બૌદ્ધધર્મ, તિબેટવાસીઓ અને પાલિ સાહિત્ય જેવા આર્થિકેતર વિષયોના પણ અભ્યાસી હતા.

ધોતી અને ઝભ્ભાના પોશાકના એમના વ્યક્તિત્વ સાથે રંગાઈ ગએલાં ચા ને પાન જ ક્યારેક એમનું ભોજન બની રહેતાં. એમની તાલીમ અને પ્રેરણા પામેલા સંખ્યાબંધ પત્રકારો ભારતના આર્થિક પત્રકારત્વમાં છે.

ભારત સરકારે ફાળવેલા રૂ. ૧૨ લાખની મદદથી કેન્દ્રના શિક્ષણ ખાતાએ હિંદી ને બીજી ૧૪ ભારતીય ભાષાઓના શબ્દકોશ તૈયાર કરવાનું મહાભારત કાર્ય શરૂ કરી દીધું છે.

પ્રાચીન કાળના અંકગણિતથી માંડીને અદ્યતન ગણિતશાસ્ત્રની સર્વ માહિતી સમાવતા 'ગણિત-જ્ઞાનકોશ'ની યોજના મોસ્કૉમાં મળેલી છેલ્લી આંતરરાષ્ટ્રીય ગણિત શાસ્ત્રજ્ઞોની પરિષદે ઘડી છે, જેમાં ભૂમિતિની પ્રાથમિક અવસ્થાથી માંડી એ પરિષદ સુધીનો ઇતિહાસ સમાવાયો હશે. આ માહિતી કાળક્રમ પ્રમાણે નહિ પરંતુ ગણિતશાસ્ત્રની વિવિધ શાખાઓના વર્ગ પ્રમાણે રજૂ કરાશે. દરેક એક હજાર પાનાંનો એવા ચાર ખંડ એ પડશે.

અમેરિકાનું 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ' દૈનિક આવતા માસ (માર્ચ)થી પ્રૌઢશિક્ષણ લેનારાં માટે એક ખાસ પૂર્તિ પ્રગટ કરવાનું છે, જેમાં સાધારણ રીતે ચાલુ કદ કરતાં ચાર ગણાં મોટાં બીબાં વપરાશે.

સ્પેઈનમાં સાહિત્યક્ષેત્રે દર વર્ષે અપાતું અત્યંત મહત્ત્વનું 'નાદાલ નવલકથા સાહિત્ય-પારિતોષિક' આ વર્ષે વિન્સેન્ટ સોટોની 'લા ઝાન્કાદા' નવલકથાને (આ વર્ષે આવેલી ૧૨૫ કૃતિઓમાંથી ચૂંટેલી ૩૧માં શ્રેષ્ઠ ગણીને) આપવામાં આવ્યું છે. શ્રી સોટો છેલ્લાં બાર વર્ષથી લંડનમાં વસે છે અને ત્યાં એક ટેકનિકલ સામયિકનું સંપાદન કરે છે.

૯૫ વર્ષે પહોંચેલા વિશ્વ પ્રતિષ્ઠિત લેખક બર્ટ્રાન્ડ રસેલની આત્મકથાનો પહેલો ભાગ આખરે પ્રકાશિત થઈ રહ્યો છે. તેની હસ્તપ્રત તો એના પ્રકાશક પાસે છેલ્લાં ૧૫ વર્ષથી તૈયાર પડી હતી, પરંતુ રસેલે શરત કરેલી કે પોતાના અંતકાળ પછી જ એ પ્રગટ કરવી. હવે એમાં આવતી મોટા ભાગની વ્યક્તિઓ મૃત્યુ પામી હોવાથી એમણે એ શરત ઢીલી કરી છે.

એનો આ પહેલો ભાગ જલદી પ્રગટ કરવાની આતુરતા તો એના અમેરિકન પ્રકાશકોને છે, જે રસેલના તત્ત્વજ્ઞાન કરતાં વધુ રસ એના જાતીય જીવનમાં ધરાવે છે. કહેવાય છે કે 'હળવી' શૈલીમાં લખાએલા આ પહેલા ભાગમાં રસેલના જીવનના પ્રેમપ્રસંગો, પત્નીઓ અને પ્રેયસીઓની કથા કહેવાઈ છે.

દર ત્રણ વર્ષે શ્રેષ્ઠ સાહિત્યિક કૃતિ માટે યુગોસ્લાવિયામાં અપાતું જેગોસ પારિતોષિક આ વખતે ત્યાંના ખૂબ જાણીતા લેખક મિરોસ્લાવ-ક્રેલેઝાની નવલકથા 'ઝાસ્ટાવે' (ધ્વજ)ને એનાયત થયું છે, જેમાં પ્રથમ વિશ્વયુદ્ધ પછીની પરિસ્થિતિનું આલેખન કરાયું છે.

ગુજરાતી રંગમંચ પર સરકારી અને ખાનગી કક્ષાએ નાટ્ય મહોત્સવો ઊજવાય છે એના આયોજકોને મરાઠી રંગમંચે ગઈ ૧૪મી જાન્યુઆરીએ એક નવો પ્રયાસ કરીને ધડો આપ્યો છે: મહારાષ્ટ્ર સરકાર અત્યાર સુધી બાળ-નાટકો કરનાર સંસ્થાઓને દર વર્ષે માત્ર ગ્રાન્ટ આપતી હતી, એમાં આ વર્ષે મુંબાઈના રંગભવનમાં બાળ-નાટ્ય મહોત્સવ યોજીને તેણે અનેરો ઉત્સાહ પ્રગટાવેલો.

કલકત્તા અને દિલ્હીથી એકીસાથે પ્રગટ થતા ભારતના સૌથી વધુ પ્રતિષ્ઠિત અંગ્રેજી દૈનિક 'ધ સ્ટેઈટ્સમન' તરફથી, તરુણ પેઢી માટે ભારતનું પ્રથમ જ કહી શકાય એવું, 'ધ જુનિયર સ્ટેઈટ્સમન' નામનું સચિત્ર સાપ્તાહિક શરૂ થયું છે. આ સમાચાર સાથે બ્રિટનમાં અર્ધી સદી પહેલાંથી પ્રગટ થતું એવું જ તરુણો માટેનું સામયિક 'બોય્ઝ ઑાઉન પેપર' બંધ થયાનું જાણવા મળ્યું! ગઈ સદીના અંત સમયે તો એ સામયિકની લોકપ્રિયતા એટલી બધી હતી કે એ જમાનામાં પણ એનો ફેલાવો ૧,૯૦,૦૦૦ હતો. સમયના વહેણ સાથે એ ઘટતો ઘટતો છેક ૨૫,૦૦૦ સુધી પહોંચી ગયો!

એક આખી તરૂણ પેઢીને વર્ષો સુધી આકર્ષી શકનાર એ માસિકના ફેલાવાના ઘટાડાનું કારણ નવા યુગને પોષે એવું સાહિત્ય એ પીરસતું નહોતું એ નથી; કેમ કે હજી એના જાન્યુઆરીના અંકમાં જ ખૂબ જ સરસ ત્રણ સાહસ અને રહસ્ય કથાઓ, જુદાજુદા શૉખોને પોષતા વિવિધ લેખો, મૉન્ટે કાર્લો વિષેનો અત્યંત રસિક અને માહિતી-સભર લેખ, બ્રિટનમાં વ્યાપક બનેલા 'પૉપ' પ્રકારનાં દૃશ્યોની તસવીરો વગેરે આપવામાં આવ્યું છે.



છેલ્લાં ૨૧ વર્ષથી એનું તંત્રીપદ સંભાળતા જૅક કૉક્સ જ્યારે માધ્યમિક શાળામાં ભણતા ત્યારે આ માસિકની એક રંગપૂરણી ચિત્રહરીફાઈમાં તેમને ત્રણ પુસ્તકો, બે પાળેલાં કબૂતરો વગેરેનું ઈનામ મળેલું, ત્યારથી તે એના સંપર્કમાં આવેલા. જોકે પછી ચિત્રકામ તો એમણે કદી કરેલું જ નહિ પરંતુ માસિક સાથેનો સંબંધ વધતો ગએલો.

કેનેડી વિષેના કે ભારતીય રાજકારણમાંના સડા વિષેનાં પુસ્તકોનું ધૂમ વેચાણ થાય એમાં નવાઈ નથી, પરંતુ કોઈ સાવ અજાણ્યા પુસ્તકનું એવું વેચાણ શકય બનવાના સંજોગો ઊભા થાય એ તો સાચે જ નવાઈ ઉપજાવે.

'કૉરૉનેટ ઍમંગ ધ વીડ્ઝ' નામનું એક એવું પુસ્તક ઈ. ૧૯૬૩માં પ્રગટ થએલું. એના લેખક ચાર્લ્સ પીક સાવ અજાણ્યા. જર્મનીનું ફ્રૅન્કફર્ટ પુસ્તકપ્રકાશન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય બજાર ગણાય છે. એક દિવસ પીક ત્યાં કોઈ નૉર્વેજિયન પ્રકાશકને ઉંબરે ચડી ગયા. 'શું લાવ્યા છો ?' એવા પ્રશ્નના ઉત્તરમાં પીકે કહ્યુ 'એક અત્યંત જોરદાર પુસ્તક' અને પ્રકાશકે તરત જ એ રાખી લીધુ.

આ વાત વહેતી વહેતી એક જર્મન પ્રકાશકને કાને ગઈ. એણે એક રેસ્ટોરાંમાં પીકને પકડીને તે જર્મન-પ્રકાશન માટે માગ્યું ને પોતાને તે પહોંચતું કરવાનું વચન લીધું.

રેસ્ટોરાંમાં ચાલતી એમની એ વાત બાજુના ટેબલ ઉપર બેઠેલા એક ઈટાલિયન પ્રકાશકને કાને પડી. એ પણ આ કોઈક અમૂલ્ય પુસ્તક ગુમાવવા તૈયાર નહોતા! એમણે તેના ઈટાલિયન ભાષાના હક્કો ખરીદી લીધા. એ પછી ફિનિશ ભાષાના એક પ્રકાશકે પણ તે માગ્યું; અને પછી તો અમેરિકન, ફ્રેન્ચ, સ્વીડિશ, ડૅનિશ અને ડચ પ્રકાશકો પણ એ પુસ્તક ઉપર તૂટી પડયા.

શ્રી પીક કહે છે કે આ બધો વહેવાર અંગ્રેજીમાં જ ચાલેલો—બીજી એકે ભાષા હું જાણતો નથી. અરે ફ્રૅન્કફર્ટમાં જરૂરી જર્મન પણ હું જાણતો નથી. એ જો જાણતો હોત તો મારા પુસ્તક વિષે ત્યાંજે ખરાખોટા ગપગોળા ફેલાયા હશે એની તો મને ખબર પડત!'

ઈ. ૧૯૬૬નાં પારિતોષિકો

પારિતોષિક	મેળવનાર	શા માટે	નિર્ણાયક
		વર્ષ દરમ્યાનના શ્રેષ્ઠ સાહિત્ય-સર્જન માટે ←ફાધર વાલેસ	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી · અનંતરાય રાવળ · યશવંત શુક્લ
'કુમાર' તરફથી રૂ. ૩૦	શ્રી નાનાલાલ જોશી	શ્રેષ્ઠ વાર્તા 'વલોણું' માટે	શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
'એક લેખક' તરફથી રૂ. ૩૦	સ્વ. મણિલાલ દેસાઈ	શ્રેષ્ઠ કાવ્ય 'રસ્તો' માટે	સર્વશ્રી ડોલરરાય માંકડ, ગૌરીપ્રસાદ ઝાલા અને રમણલાલ શાહ
'એક લેખક' તરફથી રૂ. ૩૦	ડૉ. પ્રહ્લાદ ચુ. વૈદ્ય	શ્રેષ્ઠ ગદ્ય લખાણ 'આપણે અને અમેરિકા' માટે	ડૉ. રમણલાલ શાહ
'એક કલાપ્રેમી' તરફથી રૂ. ૩૦	શ્રી પ્રદ્યુમ્ન તન્ના	શ્રેષ્ઠ કલાકૃતિ માટે	શ્રી રવિશંકર રાવળ અને 'કુમાર'ના તંત્રી

પારિતોષિક મેળવનારાઓને અમે અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ.

આ ૧૫મી ફેબ્રુઆરીએ દેશમાં 'ગાલિબ દિન' ઊજવાશે. ગયે વર્ષે ૨૭મી ડિસેમ્બરે દેશભરમાં ઉર્દૂના એ વિખ્યાત કવિની ૧૭૦-મી જયંતી ઊજવાએલી. ઈ. ૧૮૬૯ના ફેબ્રુઆરીની ૧૫મી તારીખે દિલ્હીમાં અવસાન પામેલા મિર્ઝા અસદુલ્લાહખાન ગાલિબની પહેલી મૃત્યુશતાબ્દી ૧૯૬૯માં આવે ત્યારે તે પૂરા સાહિત્યિક તોરથી ઊજવવાના કાર્યક્રમો યુનેસ્કો તથા સાહિત્ય અકાદમી આજથી ઘડી રહ્યાં છે. ગાલિબની ગઝલો, કાવ્યો તથા થોડાક ગદ્યના નમૂના સાથેના બે ભાગનો એક સંગ્રહ પ્રગટ કરવાનું યુનેસ્કોએ વિચારેલું છે. સાહિત્ય અકાદમી એમના જીવન અને કવન વિષે એક ગ્રંથ પ્રગટ કરવાનું ધારે છે.



ગાલિબ જ્યાં વર્ષો સુધી રહ્યા હતા એ 'ગલી કાસિમ જાન'માંનું એમનું ઘર સરકારી ધોરણે સંભાળી લેવાનું એક સૂચન અકાદમીને કરાયું છે. કવિના જીવન વિષે રંગીન ફિલ્મ ઉતારવાનું એક નિર્માતા વિચારી રહ્યા છે અને ઘણાં શહેરોએ ગાલિબ-સમિતિ રચીને મૃત્યુ-શતાબ્દીવર્ષને ભવ્ય રીતે ઊજવવાનું ગોઠવ્યું છે. —'અખબારી કીટ'

પ્રકીર્ણ પ્રકાશનો

લોકજીવનને સ્પર્શતા કેટલાક સવાલો: લોકજીવનને સમજવામાં સહાયભૂત થતા વિસ્તરણ વ્યાખ્યાનોનો સંગ્રહ. સંપાદક-પ્રકાશક: મનુભાઈ શાહ, અનુસ્નાતક વાણિજ્ય વિભાગ, સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગર. પૃ. ૧૦૬, કાચું પૂઠું, રૂ. ૨.

સાધક-સંદેશ: યોગ અને ધ્યાનની ક્રિયામાં થતા અનુભવોથી આત્મજ્ઞાન મેળવવામાં માર્ગદર્શક થતું પુસ્તક. લે. શ્રીમાન મધુસૂદનદાસજી; પ્રકાશક: શ્રી ધ્યાનયોગી મંડળ, ૪૪, સી મોતીવાલ મેન્શન, પ્રોક્ટર રોડ, મુંબાઈ-૭. પૃ. ૧૮૮, પાકું પૂઠું, રૂ. ૨-૨૫.

ચમત્કાર અને વહેમ: ચમત્કાર-ઘેલછા, વહેમ પરાયણતા અને અંધશ્રદ્ધાને આધીન થવાના બદલે પુરુષાર્થપરાયણ બનવા પ્રેરતા લેખો. લે. રતિલાલ મફાભાઈ શાહ; પ્ર. સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, હાથીખાના, અમદા.-૧. પૃ. ૧૦૦, કાચું પૂઠું. રૂ ૧.

નબવી ખુત્બા: હઝરત મહમ્મદ મુસ્તુફાની મુબારક હદીસોનો મનહર અને બોધદાયક પ્રવચન સંગ્રહ. લે. સૈયદ ઈમામુદ્દીન દરગાહવાલા; પ્રાપ્તિસ્થાન: શ્રી ધનજીભાઈ દેવચંદ ઝવેરી, ૫૦/૫૪, મીરઝા સ્ટ્રીટ ૪થે માળે. મુંબાઈ-૩. પૃ. ૧૧૫, કાચું પૂઠું.

કુવલયમાલા: પ્રાકૃત ભાષાની ચમ્પૂસ્વરૂપ મહાકથાનો ગૂર્જરાનુવાદ. દાક્ષિણ્ય ચિહ્નાંક શ્રીમદ્ ઉદ્યોતનસૂરિ વિરચિતના અનુ. આ. શ્રી હેમસાગરસૂરિ; પ્ર. શ્રી ચંદ્રકાન્ત સા. ઝવેરી, ૩૧/૩૩ ખારાકૂવા, ૩જે માળે, મુંબાઈ-૨. પૃ. ૪૫૯, પાકું પૂઠું, રૂ. ૧૩-૫૦.

રે, નસીબ: ચંદ્રકાન્ત બી શાહની ૧૦ વાર્તાઓનો સંગ્રહ. જયભારત પ્રકાશન, C/o એમ. પુ. સાયકલવાળા, મ્યુ.ની સામે, ગોળલીમડા, અમદા.-૧. પૃ. ૮૭, પાકું પૂઠું, રૂ. ૦॥

સંગમ: અ. ન. મેઘાણી અને મૂસાભાઈ મેમનની મધુરી ૧૪ વાર્તાઓનો સંગ્રહ. અ. ન. મેઘાણી અને મુસાભાઈ મેમન પ્રકાશક, વલીકા ચેમ્બર્સ, સાઉથ નેપિયર રોડ, કરાચી-૨. પૃ. ૧૯૩, પાકું પૂઠું, રૂ ૩.

અકિંચન: મનસુખલાલ ઝવેરીની ૨૨ વાર્તાઓનો સંગ્રહ. સુમન પ્રકાશન, ૮૬, ડામરગલી. મુંબાઈ-૯ પૃ. ૨૬૩ પાકું પૂઠું, રૂ. ૬.

હરિબાબા: અદ્ભુત ચરિત્ર સાથે તેમના ગુરુ સ્વામી સચ્ચિદાનંદજી, ઉડિયાવાલા ને શ્રી અ નંદમયી માતાજીના જીવનની આછી રૂપરેખા. સંપાદક: રેવાશંકર સોમપુરા, શ્રી ભાવનગર સાંઈબાબા ભક્તમંડળ, માણેકવાડી, ૬૦૩ એ, શ્રી સાંઈપ્રસાદ દિવ્યભુવન, ભાવનગર. પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૨.

ચિંતનપરાગ: ધર્મપ્રેમી સ્વ. કાંતિલાલની પુણ્યસ્મૃતિમાં કરાએલો એમના લેખોનો સંગ્રહ અને સંક્ષિપ્ત જીવનવૃત્તાંત. સં. હરિપ્રસાદ વ્યાસ ને પ્રબોધ રાવળ, પ્ર. શ્રી રોમેશ ને અરવિંદ કા. શાહ, શ્રીકાન્ત સદન, પર્ણકુંજ, આંબાવાડી, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

ભારતકા પાની: સરહદ પર લડતા યુવાનોના જોશને વધારનાર ૧૮ કાવ્યોના સંપાદક: મંગલસેન સિંહલ ને ગુણવંતરામ વ્યાસ; કાવ્યત્રિવેણી સંઘ, દાહોદ. પૃ. ૨૬, અમૂલ્ય.

Practical Aspects of Indian Philosophy and Religion Lectures on Indian Philosophy: સ્વામી વેંકટાનંદ, ડિવાઇન લાઈફ સોસાયટી, ૧૨, સૂર્યનારાયણ ચેટી સ્ટ્રીટ, મદ્રાસ-૧૩.

આકાર: ભારતીય વિદ્યાભવન સંચાલિત શેઠ આર. એ. કૉલેજ ઑવ આર્ટ્સ ઍન્ડ સાયન્સ (અમદાવાદ)નો ૧૯૬૫-૬૬નો આ વાર્ષિક અંક એના બાહ્ય રૂપરંગ અને આંતરિક વૈવિધ્યપૂર્ણ લેખસામગ્રીને લીધે આકર્ષક ને સભર બન્યો છે. લેખોની પસંદગી તથા ફોટોગ્રાફીની ગોઠવણીમાં જેટલી ચીવટ રખાઈ છે એટલી કાવ્યો-વાર્તાઓની પસંદગીમાં રખાઈ હોત તો 'બદનામી' જેવી અગાઉ પ્રસિદ્ધ થઈ ગએલી વાર્તા આવી અપ્રતીતિજનક રીતે રજૂ ન થઈ હોત અને સાવ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનાં હોય એવાં કાવ્યો પણ સ્થાન પામ્યાં ન હોત. છતાં સમગ્રતયા આખો અંક કૉલેજના આ જાતના વાર્ષિક અંકોમાં વિશિષ્ટ સ્થાન મેળવે એવો તો બન્યો છે; એ માટે સંપાદકોને અભિનંદન.

નવી પરિચયપુસ્તિકાઓ

(૧૯/૨૧ હમામ સ્ટ્રીટ, મુંબાઈ-૧)

દક્ષિણ રોડેશિયા: ગોરા અને કાળા આફ્રિકનોના ઘર્ષણમાં બ્રિટનનું સ્થાન દર્શાવતી દક્ષિણ રોડેશિયાના સળગતા પ્રશ્ન સમજાવતી સર્વાંગી સંક્ષિપ્ત પરિચય પુસ્તિકા. લે દિનકર મહાત્મે; **રેઈસિંગ વિષે જાણવા જેવું**: ભારત ને પરદેશમાં સટ્ટા જેમ ખેલાતી રેઇસિંગ વિષેની પરિચય આપતી પુસ્તિકા. લે. શંકર ત્રાલશાવાળા; **ઇન્ડોનેશિયા**: સામ્યવાદમાં ફસાએલ ઇન્ડોનેશિયાનો પરિચય આપતી પુસ્તિકા. લે. વિજયગુપ્ત મૌર્ય; **બેઠાડુ જીવનમાં આરોગ્ય**: કેટલાક જાણીતા આરોગ્ય શાસ્ત્રીઓના અનુભવોની આરોગ્ય વિષેની પુસ્તિકા. લે. મહેરવાન ભમગરા; **ચાની કથા** (કાકુભાઈ તન્ના): આ અતિ લોકપ્રિય પીણા વિષે વહેવારિક તેમ જ ઔદ્યોગિક દૃષ્ટિએ આમૂલ માહિતી આપતી સચિત્ર પુસ્તિકા; **ઍન્ટિબાયોટિક દવાઓ** (ક્ષિતીશ દ્વિવેદીઆ): ચેપી રોગોના ઉપાય તરીકે શોધાએલી દવાઓનો વૈજ્ઞાનિક પરિચય આપી તેના ઉપયોગ અને ઉત્પાદન વિષે માહિતી આપતી પુસ્તિકા; **ઘરઆંગણે શાકભાજી** (તરુબિકા દહેજીઆ): ઘરઆંગણે શાકભાજી કેવી રીતે વાવવી, સાચવવી ને નીરોગી રાખવી એ વિષે વૈજ્ઞાનિક પદ્ધતિથી માહિતી આપતી પુસ્તિકા; **વિદ્યાપ્રેમી ફાર્બસ** (ચૂનીલાલ મડિયા): ગુજરાતને પોતાના વતનસમ માની, એની ભૂતકાલીન સંસ્કૃતિ જગાડી અર્વાચીનોને પ્રેરણા આપનાર, ઇસ્ટ ઇન્ડિયા કંપનીના એક સનદી અમલદાર, દલપતરામ કવિના પ્રેરણાદાયી પરમ મિત્ર અને 'રાસમાળા' જેવા ગ્રંથોના રચયિતા, ફાર્બસ તથા ગુજરાતી સભાઓ, ફાર્બસ પુસ્તકાલય, ગુજરાત વર્નાક્યુલર સોસાએટી આદિ વિદ્યાની સંસ્થાઓના સ્થાપક ઍલેક્ઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સનો પરિચય કરાવતી પુસ્તિકા; **તિબેટ** (એ. જી. નૂરાણી): આપણા નિકટના પડોશી અને મહદ્ અંશે પર્વતોથી વીંટળાએલા ઉચ્ચ પ્રદેશ તિબેટની ચીનના હુમલા બાદની પરિસ્થિતિનો ચિતાર આપીને એ દેશ પ્રત્યેની આપણી ફરજની યાદ કરાવતી પુસ્તિકા; **શાંતિસેના** (નારાયણ દેસાઈ): શાંતિસેનાની સ્થાપના, એના હેતુઓ, આજ સુધીની કામગીરીઓ, સફળતાઓ ને નિષ્ફળતાઓ આદિની માહિતી આપીને શાંતિસેનાનું રહસ્ય સમજાવતી પુસ્તિકા; **ભારત અને અણુબૉમ્બ** (રોહિત દવે): પડોશી દુશ્મન દેશ ચીનની અણુપ્રયોગોની હારમાળામાંથી હિન્દ માટે અણુબૉમ્બ બનાવવો કે નહિ એ પ્રશ્ન પાયાનો બની ગયો છે, એ સમયે પ્રશ્નનાં તમામ પાસાંઓને સ્પર્શીને વિચારણા વ્યક્ત કરતી આ પુસ્તિકા ઘણી માહિતી આપી જાય છે. **નરસિંહ મહેતા** (સુરેશ દલાલ): ગુજરાતના આદિ ભક્ત કવિ નરસિંહના ચમત્કારભર્યા પ્રસંગોવાળા જીવનનો અને ઊર્મિસભર એના સર્જનનો મિતાક્ષરી અને મનહર પરિચય કરાવતી પુસ્તિકા; ઉપરની તમામ પુસ્તિકાઓ હવે તો ખૂબ જાણીતી થઈ ગએલી 'પરિચય પુસ્તિકા' પ્રવૃત્તિની શ્રેણી ચલાવતા પરિચય ટ્રસ્ટ (હમામ સ્ટ્રીટ, મુંબાઈ-૧) દ્વારા પ્રસિદ્ધ થએલી છે. દરેકનાં પૃ. ૩૨, કાચાં પૂઠાં અને કિ. ૫૦ પૈસા. વાર્ષિક લવાજમ રૂ. ૧૦.

ધનસુખલાલ કૃ. મહેતા

અતીતનાં પુષ્પો



ક્રિકેટ
બિલિયર્ડ
સાઈક્લિંગ
ટેનિસ
અને
અદ્‌ભુત ખવૈયા

હું એક ઠેકાણે નોકરીમાં હતો. ત્યાં મારા ટેબલ આગળ કાંઈ-કાંઈ તરેહના ગૃહસ્થો આવતા અને મારી પાસે બેસીને ગામગપાટા મારતા. એક વખત શ્વેબ કુરેશી આવ્યા. એક કાળે તો એ અહીંની અતિ વિખ્યાત વ્યક્તિ હતા. પ્રતિભાશાળી વ્યક્તિત્વ, સરસ ઊંચાઈ, કદાવર શરીર, કેમ્બ્રિજમાં અભ્યાસ કરીને બૅરિસ્ટર થઇને આવેલા. અહીંની અસહકારની ચળવળમાં ધૃમેલા.

એ કલાકોના કલાક મારા ટેબલ આગળ બેસીને વાર્તાલાપ કરતા. ખરેખર, એ રત્ન હતા. પણ આવાં કાંઈક રત્નો, આપણા દેશને દુર્ભાગ્યે, આપણે ખોયાં! આપણા નેતાઓએ એમને એમની આળી જગ્યા પર ઝખમ કરેલા અને અનિચ્છાએ એ અસહકારમાંથી નીકળી ગએલા.

એમના એક ઓળખીતા—એક વખતના ઘણા પૈસાદાર—આફ્રિકાની ચળવળમાં બધી દોલત દેશને અર્પી બેઠેલા. એ તો મૃત્યુ પામ્યા, પણ એમનો એક પુત્ર અહીં રહે. ચળવળને લઈ ને એ ભણેલો નહિ. એને માટે માત્ર સો રૂપિયાની નોકરીનો સવાલ શ્વેબ કુરેશીએ આપણા મોટામોટા નેતાઓ પાસે નાખ્યો અને એ બધા જ નેતાઓએ કોઈ પણ પ્રકારની મદદ કરવાની ના પાડી દીધી. શ્વેબની પોતાની પાસે પણ તે વખતે પૈસા નહિ. એમને ઘણું લાગી આવ્યું. એમની આસપાસ દેશભક્તો કહેવાતા કાંઈ કેટલાએ પોતાનાં ઘર ભરી દીધેલાં, પણ આ યુવાન માટે સો રૂપિયાની નોકરી પણ ફાજલ નહિ પાડી શક્યા!

ભારે હૈયે શ્વેબ કુરેશી ભોપાળ ગયા. ત્યાં નોકરી લીધી અને ભાગલા પડતાં પાકિસ્તાન ચાલ્યા ગયા. પણ આ દેશને માટેની એમની લાગણી એવી કે એમણે પાકિસ્તાનમાં ગયા છતાં ભારત સામે એક હર્ફ પણ ઉચ્ચારેલો નહિ! આવા દાખલા હું ઠીકઠીક પ્રમાણમાં જાણું છું જ્યાં આવાં અણમોલ રત્નોનાં મૂલ્ય આપણે પારખ્યાં નહિ.

પણ આવી વાતો કરીને જીવ બાળવાથી શો ફાયદો? થનાર થઈ ગઈ. આવા અન્યાયો માટે પ્રાયશ્ચિત્ત પણ શાં કરવાં? ને કોણ કરે?

ક્રિકેટની રમત દુનિયાના જુદાજુદા ભાગમાં રમાય છે અને એમાં કાંઈકાંઈ અજબ જેવા પ્રસંગો બની જાય છે. સાન્તાક્રુઝમાં અમારી ટીમના કપ્તાન સ્વ. ડૉ. ઠાકર. તે વખતે પૂર્વે સાન્તાક્રુઝમાં હમણાં જ્યાં એરોડ્રોમ છે ત્યાં અંગ્રેજી છાવણી રહેતી. ત્યાં જૂના સોલ્જરો જાય અને નવા આવે. આવી એક છાવણીના કપ્તાને ડૉ. ઠાકરની ટીમ સામે મૅચ ગોઠવી. અમે અમારી ટીમમાં ત્રણ ધંધાર્થી ખેલાડીને હમેશ લઈ આવતા. બાકીના અમે આઠ જણ!

પહેલો દાવ અમે લીધો. સો-સવાસો રન કરી આઉટ થઈ ગયા. પછી પેલાઓનો દાવ આવ્યો. એ બધા જ હિટર, બૉલને હવામાં ઉછાળી ક્યાંના ક્યાં મોકલનાર. ગોળીબારની જમીન પર અમે રમીએ. એ જમીન ઢોળ વવાળી એટલે બૉલ પડ્યા પછી પણ દૂર ને દૂર ચાલ્યો જ જાય. એટલે દૂરથી આ બૉલ અમારે દરેક વખતે લાવવો શી રીતે?

અમે પેલા લશ્કરીઓને કહ્યુ કે 'અમે તમારો દાવ આપવા તૈયાર છીએ. બૉલ જરાક આઘો જાય એટલે અમે ચાર રનની બાઉન્ડરી પણ જાહેર કરી દઈએ. પણ પછી બૉલ લાવવા માટે અમે બાઉન્ડરી આગળ ખાનાના છોકરાઓને સાઈકલ પર તૈયાર રાખ્યા છે તે સાઈકલ પર જઇને બૉલ લઈ આવે! આ શરત મંજૂર હોય તો અમે દાવ આપીએ!'

આ સાંભળીને પેલા લોકો ખૂબ હસ્યા, પણ પછી અમારી શરત એમણે કબૂલ રાખી. અમે પણ ત્રણેક બૉલ ઉપયોગમાં લીધા. એક બૉલ લેવા એક વૉલન્ટીઅર સાઈકલ પર જાય અને તે પાછો આવે ત્યાં સુધી થોભવાને બદલે અમે બીજા બૉલથી બોલિંગ કરવા માંડીએ.

આ પ્રકારની ફીલ્ડિંગ બીજે કોઈ પણ ઠેકાણે થઈ નહિ હોય એમ હું માનું છું. અલબત્ત, લશ્કરીઓની જીત થઈ અને એમને આનંદ પણ ઘણો થયો. પછી રીટર્ન મૅચમાં તો તેઓમાંના પાંચેક રમનારા અમારી બાજુ રમેલા ને અમારામાંથી એટલા એમના પક્ષમાં રમેલા!

બધી રમતો પર મેં હાથ અજમાવેલા, પણ મારી તબિયત મૂળથી જ ખરાબ, એટલે એકેમાં પણ હું નિષ્ણાત નહિ થઈ શકેલો. કેટલીક તો મેં શરૂ કરીને ટાળેલી.

એક મિત્રને ત્યાં બિલિયર્ડ ટેબલ. એમના કુટુંબીજનોએ મને તે શીખવવા માંડી. આરંભમાં તો ઠીક ચાલ્યું, પણ પછી અચાનક મારા 'ક્યુ'થી જોરમાં ફટકો લગાવાઈ ગયો. (હાથીદાંતનો) બૉલ ઊછળ્યો અને તેમની કાચની બારીમાંથી બરાબર ગોળ કાણું પાડી, કૉમ્પાઉન્ડમાં દૂર ચાલ્યો ગયો. પેલા મિત્રનાં કુટુંબીજનો તો કાંઈ હસ્યાં છે, કાંઈ હસ્યાં છે! પણ હું બિલિયર્ડની રમતના ક્ષેત્રમાંથી નિવૃત્ત થઈ ગયો! પેલાંઓએ આગ્રહ કર્યો પણ મેં કહ્યુ: 'આ તો ઠીક છે કે એક કાચમાં ગોળ કાણું પડ્યું. પણ બીજી વખત આ ટેબલની ફ્લૅનલ ચીરાઈ ગઈ તો? નહિ, નહિ. મારે નથી શીખવી આ રમત!'

કોઈ માને પણ નહિ, કારણ કે લગભગ બધાં માણસો બેત્રણ દિવસમાં સાઇક્લિંગ શીખી જાય છે. મને તે શીખતાં પૂરો દોઢ મહિનો થએલો, અને તે પણ ઠેઠ સુધી એમાં હું એક્સપર્ટ તો નહિ જ થયો.

તે વખતે સાંતાક્રુઝમાં રસ્તા પર મોટરકારો તો હતી જ નહિ. કોઈક ઘોડાગાડી હોય, ગાડાં હોય ને બકરાં કે ઘેટાંનાં ટોળાં હોય. આ બકરાં-ઘેટાંનાં ટોળાંમાં હું ઘણી વાર સાઈકલ પરથી ગબડી પડેલો ને જમીન પર નહિ પડતાં કોઈ ઘેટા કે બકરા પર સવાર થઈ ગએલો.

વખત જતાં ઘોડાગાડી ઓછી થતી ગઈ અને મોટરનાં ભૂંગળાં વાગવા માંડ્યાં. પાછળ ભૂંગળું વાગે કે તરત જ, કોણ જાણે શાથી, હું અને સાઇકલ કોઈ ઘરના કમ્પાઉન્ડની દીવાલ સાથે અથડાઇએ જ! આવી પરિસ્થિતિમાં મેં સાઇકલ પણ છોડી.

મોટરકાર હાંકવાનું શીખવવા મારા મિત્રોએ ઘણા યત્નો કરેલા પણ તે તો મેં સ્વીકારેલા જ નહિ. હા, હું ટેબલટેનિસમાં ઠીકઠીક રમનાર ગણાયો'તો—લગભગ સરસ રમનાર પણ ગણાઉં એટલી રમત મને સાધ્ય થએલી. પણ વચમાં ત્રણ-ચાર વર્ષ રમત છૂટી ગઈ અને તે ગાળામાં આ રમત એટલી બધી બદલાઈ ગઈ કે ન પૂછો વાત!

અસલ તો એ રમતમાં ગતિ ધીમી હતી, સ્ટ્રોકમાં બ્લૉક કરવાનો રિવાજ હતો અને હાફ વૉલી પણ લેવાતી. પણ પછી ગતિ એવી વધી ગઈ કે મારાથી બૉલ જ જણાતો નહિ!

ટેનિસ હું ઠીકઠીક રમેલો. હું એક વખત રેલવેમાં. સાંતાક્રુઝમાં જ રેલવે જિમખાના. સારામાં સારા ખેલાડીઓ સવારે રમવા આવતા પણ મને તે સમય અનુકૂળ નહિ, એથી હું રોજ સાંજે રમવા જતો.

સાંજે બહુમતીમાં અંગ્રેજ અમલદારોની સ્ત્રીઓ રમવા આવતી ને સારા ખેલાડીઓ તેમને શીખવવા જેટલો સમય ગુમાવવા તૈયાર ન હતા, એટલે હું લગભગ 'કોચ' થઈ પડેલો. ઉજ્જડ ગામમાં એરન્ડો પ્રધાન! આ બધી આંગ્લ યુવતીઓ મને ચૅમ્પીઅન જ ધારતી.

આ પ્રમાણે હું એક ચકવે રાજ્ય ચલાવતો હતો અને તેમાં કોઈ ભાગ પડાવે તેમ ન હતું. પણ થવા કાળ તે અમારા એક દિલ્હીના મિત્રને આ વાતની ખબર પડી. તે મશ્કરા જબરા અને 'પ્રૅક્ટિકલ' મશ્કરીઓ પણ કરે; એટલે એક વખત સાંજે હું પેલી યુવતીઓ સાથે રમતાંરમતાં ટેનિસની રમતનાં 'ફાઇન પૉઇન્ટ' સમજાવતો હતો તેવામાં એ પોતાના એક મિત્રને લઈને આવી પહોંચ્યા.

પેલા મિત્ર સ્થૂલ શરીરના જણાતા હતા. મારા મિત્રે મને એમની જોડે રમવાનું કહ્યું. મેં હા પાડી, રમત શરૂ થઈ. પહેલી ગેઈમ હું જીત્યો (એમણે મને જાણી જોઈને જિતાડેલો એમ મને પાછળથી સમજાયું!) પછી બીજી ગેઈમથી એણે પોતાની ખરી રમત દેખાડી. હું આમથી તેમ દોડું અને તેમથી આમ, પણ બૉલને અડકી જ નહિ શકું! જો અડકું તો બીજે જ ફટકે પેલો એવો સ્ટ્રોક મારે કે મારાથી તો જોઈ જ ન શકાય!

આમ હું સખત હાર્યો, પણ દિલ્હીના મિત્રે આ પ્રસંગ ખૂબ માણ્યો. પણ પછી પેલા નવા આવનારે મને ધીમે રહીને કહ્યું: 'હું ખરેખર દિલગીર છું. પણ આ મિત્રે મને કહ્યું એટલે મારાથી ના નહિ પડાઈ. હું છેલ્લાં ત્રણ વર્ષથી દિલ્હીનો ચૅમ્પીઅન છું!'

અલબત્ત, પેલી આંગ્લ યુવતીઓ બહુ ગુસ્સે થઈ ગઈ અને મારા મિત્રને સાફ સંભળાવ્યું કે 'મિ. મહેતા હમણાં જરા માંદા છે એટલે આમ રમ્યા, બાકી તે કદાપિ હારે જ નહિ!'

અને પેલા બે જણના ચાલ્યા ગયા પછી તેમણે મને કહ્યું કે, 'એ બે જણ બહુ જ અવિવેકી હતા. તમે જરા પણ મનમાં લાવતા નહિ. સારામાં સારા ખેલાડીઓ પણ કોઈ કોઈ વખત 'ઑફ કલર' થઈ જાય છે!'

મેં અનેક વાર સાંભળ્યું છે કે કાશીમાં એવા ચોબા રહે છે જે દશ શેર, વીસ શેર અને ત્રીસ-ચાલીસ શેર દૂધપાક ખાઈ જાય. પણ મેં માત્ર સાંભળ્યું છે; મારો પોતાનો અનુભવ નથી. બાકી મારી જિંદગીમાં મેં પણ ઠીકઠીક ખવૈયા જોયા છે ખરા.

અસલના સુવર્ણ યુગમાં, સૂરતમાં લગ્ન હોય ત્યારે, લગ્નના ચારેક દિવસ અગાઉ 'તાવી બંધ'નો રિવાજ હતો. હમણાંના 'મુંબઈ બંધ', જેવો નહિ; પણ 'તાવી બંધ' એટલે તે દિવસથી તાવી મૂકાતી નહિ, એટલે કે રોટલી થઈ શકે નહિ—લોહિયાંમાં પૂરી જ થાય!

આ પ્રમાણે અમે એક દિવસ રાતે પૂરી ને રવૈયાં-વેંગણનું જમણ જમતા હતા. અમે અને અમારાં સગાંવહાલાં બધાંએ ભાત માગ્યો. મારાં બહેને એક ગૃહસ્થને આગ્રહ કર્યો, 'હવે આટલામાં ભાત શું માગો છો? લો લો, બેત્રણ પૂરી તો લો.' એ ગૃહસ્થે જવાબ દીધો: 'તારો આગ્રહ છે તો મૂક, પણ મૂકવી હોય તો બેત્રણ પૂરીથી શું થાય?'

બહેને હાથમાં ડઝનેક પૂરી હતી તે પેલા ભાઈની થાળીમાં ઠાલવી દીધી. પેલાએ કહ્યું: 'ચાલો, તો હવે થોડું શાક પણ જોઈએને?

બહેને શાક મૂક્યું. અમે વાતોએ ચડ્યા. પેલાની થાળીમાં પૂરી થઈ રહી, અને એ ભૂલી ગએલા કે આ પૂરી તો આગ્રહ પછી મુકાઈ હતી! એટલે એમણે પાછી પૂરી માગી. એ મૂકવામાં આવી એટલે શાક થઈ રહ્યું. એટલામાં પૂરી પાછી થઈ રહી એટલે પૂરી માગી. આ પ્રમાણે ભાત માગ્યા પછી એ ગૃહસ્થે બરાબર ત્રણ ડઝન પૂરી અને ત્રણ વખતનું શાક ખાઈ લીધું. અલબત્ત, પછી બહેને ફરીથી આગ્રહ કર્યો જ નહિ, એટલું જ નહિ પણ ઝડપથી ભાત લઈ આવીને બધાને પીરસી દીધો! પેલા ભાઈએ કહ્યું: 'હવે અહીંથી જમીને મારે તરત 'નાઈટ ડયૂટી' પર જવું છે ને, એટલે સંભાળીને ખાવું પડે! બાકી બહેન, પૂરી શાકથી કાંઈ થોડું પેટ ભરાય?'

અમારા એક મિત્રનાં પત્ની પિયર ગએલાં. ઘરમાં મિત્ર એકલા એટલે એમણે એક રવિવારે ચારપાંચ મિત્રોને ઘેર જમવા બોલાવેલા. પોતે રસોઈમાં પ્રવીણ એટલે રસોઈ પણ 'ઓહો' બનાવેલી. બધા જમી રહ્યા અને પાનસોપારી ખવાતાં હતાં ત્યારે મારા મિત્ર આરામખુરશીમાં આડા પડ્યા.

પેલા ચારપાંચ મિત્રો અંદરઅંદર વાતે ચડ્યા. એકે કહ્યું કે હું હવે એક શેર શિખંડ ખાઈ જાઉં. બીજો કહે કે હું દોઢ શેર ખાઉં. ત્યારે ત્રીજાએ ઝુકાવ્યું કે એમાં તમે શી ધાડ મારી? હું બશેર ખાઈ જાઉં.

આ વાતથી અમારા મિત્ર ઉશ્કેરાયા. તેમણે આરામખુરશીમાં ટટ્ટાર થઈને કહ્યું: 'તમે પણ ભલા, શી નાનાં છોકરાંની રમત રમી રહ્યા છો? હું કોઈ ખવડાવે તો અત્યારે દશ શેર શિખંડ ખાઈ જાઉં!' પછી બોલ્યા: 'શું આપો?'

મિત્રો બધા ઠંડા જ થઈ ગયા, પણ એમણે આ વાત માની નહિ. બધાને લાગ્યું કે અમસ્થો ગપ્પાં મારે છે, એટલે એક જણાએ કહ્યું: 'તું દસ શેર શિખંડ ખાઈ જાય તો રૂપિયા દસ આપવા.' તે જમાનામાં દસ રૂપિયા નાની રકમ ગણાતી ન હતી.

આમણે પડકાર ઝીલ્યો. બધાએ ઝવેરી બજારમાં (મુંબઈમાં) જઈ નાકે એક ભૈયાની જાણીતી દુકાન હતી ત્યાં દસ શેર શિખંડ જોખાવ્યું. તે લઇને મારા મિત્ર બેઠા ને ધીમેધીમે દસ શેર શિખંડ ખાઈ ગયા.

રૂપિયા દસની નોટ ગજવામાં સરકાવી ચારેક આનાની એલચી લીધી. સૌ સૌને ઘેર ગયા પણ આ ભાઈ મુંબઈમાં રખડવા નીકળી પડ્યા. ત્રણેક કલાકની રખડપટ્ટી કરીને સાથે પેલી એલચી પણ ખલાસ કરી અને પછી ઘેર આવીને જરા સૂતા.

બીજે દિવસે સવારના પેલા મિત્રો આ ભાઈની ખબર કાઢવા આવ્યા. તેમને હતું કે ખાતાં તો ખાઈ ગયા, પણ પછી તબિયત કદાચ બગડી પણ હોય. પરંતુ આ ભાઈ તો બોલ્યા: 'અરે મારા ભાઈ શી વાત કરું! આ સારી પેઠે રખડ્યો એટલે બધું પચી ગયું અને ભૂખે પેટે આપણને ઊંઘ આવે નહિ એથી રાતે થોડી ખીચડી ને મોગરીની કઢી બનાવીને ખાઈ લીધાં!'

હું અને મારા બનેવીનું કુટુંબ દેવલાલી ગએલ. ત્યાંથી એક વાર હું મારા બનેવીના સૂરતથી આવેલા એક મિત્ર સાથે નાસિક ગયા. ત્યાં બધે ફર્યા અને રસની કેરી પાકી સો (એટલે ૧૩૬ નંગ) લીધી. તેમાંથી મેં, બનેવીએ અને પેલા ભાઈએ પાંચપાંચ કેરી સાથે નાસ્તો ખાધો અને એક ઓટલા પર વિશ્રાંતિ લેવા સૂતા. પેલા ભાઈએ કહ્યું કે આપણને બપોરે ઊંઘ નહિ આવે, એટલે હું તો બેઠો છું; તમે તમારે ઊંઘ લઈ લ્યો; પછી આપણે દેવલાલી જઈએ.'

અમે સૂતા. બેઅઢી કલાક પછી ઊઠીને નાસ્તાનાં વાસણો એકઠાં કર્યાં અને આસપાસ પેલી કેરી માટે જોયું. અમને ફંફોસતા જોઇને પેલા બોલ્યા: 'તમે શું શોધો છો? કેરી?'

અમે હા પાડી અને એ બોલ્યા: 'માફ કરજો પણ મને ખબર નહિ કે તમે ઘેર લઈ જવા કેરી લીધી છે. એટલે આપણે તો બેઠાબેઠા કેરી ચૂસી ગયા! પણ હરકત નહિ. હું હવે બીજી પાકી સો લઈ લઈશ.' આમ એ ભાઈ એકસો ને એકવીસ કેરી બેઠાંબેઠાં ચૂસી ગએલા!

ડ્યુસલડૉર્ફ, એસ્સેન, હૅનોવર અને સાન્ટા માર્ગારિટા

લેખક · ચંદ્રવદન ચી. મહેતા

હવે કયાં જઈશું? ઘણું ફર્યા—નાટકો જોવાં હોય તો ચાલો ઇંગ્લંડ; નાટકશાળાઓ જોવી હોય તો ચાલો જર્મની; તોફાન-મસ્તી કે ઠાઠઠઠેરો ને ચટકમટક જોવું હોય તો ચાલો ફ્રાન્સ કે ઇટાલી. પણ ફ્લૉરેન્સમાં એક ધંધાદારી રંગભૂમિની પરિષદમાં ભટકાયા બે જર્મન ધુરંધરો–એક મૅક્સિકોમાં યુનિવર્સિટીનાં પ્રોફેસર છે તે મિ. વાગનર અને બીજા ડ્યુસલડૉર્ફમાં થીએટરમાં નાટકો પસંદ કરે છે તે બેર્નર. ફ્લૉરેન્સ વિષે જો લખવા બેસીએ તો એક લેખ નહિ, પણ બાર ભાગમાં લાંબાં પુસ્તકો થાય. ગણિતના સિદ્ધાંત ઉપર બંધાએલું નગર, નગર નહિ નગરી, દાંતેની નગરી, ભૂમિતિના પાસાદાર મહોલ્લામાં વસતી નગરી, એક જ રંગ, એક જ ઘાટ, છતાં મનોહર મનોરમ નગરી, શિલ્પીઓનું શહેર અને આસપાસ ફરતી ટેકરીઓ, એ ડુંગરીઓ ઉપર એકેકા ઠાકોરની મહેલાત. આજે એના જૂના દરાખના માંડવાઓ ખરા, પણ ઠાકોરો ઠોકરાઈ ગયા. વળી એ વાતે ચઢીશું તો દરેક દરાખની ડુંગરી ઉપર એકેક પારાયણ લખવું પડશે. એ માંડવાઓમાં ભમી બેર્નર સાહેબ મને ડ્યુસલડૉર્ફ ઉપાડી ગયા.

બેર્નર મારા જૂના દોસ્ત, ડ્યુસલડૉર્ફમાં ત્યાંની નાટકશાળાનું મકાન એ મારો પીપળો, ભૂતનું ઘર, બીજે માળે એના ખંડમાં બેસી અમે કંઈક ચર્ચાઓ કરી હશે. નાટકશાળા જૂની છે, નવી બાંધવાના નકશા તૈયાર થઈ રહ્યા છે. એ જોયા, ચર્ચ્યા, વિચાર્યા, સુધાર્યા, એવું આપણે ત્યાં તો નહિ જ બંધાય એની ગણતરી કરી હું મનમાં કચવાયો, પસ્તાવે ઝુર્યો. શું થાય? બેર્નરમાં કુદરતે નિખાલસતા ઠાંસીઠાંસીને ભરી છે. વહાલના ઊભરા છલકાયા કરે, સેવાની ભાવના તરવર્યા કરે. ત્યાં બેઠાબેઠા એ એક મિનિટમાં વિયેનાના ફીડરમાન સાથે ઓળખાણ કરાવે, તો બીજી ઘડીએ બર્લિનમાં પ્રો. બોર્ના માનની સાથે વાત કરાવે. ત્રીજી પાંચ મિનિટમાં મિલાન કે રોમ કે છેક ઈસ્તંબુલમાં બેઠેલા એના મિત્ર સાથે સંબંધ બાંધી આપે આમાંનું એના ખંડમાં કોઈ હાજર નહિ, પણ એનો જમણો હાથ ટેલિફોન ઉપર. ડાયરેક્ટ જોડાણ કરી બેપાંચ વાક્યોમાં ઓળખાણ આપી મીઠી દોસ્તી બંધાવી આપે. એનો આત્મવિશ્વાસ એની આબરુ, એનો વટ જે કહો તે એટલાં ભારી કે પોણા કલાકમાં તો એણે કંઈક એવા સંબંધો બાંધી આપ્યા હોય; યુરોપને બીજે ખૂણે ત્યાંની નાટકશાળામાં શું ભજવાય છે એની ખબર કાઢી, ત્યાં કેમ જવાય એની વ્યવસ્થા નક્કી કરી આપી હોય. લાગણીથી છલકાતો માણસ, કંઈક વ્યક્તિઓ જોઈ, પણ બેર્નર તો બેર્નર જ. તમે એના દોસ્ત, તો એ દોસ્તના દોસ્ત પણ તમારા જ દોસ્ત. અલબત્ત, એ કંઈ લેભાગુ દોસ્તો નથી સંઘરતા, બધા જ નાણી જોએલા. કયાંકકયાંક થાણા નાખી કામમાં રચ્યાપચ્યા રહે એવા, પણ બધે જ એની શાખ, આપણી જૂની આત્મારામ ભૂખણની પેઢી જેવી. અસરકારક હુંડી ન સીકરાય એવું કદી ન બને એવી.




જૂના દોસ્ત-બેર્નર

તાજેતરમાં 'વેઇટિંગ ફોર ગોડોટ' ઉપરથી યુગોસ્લાવિયાના એક નાટકકાર માયોડ્રાગ બુલાટોવિસે–'ગોડોટ પાછો આવ્યો છે' એવું નાટક લખેલું. અમે એના રીહર્સલમાં બેઠા હતા. આછા અજવાળામાંથી પણ એણે એક છાપામાં કામ કરતી છોકરી શોધી કાઢી, બેપાંચ વાક્યો કહ્યાં અને રીહર્સલ પૂરું થતાં બહાર બધી વ્યવસ્થા તૈયાર. પોતાની ગાડીમાં લઈ ગઈ, એસ્સેન–હિટલરના જૂના જમાનામાં પ્રખ્યાત ક્રૂપનું ગામ, લોખંડનો માલ ક્રૂપે ન બનાવી આપ્યો હોત તો હિટલર વહેલો રવડી ગયો હોત. આ ઈરન ક્રેડાબર્ગ એસ્સેન પાસેના બ્રિડની તળાવની આસપાસની અતિ રળિયામણી જગ્યામાં ફેરવી એના દાદાને ત્યાં લઈ ગઈ. બુઢ્ઢો ક્રૂપનો સાથીદાર, ઈઝીચેરમાંથી માંડ ઊભો થઈ શકે, ઍંશી ઉપરનો, પણ આંખમાં-સ્વભાવમાં હિટલર પ્રત્યેની વફાદારી એટલી જ સતેજ–હારી ગયા, પણ હિટલર ખોટો નહોતો, વધારે જીતો મેળવ્યા બાદ એ આડે રસ્તે ઊતર્યો, અને એણે સત્યાનાશ વાળ્યું, પણ એની વિચારશ્રેણી ખોટી નહોતી–હજી એટલો જ નક્કર હિટલરવાદી, જૂની તુમાખી, સત્તાની ગરમીનો પારો ઉપરનો ઉપર જ. એવા પણ હજી પડયા છે, પૌત્રી તદ્દન નવીન માર્ગે. દાદા અને દીકરી વચ્ચે આવા પ્રકારનો વિચારશ્રેણીમાં ફેર હોય એ તો ચારેકોર સ્વાભાવિક જ છે. ગમેતેમ હોય, ક્રૂપનો આલિશાન બંગલો, બંગલો કે મહેલ, એમાં આજે નાટક-શિખવણીની શાળા ચાલે છે. એક પાંખમાં નૃત્ય, બીજીમાં સંગીત તો ત્રીજીમાં વળી નાટક, અને હજી બધા માળ-મજલા પૂરા વપરાશમાં નથી. જૂની બાંધણીનો કિલ્લો કહો કે ગઢી કહો, એમાં નાનકડું થીએટર તો ખરું જ.

એસ્સેન આવ્યા છીએ તો ત્યાંથી હેમબુર્ગ હૅનોવર પણ લટાર મારીએ. ટ્રેઈન પ્લેન તો છે જ, પણ મોટરો માટે ઑટોબાનની કયાં કમી છે? હેમબુર્ગનાં થીએટર તો આપણે આગળ માણી ગયા છીએ, હવે હૅનોવર અને ત્યાંથી નજીકમાં બ્રાઉત્સવાઈગ જઈએ. છે તો પુરાણું શહેર. પણ લડાઈમાં ખૂબ પિંખાએલું હણાએલું ગામ છે, છતાં જે સત્તાધારીઓ અને માલેતુજારો સત્તા કે ધનના જોરે પોતાનું ભારોભાર અજ્ઞાન બતાવવા નાટકશાળા બાંધવા-બંધાવવા જાહેરમાં ટપકી પડે છે, એ મહાશયોને આ શહેરમાં ત્યાંનું ઓપેરા હાઉસ જોવા જવા વિનંતી છે. નવું કશું નથી, અઢળક ધન ખર્ચીને પણ એ બંધાએલી નથી. કયાં લાઈપઝિગ વિયેના મિલાનનાં ઓપેરા હાઉસ અને કયાં આ કાળમીંઢ પથરાઓમાં જૂની બધાએલી ઓપેરા, પરંતુ, એ બાંધવાની જગ્યાની પસંદગીમાં કેટલી બુદ્ધિ વપરાઈ છે, કેટલી ચતુરાઈ ચમકી રહી છે, તે જોવાની જરૂર છે. આસપાસ બે બાગ, વચમાં નાની ટેકરી, એ ટેકરી ઉપર એકલી આ ઓપેરા હાઉસ પોતે જે સ્વસ્થતાથી ખડી છે, તે જોઈ કોઈનું પણ મન તે સ્થળ ઉપર આકર્ષાયા વિના રહે નહિ.

મારે ફરી વાર ડહાલેમ મ્યૂઝિયમ–બર્લિનમાં આપણા જૂના નાટકકાર અશ્વઘોષના શારિપુત્રપ્રકરણ નાટકનાં મૂળ પાનિયાં જોવાં હતાં, અને બને તો ફોટોગ્રાફ મેળવવા હતા, એટલે વેસ્ટ બર્લિન ઊડયા. બર્લિનની રોનક વિષે આપણે ઘણી વાર લખી ગયા છીએ; એના કૉન્સર્ટ હૉલની તારીફ કરતાં આપણે કદી થાકયા નથી, ડહાલેમ મ્યૂઝિયમમાં જૂની ભારતની શિલ્પ-સમૃદ્ધિ જોતાં ધરાયા નથી. રજાનો દિવસ હતો છતાં એ પંડિતો ડૉ. હર્ટેલ અને ડૉ. મોલર ખડે પગે



'નવ વાગ્યે કાર્નિવલ'

આપેલા સમયને કાંટોકાટ ઊભા હાજર હતા. એમણે મને સંસ્કૃતમાં આવકાર આપીને હાથ જોડી નમન કરી તુરત અશ્વઘોષનાં પાનિયાં હાજર કર્યાં અને ફોટા પાડી લેવા ગોઠવણ કરી આપી. કંઈક ગેરસમજૂતી. મને વળી કયે દિવસે કૅમેરા ચાલતાં આવડતો હતો જે, એ વાત સ્પષ્ટ કરતાં તુરત પોતે એના ફોટા પડાવી બીજે કે ત્રીજે દિવસે હોટેલમાં મોકલી આપશે, એવું નક્કી કરી, બાર વૉલ્યુમમાં પ્રો. લુડર્સે એવાં ૧૮૦૦૦ પાનિયાં મધ્ય એશિયામાંથી એકઠાં કરેલાં તે વિષે છપાએલા ફોટા સાથેનાં પુસ્તકો બતાવ્યાં, છેને જિગર ! સાહિત્યપ્રેમ, જૂનવાણી વસ્તુઓ સાચવવાનો શૉખ, અભ્યાસની લત, પણ એ વાત છોડી દઇએ, અને આગળ ચાલીએ તો ડૉ. હર્ટેલ કહે છે : 'હું આજે ઘણો ખુશ છું.' 'કેમ, મહાશય ?'

'મને આજે જ ભારતથી કાગળ મળ્યો છે. દસ વર્ષથી અમે હિન્દુસ્તાનમાં ખોદકામ કરવા માગતા હતા, પણ રજા નહોતી મળતી.'

મારા મનમાં કે ત્યાં ક્રિયા સોનાના ચરુ શોધવા આ જહેમત કરવા જવાના હશે, પણ હું કંઈ પૂછું તે પહેલાં તો સામે પડેલા નકશાનો થોક ઉકેલી એમાં દિલ્હી ને ત્યાંથી મથુરા બતાવી, મથુરાથી થોડે છેટે પૂર્વ દખ્ખણમાં એક નિશાની બતાવી અને બોલ્યા : 'અહીં ટેકરો છે તે આપનું જૂનું મથુરા.'

મારા કાન મારા ચાડાને ચોંટેલા હતા કે-'હા જી, અમને પાકી ખાતરી છે કે આ મોલ્ડ – આ ટેકરા નીચે જૂનું મથુરા દટાએલું છે.'

છક્કડ ખાઈ ગએલી બુદ્ધિ જાગ્રત થઈ પૂછે છે : 'પણ મારા સાહેબ ! જમુના તો ત્યાંથી...'

'બરાબર છે, હજારો વર્ષોની વાત જવાદોને, આજે આસામમાં ત્યાંની નદીઓ બેપાંચ વર્ષમાં પોતાના પટ નથી બદલતી ? જમુના ખસી ગઈ હશે. અમે તો હવે પાવડા-કોદાળા લઈ ઊપડવાના. બે વર્ષ કે બાર વર્ષ, ત્યાં અમે ધામા નાખવાના, પોપડા ઉકેલવાના, અમારી માન્યતા ખોટી પણ ઠરે, પરંતુ હું ત્યાં બેપાંચ વાર આંટા મારી આવ્યો છું. મને અંતરથી લાગ્યા કરે છે કે અહીં કંઈક દટાયું છે અને તે મારે શોધવું.' મેં કહ્યું : 'આપની પ્રજાને તો વિજ્ઞાનમાં રસ.'

'જી, અને જ્ઞાનમાં રસ, અંતર પ્રેરણામાં પણ રસ, આવી બાબતમાં ઈન્સ્ટિંક્ટમાં પણ માનીએ, અને આપ માનો છો એવાં આવી જાતનાં તપ પણ આદરીએ.'

ખરેખર, આ ડૉકટર હટલ માટે મને બહુ માન થયું. આ છપાઈ વંચાતું હશે ત્યારે કદાચ એમનો રસાલો ભારતમાં આવી પણ પડયો હશે, અને એમની પેઠ મથુરાના પાદરે ગણતરી કરવામાં રોકાઈ હશે.

ઘણી વાર આપણે બે ફડચામાં વહેંચાએલા બર્લિનની દીવાલ ઓળંગી છે. એક વાર વિશ્વાસ અને ભરોસો પડતાં કશી કશી તકલીફ નથી પડતી. સુભાગ્યે બંને પડખાં સાથે મારે સારો સંબંધ છે. ઘણા મિત્રો અને વારંવારની આવનજાવનથી કાગળોની ફાઈલ પણ મોટી, મોટી એથી જૂની, અને ઝપાટાબંધ સહીસિક્કા થતાં વાર નહિ. ત્યાં વૉન ફ્લોસ હેમલનું 'નવ વાગ્યે કાર્નિવલ'નું આઠ વાગ્યે શરૂ થતું નાટક જોવા ગયો. એમાં બે વાત : એક તો નાયિકા રીટાનો બાલિશ ચંચળ તોફાનભર્યો અભિનય, ટૂંકા વાળને લઇને નાયિકા છોકરા જેવી લાગે, પણ અભિનયમાં નજાકત લટકો લાવણ્ય મૌગ્ધ્યં ભારોભાર; એનો પ્રેમી ઈસ્ટમાં, એને હાથતાળી આપી વેસ્ટમાં જાય, ત્યાં રહે, ત્યાંથી પાછી આવે, નાયક ઠંડા દિલનો, એકલો ઝૂરે, પણ કુમારીના ચાંચલ્યને ન ડારે ન દબાવે. એમ ઈસ્ટ અને વેસ્ટ બર્લિનની સરહદો ભેદતું આ નાટક છે. છોકરીને પાઠ એના સ્વભાવને માફક આવી ગયો હોય એવું જ લાગે; મીઠી, નિર્દોષ પણ લાગે; ચાંચલ્યથી ચીઢ પણ ન ચડે, સહજ કુદરતી અભિનય, દયા આવે તો તે નાયકની. દશ્યો અદલાય બદલાય ત્યારે સંવાદમાં પેલો પૂછે એના કઈ સીધા જવાબ જ ન આપે, ઉડાવે, ઠઠ્ઠો કરે, હા, ના એમ તો એમ, બને પણ, જોઈશું, ઠીક છે, દેખા જાયગા, પ્રેમના સંવાદસંવનનમાં આવા જ જવાબો; અને આખરે હરીફરી વેસ્ટથી પાછી ઈસ્ટમાં ઠામ પડી, અને બંને વગર વિવાદે પરણ્યાં એ એક વાત.

બીજી વાત એના તખ્તાની સજાવટની. આવડું મોટું કાર્નિવલ તખ્તા ઉપર રજૂ શી રીતે થાય ? તો કે નાનાનાના સૂચક આકારોથી. જાયન્ટ વ્હીલ, ચકરડાં, ઉપરચઢ, ખાણાપીણાની દુકાનો એવું એવું જાયન્ટ એટલે કે રાક્ષસી કદમાં નહિ પણ નાનાં રમકડાંના કદમાં રંગભૂમિ ઉપર ગોઠવી દીધેલાં અને કામ ચલાવેલું. નવા જ પ્રકારનું, નવી લખાવટનું રમતિયાળ નાટક, પણ દિલ બહલાવી દે એવું.

નટ-નાટક-નાટકશાળાની બહુ વાતો કરી : એક નવી જાતના અનુભવની અને બેનમૂન સ્થળના સૃષ્ટિસૌન્દર્યની વાત કરું. તે ઇટાલીમાં મિલાનથી જીનીવા નહિ પણ ઇટાલિયન જીનોવાની દક્ષિણે ટ્રેઈન કે મોટરમાં જઈ શકો તો જઈને જોજો. યુરોપ જનારા તો ઢગલેબંધ જાય છે, જાતજાતના નિયમો અંતરાયા છતાં જનારા થોકડેબંધ જાય છે; પણ સાંટા માર્ગારિટા તો કોક જવલ્લે જ જાય, બાકી મોટાભાગના તો નહિ જ જતા હોય. અલબત્ત, ભારત સિવાયના કુદરતને માણનારા તો ભલભલા ત્યાં જાય છે જ. ઇટાલીનો એ સાગરકાંઠો અનુપમ છે. તડકો ખરો અને ઠંડક પણ ઠીક; વળી, જમીનની કોરેકોરે પહાડ અને ખૂણા-ખાંચરાવાળા સંખ્યાબંધ નાનાનાના અખાતો. સાંટા માર્ગારિટામાં એક ડુંગરી રિસાઈ ગઈ હશે, તે મૂળ જમીનની ગિરિમાળામાંથી બહાર સરકી પડી અને દરિયામાં જઈ ઊભી. તેરમી સદીનાં ત્યાંનાં ઘરોનો રંગ ત્યારે જેવો હતો તેવો જ, તે જ બાંધણી; અંદર જે ફેરફાર કરવા હોય તે કરો, પણ બહાર તો એ જમાનાનું જ બંદર : ગિરિગોદમાં ભલભલાં નટનટીઓએ પોતાના નાનામોટા બંગલા વસાવ્યા છે, કેટલાકે હમેશને માટે ત્યાં સ્ટીમલૉંચો બાંધી રાખી છે. સેંકડો એવી હોડકીઓ ત્યાં ખડી પડી જોવા મળે. અહીં રસ્તે ચાલ્યા કરો કે દરિયામાં ફરવા નીકળો, નવાનવા ખૂણાઓમાંથી બંદરનાં અવનવાં દશ્યો દેખાયા કરે. વાદળીઓ ત્યાં ભમવા આવે, બે છાંટા પાડી ચાલી પણ જાય, યા એક ઠેકાણે ઠસી ઊભી પણ રહે. જૂનવાણી જેવાં લાગતાં, પણ રાંધણીમાં અત્યંત સ્વાદિષ્ટ રસોઈ બનાવનારાં રેસ્ટોરાંનો તો અહીં પાર જ નહિ. સ્ટીમલૉંચમાં નીકળો ને અરધો પોણો માઈલ જાઓ તો બીજું બંદર, વળી ત્રીજું (અનુ.પૃ. ૮૨)

આહાર જેટલી જ જેની અગત્ય છે તે

ઉપવાસનું મહત્ત્વ

લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

અપૂરતા અને અપૂર્ણ આહારથી જેમ વિવિધ રોગો થાય છે તેમ વધારે અને વારંવાર ખાવાથી, સ્ટાર્ચ, ખાંડ અને પ્રોટીનનો અતિરેક થઇને પણ રોગો થાય છે. તંદુરસ્ત શરીરમાં રોજિંદા ખોરાકને પૂરેપૂરો પચવા માટે ચૌદેક કલાક વીતે છે; ત્યારે માંદલા શરીરમાં વધારે સમય લાગે છે. ખોરાકના પાચનમાં શારીરિક અને રાસાયણિક ક્રિયાઓ થતી હોવાથી એમાં પુષ્કળ દેહશક્તિ વપરાય છે. રોજિંદા ત્રણ ટંકના ખોરાકનાં પાચન, ભસ્મીકરણ અને વિસર્જનની ક્રિયાઓમાં શરીરનાં બધાં અવયવોને સતત કાર્યરત રહેવું પડે છે અને એમને આરામ, મરામત અને શકિત પ્રાપ્ત કરવાનો સમય મળતો જ નથી. આ સતત કામગીરીમાં તેમને થોડી રાહત આપવાની દૃષ્ટિએ નિયમિત સમયાનુવર્તી એક ટંક કે આખો દિવસ ને નબળી તબિયતવાળાને ત્રણ ટંકના બદલે લાંબા ગાળે બે ટંકના ભોજનથી પાચન-અવયવોને ઘણો આરામ રહે છે, પાચનક્રિયા સુધરે છે. કેટલાકને તો રોજ એક ટંક ખાવાથી ખોરાકનું જ સારું પાચન ને અભિશોષણ થાય છે.

માણસ માત્રમાં ખાવાની વૃત્તિ એટલી પ્રબળ છે કે મોટા ભાગના લોકો વધારે ખાવાનો થોડો ઘણો દોષ તો કરે છે જ. આથી આપણાં ધર્મશાસ્ત્રોએ ઉપવાસનો આદેશ આપેલો છે. ગાંધીજીએ ઉપવાસની આવશ્યકતા માટે આ પ્રમાણે લખેલું છે: 'જરા પણ સ્વાદ થયો ત્યારે જ શરીર ભ્રષ્ટ થયું ને ત્યારથી જ ઉપવાસની આવશ્યકતા તે શરીરને સારુ પેદા થઈ' (વ્રતવિચાર). 'આપણામાંના સારાસારા (માણસો) પણ અતિ આહારનો ઓછોવત્તો દોષ કરે છે જ એટલે આપણા પૂર્વજોએ ધર્મ તરીકે આપણને ઉપવાસની આજ્ઞા આપી છે.'

મોટા ભાગના રોગો ખાધેલા ખોરાકનું બરાબર પાચન ન થતાં અન્નનો અપકવ રસ શરીરમાં ફરવાથી થતા હોવાનું પ્રાચીન આયુર્વેદાચાર્યોનું કથન છે. વળી મંદ જઠરાગ્નિથી બધા રોગો થતા હોવાનું કહેલું છે. (रोगो सर्वेऽपि मंदाग्नौ ॥) અપકવ અન્નરસથી શરીરમાં થએલા દોષોનું લંઘનથી પાચન થાય છે; જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે, ભૂખ લાગે છે, રુચિ ઉત્પન્ન થાય છે, શરીર હલકું બને છે અને જીવનશક્તિ વધે છે. મહર્ષિ ચરકનું કથન છે કે આમાશયથી ઉત્પન્ન થતા રોગોમાં પાચન, વમન અને અપતર્પણ (લંઘન) સમર્થ ઔષધ છે. (વિમાનસ્થાન ૩:૪૪).

હિંદુધર્મમાં એકાદશીનો મહિમા જાણીતો છે. જૈનધર્મમાં પર્યુષણના ઉપવાસ, ઈસ્લામમાં રમજાનના રોજા અને ખ્રિસ્તી ધર્મમાં ઈસ્ટરના પવિત્ર દિવસો અગાઉ અઠવાડિયાના ઉપવાસ પાળવાનો આદેશ છે. આમ, બધા ધર્મોમાં મન, વાણી અને કામની શુદ્ધિની દૃષ્ટિએ ઉપવાસનું મહત્ત્વ દર્શાવ્યું છે.

કાકાસાહેબ કાલેલકર લખે છે કે, 'ઉપવાસનો મૂળ અર્થ અનશન નથી. ઉપ-વાસ એટલે પરમાત્માની નજીક રહેવું, એની સન્નિધિ અનુભવવી. જે ઇંદ્રિયોને તૃપ્ત કરવા બેસે છે તે ઈશ્વરનું નામ લેવા છતાં ઈશ્વરની સન્નિધિ અનુભવી ન શકે. આહાર માત્રનો ત્યાગ કરી અથવા શરીર-પ્રકૃતિનું સામ્ય જાળવવા ખાતર અલ્પ માત્રામાં સાત્ત્વિક આહાર કરી પરમાત્માનું સ્મરણ કરવું; તેની ભકિત કરવી, તેનો નિકટ વાસ અનુભવવો, એનું નામ તે ઉપવાસ. ઉપાસકે આહાર ઓછો કર્યે જ છૂટકો, એમ જોઇને ધાર્મિક સાધનાને અર્થે કરેલા અન્નત્યાગને જ ઉપવાસ કહેવા લાગ્યા' (જીવતા તહેવાર). આવી રીતે મનોબળ અને શરીરબળની વૃદ્ધિ માટે પણ ઉપવાસની એટલે અન્નત્યાગની જરૂર છે.

પેટ બગડે ત્યારે ખાવાની રુચિ થતી નથી છતાં ય ખાવાના ટાણે ખવાઈ જાય છે. આમાં ટેવ કામ કરી જાય છે. પણ આવા સમયે એક ટંક કે આખો દિવસ ખાવાનું છોડી દઈ શરીરના અવયવોને જામેલા દ્રવ્યોનો નિકાલ કરી નાખવાનો સમય આપવો જોઇએ. અભિશોષણ થઈ શકે તેના કરતાં આપણે વધારે ખાઇએ ત્યારે અર્ધું શોષાએલું પોષણદ્રવ્ય શરીરમાં ફરતું રહે છે, જે રોગોત્પાદક જીવાણુઓના સારું ઉછેરનું માધ્યમ બને છે. ઉપવાસ દરમિયાન આ પોષણદ્રવ્ય શોષાય છે જેથી જીવાણુઓને ઉછેર પામવાનું દ્રવ્ય રહેતું નથી. બીજાં હાનિકર દ્રવ્યો બળી જાય છે. શરીરાંતર્ગત દોષો નાશ પામે છે. ઉપવાસ દરમિયાન જીવનક્રિયા (મેટાબોલિઝમ) અને શ્વસનક્રિયા વધે છે. રોજબરોજ વધારે પડતા કામથી થાકેલાં અવયવોને, ખાસ કરીને હોજરી આંતરડાં ને યકૃતને વિશ્રાંતિ મળે છે, આનાથી શરીરનાં બીજાં અવયવો અને ગ્રંથિઓને અપરોક્ષ લાભદાયી અસર થાય છે. શરીર હલકું બની મન શુદ્ધ થઈ વિચારો સ્ફુટ થાય છે. આમ શારીરિક અને માનસિક તંદુરસ્તી પ્રાપ્ત થાય છે.

ઉપવાસ અગાઉ આંતરડાંનો મળ શુદ્ધ થવો જોઇએ. આના માટે જુલાબ લેવા કરતાં એનિમા લેવી સારી છે. જુલાબથી શરીરમાંથી બહુ પાણી નીકળી જાય છે. એનિમા ન લેવી હોય તો ઉપવાસની આગલી રાત્રે હળવો ખોરાક લેવો. ઉપવાસ દરમિયાન પુષ્કળ પાણી પીવું પાણી મહાન દ્રાવક છે. એનાથી જીવનક્રિયાનો કચરો ધોવાય છે. ઉપવાસ દરમિયાન ખુલ્લી હવામાં જઈ ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવા. રુચિ કે ભૂખ ઊઘડયા વિના પ્રવાહી યા ઘટ્ટ ખોરાક ન લેવો. ઉપવાસના બીજા દિવસે પણ ભારે નહિ પરંતુ હળવો ને સ્નિગ્ધ ખોરાક જ લેવો.

આરોગ્યમાં ઉપવાસ જેમ આરોગ્યપ્રદાતા છે તેમ અમુક માંદગી વખતે ઉપવાસ રોગમુક્ત થવામાં સહાયરૂપ થઈ પડે છે. આયુર્વેદમાં ज्वरादो लंघनम् प्रोक्तम् ॥ તાવમાં ઉપવાસનો આદેશ છે. વૈજ્ઞાનિક નિસર્ગોપચારમાં ઉગ્ર રોગોમાં ઉપવાસના ઉપયોગ સંબંધી શ્રી રમણલાલ એન્જિનિયર લખે છે, 'રોગ સમૂહની દૃષ્ટિએ તમામ ઉગ્ર રોગોમાં ઉપવાસ એ એક અનિવાર્ય ઉપચાર છે. કાકડાના સોજાથી માંડી બૃહદાંત્રના સોજા સુધીના ઉગ્ર રોગોમાં ઉપવાસ અને રોગ મટયા બાદ પુનર્રચનાના સમયમાં ફળાહારનું સેવન કરવાથી એ રોગો મૂળ મૂકીને જાય છે. મૅલેરિયા, ઇન્ફ્લુએન્ઝા, હોજરીનો સોજો, કલેજાનો સોજો, કમળો, ઍપેન્ડિસાઇટિસ, પેરિટોનાઇટિસ, ઝાડા, મરડો, કૉલેરા, ટાઈફસ અને ટાઇફોઈડમાં ઉપવાસ સંપૂર્ણ રીતે અનિવાર્ય છે. રોગનિવારક ક્રાંતિમાં ઉપવાસનાં પરિણામો સર્વશ્રેષ્ઠ હોય છે.

ઉપવાસ દરમિયાન દર્દીને પીણાં તરીકે સતરાં, મોસંબી, બીજોરાં વગેરે ખટમધુરાં ફળોના પાણી સાથે તેના ચોથા ભાગના પ્રમાણમાં મેળવી રુચિમુજબ આપવાં. લીંબુ કે ગ્રેપફ્રૂટ જેવા અતિશય ખાટાં ફળોના રસપાણી સાથે એના આઠમા કે સોળમા ભાગના પ્રમાણમાં આપવાં.

તીવ્ર ચેપી રોગોમાં રોગીને ખાવું ગમતું નથી. તરસ છીપાવવા તે પાણી માગે છે. ચેપ સામે ઝઝૂમતા શરીરમાં ખોરાક નાખી ભાર

કરવાના બદલે ફળોના રસ દ્વારા અલ્કલી ખનિજ દ્રવ્યો, વિટામિનો અને આથવણો આપવાં યથોચિત છે. આનાથી પાચનમાર્ગની શુદ્ધિ થવા સાથે રૂધિરાભિસરણનો ભાર હળવો થાય છે, પ્રતિકારશક્તિ વધે છે. તાવ ઊતર્યા સુધી રોગીને ચાવવો પડે એવો ખોરાક આપવાનો નથી. જો રોગીને ઔષધ અપાતું હોય તો પ્રવાહી ઉપરાંત ભૈડકી (ગ્રુએલ) આપવાનું જર્મન દાક્તર યુજેન હુનનું કહેવું છે.

રૂધિરાભિસરણના રોગોમાં ખોરાક અને પ્રવાહીનાં પ્રમાણ મર્યાદિત રાખવાથી શરીરમાં રક્તાભિસરણનો બોજ હળવો થાય છે; હૃદય અને લોહીની નળીઓની ઊણપમાં સુધારો થાય છે. આપણે રોજિંદા ખોરાક મર્યાદિત કરવાથી લોહીના ઊંચા દબાણની સ્થિતિમાં સુધારો થતો જોવા મળે છે.

હોજરી-આંતરડાંના રોગોમાં ઉપવાસનું મોટું મૂલ્ય છે. હોજરી બગડી હોય ત્યારે બે-ત્રણ દિવસના નકોરડા ઉપવાસ પૂરતા થઈ પડે છે. અજીર્ણ અને હોજરીના ચાંદામાં દાક્તર પથ્ય અલ્પાહાર સૂચવે છે. ગળું કંઠનળી અને શ્વાસનળીના ચિરકારી રોગો અને દમમાં ઉપવાસ કે મર્યાદિત આહારથી સારી અસર ઊપજે છે. પ્રૌઢ અને વૃદ્ધાવસ્થામાં ડાયાબિટિસ રોગ માટે અવારનવાર ઉપવાસ નિર્વિવાદ ફાયદા કરે છે. ખરજવું, શિળવા, ખણુજ, સોરિયાસીસ, ખીલ, ફોડકી જેવા ચામડીના ચિરકારી રોગોમાં ઉપવાસ અને ત્યાર બાદ મીઠા વિનાના ખોરાકથી ઘણો ફાયદો થાય છે.

જાડા માણસોનું વજન ઘટાડવા માટે ઉપવાસનો પ્રયોગ હમણાં સ્વીકાર પામ્યો છે. બ્રિટનમાં ગ્લાસગોની બે હૉસ્પિટલોમાં ઉપવાસ દ્વારા વજન ઘટાડવાના પ્રયોગમાં રોગીઓને ટોટલ ફાસ્ટિંગ–સંપૂર્ણ ઉપવાસ પર રાખેલા. શરીરમાં ગરમી પેદા કરતાં પ્રવાહી અને પૂરક વિટામિનો તેમને આપવામાં આવતાં હતાં. આવી રીતે ૨૩૯ દિવસમાં ૯૭ રતલ વજન ઘટ્યાના અહેવાલ જાણવા મળે છે.

ઉપવાસ એટલે નિરાહાર રહેવું. અતિકૃશ, અતિરોગી, અતિઅશક્ત અને અતિવૃદ્ધને ઉપવાસની મના છે. જો નિરાહાર ન રહેવાય તો માત્ર ફળોના રસ ઉપર રહેવું. જો એમ ના થાય તો ફળો ખાવાં. ઉપવાસનો એનાથી ઊતરતો પ્રકાર ફળો અને દૂધ લેવાનો છે. આ પછી દૂધ અને ભાત કે દૂધ અને મગની દાળની ખીચડીનો એક ટંકનો અલ્પાહાર છે. આ દરેક પ્રકાર એકબીજાથી ઊતરતો છે. યાદ રાખવા જેવું છે કે થોડું ખાનારો કદી દુઃખી થતો નથી. અઠવાડિયામાં એક દિવસ એકટાણું અને પખવાડિયે એક નકોરડો કે ફળ ને દૂધ સહિતનો ઉપવાસ આરોગ્યની દૃષ્ટિએ હિતાવહ છે. શરીરને નીરોગી રાખવાનું અને રોગ મટાડવાનું ઉપવાસમાં સામર્થ્ય છે આથી જ તેને પરમ ઔષધ लंघनं परमौषधम् કહેવામાં આવે છે. વળી તે રોગ પ્રતિબંધક, આરોગ્યવર્ધક અને દીર્ઘાયુષ આપનાર પણ છે.

અનુસંધાન] **શિખર પરનો શિબિર** [પૃ. ૪૮થી

સ્વભાવ, તેની વૃત્તિઓ અને ઊર્મિઓ કેવી રીતે વ્યક્ત થાય છે તે સમજાવ્યું. ત્યાર બાદ અમને એ જ ચિત્રો જોઇને નવી વાર્તાઓ લખવા માટે કહેવામાં આવ્યું. એ વાર્તાઓને પણ માનસશાસ્ત્રના બે અધ્યાપકોએ તપાસી તેનું મૂલ્યાંકન કર્યું. આમ, શિબિર પહેલાં અને પછી લખેલી વાર્તાઓના મૂલ્યાંકન પરથી ફાધર હેરેદેરોએ અમને શિબિરથી થએલો ફાયદો બતાવી તેમાં રહેલી અમારી ત્રૂટીઓ તરફ ગુરુસહજ ભાવે અગુલિનિર્દેશ કર્યો.

રોજ નમતે બપોરે અમે કુદરતના ખોળે હસતા, ગાતા, વાતો કરતા દૂર દૂર સુધી ફરવા નીકળતા અને ત્યાં બેસીને નિખાલસપણે પોતાની મુશ્કેલીઓ રજૂ કરતા અને તેના જવાબ શોધતા. શિબિરના અધ્યક્ષો એ સર્વેનું સમાપન કરતા. વળી પહેલે દિવસે અમે 'હું કોણ છું?' એમ કહીને અમે પોતપોતાનો પરિચય આપ્યા પછી અમારા અધ્યાપકોએ દિલ પણ ખોલીને પોતાનો પરિચય આપ્યો હતો. આમ આમાં સૌન્દર્યદર્શન સાથે આત્મદર્શન પણ થયાં.

રાત્રે અમે સવારની જેમ જ પ્રાર્થના કરી છૂટા પડતા, અને રૂમમાં જઈ, દિવસ દરમ્યાન કરેલાં કાર્યોનું વિહંગાવલોકન કરી, તેમાંની ભૂલો તારવીને તેનાથી બચવાનો તથા શક્તિઓ જાણીને તે વિકસાવવા એનો નિર્ણય કરતાં દિવસને અંતે શાંતિથી બેસી તટસ્થભાવે પોતાનાં કાર્યોને મૂલવી વધુ સારા બનતા રહેવાની અમને ટેવ પડી.

શિબિરના મુખ્ય બે હેતુ મને લાગ્યા : એક તો સારા કાર્ય માટેનાં પ્રેરકબળો મનમાં દાખલ કરવાનું અને સુષુપ્ત શક્તિઓને જગાડવાનું માનવમનમાં જો વિચારબીજ હશે તો જ તે સિદ્ધિનું ફળ પામશે. વળી સમૂહમાં રહી કાર્ય કરતાં પણ શીખ્યા. શિબિરની સમગ્ર ફલશ્રુતિ એ લાગી કે માણસે એક નિશ્ચિત ધ્યેય નક્કી કરી, તે પ્રમાણે જીવન ગોઠવીને તેમાં સમયનો પૂરેપૂરો સદ્‌ઉપયોગ કરી તથા રોજ દિવસને અંતે બધાં કાર્યોનું તટસ્થભાવે અવલોકન કરીને ઉચ્ચતર જીવન જીવવા ઉમંગપૂર્વક પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

અંતમાં આ બધાંમાં ક્યાંય સ્પષ્ટરીતે ન દેખાવા છતાં આખા શિબિરની વ્યવસ્થાની જવાબદારી લેનારા ફાધર ઉરેતિયા કેમ ભુલાય? તેમની વ્યવસ્થાશક્તિ, કર્તવ્યનિષ્ઠા, કાર્યપરાયણતા અને ચોકસાઈ ખરેખર જીવનપાથેય બને તેવાં પ્રેરણા રૂપ હતાં.

છેલ્લે દિવસે દેલવાડાનાં સુંદર જૈન મંદિરો જોઈ અમે અમદાવાદ પાછા ફરતા હતા ત્યારે દિલમાં ઉત્સાહ અને મનમાં કંઈક નવું તથા અદ્‌ભુત તત્ત્વ પામ્યાનો ઉમંગ હતો. શિબિરમાં ન ગયો હોત તો કેટલું બધું ગુમાવ્યું હોત તેનો વિચાર કરતાં લાગ્યું કે જે લાભ અમને મળ્યો તે દેશના બધા યુવાનોને મળે તો તે નક્કી દેશના પુનરુત્થાનમાં મૂલ્યવાન ફાળો બની શકે.

પચ્ચીસ વર્ષ પહેલાં



ફેબ્રુઆરી ૧૯૪૨ અંક ૨૯૮

પશ્ચિમ ભારતની સાતેક નદીઓ સરસ્વતીના નામે ઓળખાઈ છે. એ બધી નદીઓને એકબીજી રીતે સાંકળીને જુદાજુદા કાળમાં છેક પ્લક્ષપ્રસ્રવણથી માંડી સૌરાષ્ટ્રની દક્ષિણે પ્રભાસતીર્થ સુધીના તેના એક સળંગ પ્રવાહમાર્ગની કલ્પના પણ કરાતી રહી છે. ભૂતકાળની પ્રાચીન સંસ્કૃતિ શોધવા નીકળેલા શ્રી અમૃત વસંત પંડ્યાએ સરસ્વતી વિષેની એ પૌરાણિક પરંપરાને સંશોધનની દૃષ્ટિએ તપાસતાં પચ્ચીસ વર્ષ પહેલાં લખેલું કે—

મહાભારતમાં ગદાયુદ્ધ પર્વમાં બલદેવની 'પ્રતિસ્રોત સરસ્વતીયાત્રા'માં સરસ્વતી નદીના પ્રવાહની વિગત છે પણ સ્કંદપુરાણ, પદ્મપુરાણ અને સરસ્વતીપુરાણમાં સરસ્વતીને કાંઠે આવેલાં તીર્થોની જે યાદી છે તે મહાભારતમાં નથી; તેનું કારણ એ લાગે છે કે મહાભારતના રચના કાળમાં (ઈ પૂર્વે બીજો–ત્રીજો સૈકો) ઉત્તર ગુજરાતની પ્રાચી સરસ્વતી પ્રસિદ્ધિમાં આવી નહોતી. એ પ્રદેશમાં ધર્મારણ્યનાં ગાઢ વનો આબાદ થએલાં નહોતાં. ગુજરાતમાં બે સરસ્વતીઓ છે. પહેલી આ ઉત્તર ગુજરાતની અને બીજી કાઠિયાવાડમાં પ્રભાસપાટણવાળી. એમાં છેલ્લી સરસ્વતીની વિગત મહાભારતમાં એવી છે કે બલદેવે પોતાની 'પ્રતિસ્રોત (નદીમુખથી તેના સ્રોત તરફની) સરસ્વતીયાત્રા' પ્રભાસતીર્થથી શરૂ કરી હતી. ત્યાંથી એ તેના કાંઠે સુરાષ્ટ્રની સીમામાં આવેલા છેલ્લા સ્થળ ચમસોદ્‌ભેદથી સીધા રજપૂતાના અને પંજાબને સીમાડે થરના રણમાં અદૃશ્ય થતા હાકડાનદીના કાંઠે વિનશનતીર્થ પહોંચ્યા હતા. (મનુસ્મૃતિ તથા બૌધાયન ધર્મસૂત્રમાં વિનશનતીર્થ કે જ્યાં સરસ્વતી રણમાં સુકાતી હતી તેની ભૌગોલિક સ્થિતિ દર્શાવવામાં આવી છે) મહાભારતમાં મળતી સરસ્વતીની આ ભૌગોલિક વિગત ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે સમયે સરસ્વતી નદીમાં બે નદીઓનો સમાવેશ કરેલો હતો. પહેલી તે શિવાલિક પર્વતમાળામાંથી નીકળનારી હાલની 'સરસુતી' નદી કે જે કુરુક્ષેત્ર, પેહોવા (પ્રાચીન પૃથુદકતીર્થ), હિસાર વગેરે નગરો પાસેથી પસાર થઈ, હનુમાનગઢ (બિકાનેર રાજ્ય) આગળ અતંગ નદીને પોતાના પ્રવાહમાં સમાવતી, પછી આગળ હાકારા નદીના નામે પ્રસિદ્ધ થઈ અબોહરથી થોડેક આગળ પંજાબ અને સિંધના સિમાડે બહાવલપુર રાજ્યમાં થરના રણમાં અદૃશ્ય થાય છે; પરંતુ દસપંદર માઇલના અંતર પછી ઉત્તર સિંધમાં રોહડીની પશ્ચિમે ફરી પ્રગટ થઈ મહિરાન (સંસ્કૃત મહાર્ણવ) નામ ધારણ કરતી ઉમરકોટથી થોડેક દૂર પશ્ચિમેથી પસાર થતી અંતે પુરાણ નામથી કચ્છના મોટા રણને પશ્ચિમોત્તરે આવીને મળે છે. હાલ એ નદીનો પ્રવાહ હનુમાનગઢ સુધી જ ચાલુ રહે છે અને ત્યાંથી તે એના મુખ સુધી એનો પટ પુરાતન કાળથી સુકાએલો છે. આ પટની પહોળાઈ સિંધુ નદીના પટ કરતાં વધુ છે અને ઉત્તર રજપૂતાનામાં તો તે ક્યાંકક્યાંક ચારથી છ માઈલ જેટલી છે. આ જ ખરેખરી વૈદિક કાળની સરસ્વતી હતી. બીજી નદી કે જેને મહાભારતની સરસ્વતી નદીમાં સમાવવામાં આવી છે તે કાઠિયાવાડમાંની પ્રભાસપાટણવાળી સરસ્વતી છે. મહાભારતકારે આ બંને સરસ્વતીઓને ભેગી કરી તેને પ્રભાસને આંગણે પશ્ચિમ સમુદ્ર (અરબી સમુદ્ર)ને મળતી દર્શાવી છે; અલબત્ત, ભૌગોલિક દૃષ્ટિએ કોઈ પણ રીતે એ બંનેના પ્રવાહોને સાંકળી શકાય તેમ નથી.



મહાભારતમાં લખ્યા પ્રમાણે સરસ્વતી સુકાઈ જતાં તેની યાદગીરી જાળવવા ઉત્તર હિંદની સાત જુદીજુદી નદીઓને 'સરસ્વતી' નામ આપવામાં આવેલું, અને પાછળથી પુરાણોએ આ અનેક સરસ્વતીઓને સાંકળી લઈ મૂળ સરસ્વતીની કલ્પના રજૂ કરી છે

સ્કંદ, પદ્મ અને સરસ્વતી પુરાણોમાં આવતી સરસ્વતી નદી કુરુક્ષેત્ર પછી મત્સ્યદેશ (જયપુર રાજ્ય)ની પાટનગરી 'વિરાટ' (હાલનું બૈરાટ) પાસેથી પસાર થતી પુષ્કર આવતી હતી. ત્યાંથી ખર્જૂર વનમાં નંદા (આધુનિક)નું નામ ધારણ કરતી, અર્બુદગિરિ (આબુ) નજીક પ્રાચી સરસ્વતી (ઉત્તર ગુજરાતની સરસ્વતી–કુંવારકા) કહેવાતી હતી, ઋણ (કચ્છનું નાનું રણ)માં ઝિલ્લાણતીર્થ (ઝિંઝુવાડા) પાસે આવી, ત્યાંથી સુરાષ્ટ્રમાં પ્રવેશી, શત્રુમર્દન અને ખદીરામોટ પર્વતોમાં પ્રગટ થઈ, પ્રભાસમાં પશ્ચિમ સમુદ્રમાં સમાતી હતી.

મહાભારતકારે બે સરસ્વતીઓને એકમેક કરી નાખી છે, જ્યારે પુરાણકારોએ એથી પણ આગળ વધી લૂણી ને કુંવારકાને સરસ્વતી-પ્રવાહ સાથે જોડી દીધી છે. આ નદીઓ વચ્ચે રહેલા ખાલી વિસ્તારમાં સરસ્વતીના પ્રવાહને ગુપ્ત માનવામાં આવ્યો છે. આમ, જુદા-જુદા કાળોમાં સરસ્વતી નદીઓની સંખ્યામાં વધારો થયા કર્યો છે. સાહિત્યકારોએ સરસ્વતી નદીની પૌરાણિક સાંકળને ખરી માની લઈ એવાં વિધાનો કર્યાં છે કે સરસ્વતી નદી હિમાલયમાંથી નીકળી, કુરુક્ષેત્ર પાસેથી પસાર થઈ, પછી રજપૂતાનામાં પુષ્કર આવતી હતી, અને ત્યાંથી અરવલ્લી–આરાસુર સુધી વહેતી હોઈ હાલની ઉત્તર ગુજરાતની સરસ્વતી (કુંવારકા) રૂપે કચ્છના નાના રણને મળી જતી હતી. વળી આ સાગરવિસ્તારને તેનો જ ભાગ ગણી તેને કાં તો ખભાતના અખાતમાં અગર તો પ્રભાસ પાસે સાગરસંગમ સાધતી લેખી છે. આ વિધાનો અશાસ્ત્રીય છે. એ બધા વિસ્તારમાં નથી ક્યાં યે સરસ્વતીનો સુકાએલો પટ કે નથી ભૂસ્તર તેમજ ભૂપૃષ્ઠશાસ્ત્રોની કસોટીએ વાત ખરી ઠરતી. આ માની લીધેલા માર્ગમાં તો અરવલ્લી અને ગિરની પર્વતમાળાઓ આડી પથરાએલી પડી છે. એ વીંધીને સરસ્વતીનો પ્રવાહ આગળ જઈ શકે તેમ છે નહિ ને વળી એ પર્વતમાળાઓ સરસ્વતીનો પ્રવાહ સુકાયા પછી કોઈ કુદરતી અકસ્માતથી ઊભી થઈ ગઈ હોય તે પણ સત્ય નથી. એટલે ગુજરાતને આંગણે વૈદિક સરસ્વતીનો પ્રવાહ કદી વહ્યો નથી. અલબત્ત, તે ગુજરાતના શિરોછત્ર સમા કચ્છના રણસાગરમાં ઠલવાતો હતો. ખરી વસ્તુ એ બની લાગે છે કે આર્ય પ્રજાની માતા સમી નદી સરસ્વતી

અમુક કુદરતી બનાવોને લઈ સુકાયા પછી તેની યાદગીરી તાજી રાખવા પાછળથી અનેક નદીઓને એનાં નામો આપવામાં આવેલાં છે. આ વસ્તુની નોંધ મહાભારતમાં છે.

ઋગ્વેદમાં સરસ્વતીની જે કંઈ વિગતો છે તે તપાસતાં એ નદી વૈદિક આર્યોને જાણીતી એવી બધી નદીઓમાં સૌથી વધુ મોટી અને તેના પ્રવાહને પર્વતોથી માંડી સમુદ્રસુધી અખંડ વહેતો જણાવેલ છે. વળી ઋગ્વેદમાં સરસ્વતીને યમુના અને શુતુદ્રી (સતલજ)ની વચ્ચે વહેતી જણાવી છે. આ ઉપરથી ફલિત થાય છે કે વૈદિક સરસ્વતી તે હાલ આ બંને નદીઓની વચ્ચે પંજાબમાં વહેતી 'સરસુતી' નદી જ છે જે આગળ જઈ ઘગ્ગરના નામથી પ્રસિદ્ધ થાય છે. આ નદીને કાંઠે કુરુક્ષેત્ર વસેલું અને તેનો સૂકો પટ પતીઆલાના રણથી માંડી કચ્છના રણ સુધી આજે પણ દેખાય છે. અહીં સરસ્વતીને જે 'સમુદ્ર' જોડે મળતી વર્ણવી છે તે સમુદ્ર 'કચ્છનો રણ-અખાત' હતો. ઋગ્વેદમાં મળતી સરસ્વતીને વૈદિક કાળમાં અખંડ વહેતી જણાવે છે; જ્યારે મનુસ્મૃતિ, બૌધાયન ધર્મશાસ્ત્ર તથા મહાભારતમાં એના પ્રવાહને ઠેકઠેકાણે ખંડિત (ક્યાંક વહેતો અને ક્યાંક અલોપ થએલો) વર્ણવ્યો છે. આ ઉપરથી લાગે છે કે ઋગ્વેદ તથા સૂત્રકાળ દરમિયાન કોઈક સમયે સરસ્વતીનો પ્રવાહ ખંડિત થયો હતો.

જહાંગીર–નૂરજહાં

હિંદી ઇતિહાસમાં જોવા મળતી અનેક ગેરસમજૂતીઓ અને અસત્ય હકીકતોમાંની એક બાદશાહ જહાંગીરની જીવનકથામાં જડાઈ છે. શાહજાદો સલીમ મહેરુન્નિસાના પ્રેમમાં પડ્યો હતો, પણ અકબરને આ વાત પસંદ ન હોવાથી એણે બહાદુર ઈરાની ઉમરાવ અલીકલીખાન સાથે મહેરુન્નિસાને પરણાવી દીધી. ગાદીએ આવતાં જ સલીમે–જહાંગીરે એનું ખૂન કરાવી મહેરુન્નિસા સાથે લગ્ન કર્યાં, પણ સમકાલીન લખાણમાં કે દફતરમાં આનો પુરાવો મળ્યો નથી. બલ્કે ઈકબાલનામા અને મઆસીર-ઈ-જહાંગીરીમાંથી નીચેની હકીકત જાણવા મળે છે.

અકબરની ઠઠ્ઠાની લડાઈમાં અલીકલીખાને બાદશાહનું મન જીતી ઈ.સ. ૧૫૯૪માં મનસબદારી મેળવી. ત્યાર પછી દરબારમાંના એક મોટા મનસબ મીરઝા ગિયાસબેગની પુત્રી મહેરુન્નિસા સાથે એણે શાદી કરી. ઈ. સ. ૧૫૯૯માં શાહજાદા સલીમને મેવાડ મોકલવામાં આવ્યો ત્યારે લડાઈમાં ઘણી જ કુશળતાથી એણે સલીમને ખુશ કરી દીધો અને એક વાઘના શિકારમાં બહાદુરી બતાવી 'શેર અફઘાન'નું બિરુદ મેળવેલું.

આ પછી અકબર અને જહાંગીર વચ્ચે જે અણબનાવ થયો તેમાં શેર અફઘાને બાદશાહનો પક્ષ લેવાથી એનો સલીમ સાથેનો સંબંધ બગડ્યો હોવાનો સંભવ છે. પણ જહાંગીરે ગાદીએ આવતાં પોતાના વિરોધીઓને માફી બક્ષી અને શેર અફઘાનને બર્દવાનની જાગીર બક્ષી ત્યાં મોકલ્યો. તે વખતે બંગાળામાં કેટલાક અસંતુષ્ટ અફઘાનોનું જોર વધ્યું હતું અને શેર અફઘાનની વફાદારી માટે પણ દિલ્હીમાં શંકા ઉપસ્થિત થઈ. આથી એને સંતોષી, સમજાવી પાછો દિલ્હી લાવવાનું કામ કુતુબુદ્દીનને સોંપવામાં આવ્યું. આખરી ઉપાય તરીકે જરૂરી શિક્ષા કરવાની સત્તા પણ તેને આપવામાં આવી હતી. કોઈ રીતે જ્યારે શેર અફઘાન માન્યો નહિ ત્યારે એને પકડવાના ઇરાદાથી કુતુબુદ્દીને એને મળવા બોલાવ્યો. બે નોકર સાથે શેર અફઘાન ગયો એટલે અગાઉથી સંતાડી રાખેલા સિપાહીઓએ એને પકડ્યો. ગુસ્સે થઈ શેર અફઘાને કુતુબુદ્દીન ઉપર તલવારથી જબ્બર ઘા કર્યો એટલે સિપાહીઓએ બંડખોર ખાનને ઘેરી લઈ મારી નાખ્યો (ઈ.સ. ૧૬૦૭). કુતુબુદ્દીન પણ આ ઘાથી મરી ગયો.

પોતાના પરમ પ્રિય મિત્રરૂપ કુતુબુદ્દીનના મૃત્યુથી બાદશાહને ઘણું દુ:ખ થયું. એણે શેર અફઘાનની વિધવા મહેરુન્નિસા અને પુત્રી લાડલીબેગમને દરબારમાં બોલાવી લીધાં, કેમ કે દિલ્હીમાં મહેરુન્નિસાનો બાપ ઇતીમદ-ઉદ્દૌલા મોટો મનસબ હતો. રાજમાતા સુલતાના સલીમા બેગમની પરિચારિકા તરીકે એને મહેલમાં કામગીરી મળી.

લગભગ ચાર વર્ષ પછી, ઈ. સ. ૧૬૧૧ના માર્ચ માસમાં એ એક વખત જહાંગીરની નજરે ચડી ત્યારથી પાદશાહનું દિલ એના તરફ એટલું બધું ખેંચાવા લાગ્યું કે મે માસના અંતમાં તો પાદશાહે એની સાથે શાદી પણ કરી લીધી.

અકબરની હયાતીમાં જ બેઉ વચ્ચે પ્રેમ ઉદ્ભવ્યો હતો અને ગાદીએ આવતાં પોતાના માર્ગમાં આડખીલી રૂપ શેર અફઘાનનું ખૂન કરાવવાનું હીચકારું કૃત્ય જહાંગીરે કર્યું હતું એવું તત્કાલીન કોઈ ઇતિહાસ કે સમકાલીન કોઈ પરદેશી બયાનમાં જડતું નથી.

વાયરાનાં ગતિમાન

પાન હાલે, ધજા ફડફડે, કાગળ ઊડે, ધૂળ વાદળ રચે, વંટોળ ચઢે કે 'વા વાય ને નળિયું ખસે' એવે વખતે વાયુની ગતિ જાણવાને માટે ઘડાએલા સરળ નિયમો:

(ક) દર કલાકે એક માઈલથી ઓછી ઝડપે પવન વાતો હોય ત્યારે ધુમાડો સીધી લીટીમાં કાટખૂણે ઊંચે ચડે છે.

(ખ) એકથી ત્રણ માઈલની ઝડપે પવન વહેતો હોય ત્યારે ધૂમ્રશિખા આમતેમ આડીઅવળી સર્પાકારે ઉપર ચડે છે.

(ગ) ચારથી સાત માઈલની ગતિવાળો પવન આપણા મોં પર લાગતો હોય એમ જણાય એટલી ગતિ હોય ત્યારે વૃક્ષનાં પત્રો સળવળે છે અને પવનની દિશા તરફ ઢળે છે.

(ઘ) કલાકે આઠથી બાર માઈલની ગતિવાળો વા વૃક્ષનાં પત્રો અને નાના રોપને અવિરત હલાવે છે અને નાના ધ્વજોને ફેલાવે છે.

(ઙ) તેરથી અઢાર માઈલ જેટલા પવનના વેગમાં ધૂળ અને કાગળના ટુકડા ઊડવા માંડે છે તથા ઝાડની નાની ડાળીઓ હાલે છે.

(ચ) ઓગણીસથી ચોવીસ માઈલની ઝડપવાળું પવનનું મોજું વાય ત્યારે નાનાં પર્ણવાળાં તરુઓ આખાં ધીરેથી ડોલવા માંડે ને તળાવ સરોવરનાં બંધિયાર પાણીમાં અર્ધચંદ્રાકારી કુંડાળાં ઊપજે.

(છ) પચીસથી એકત્રીસ માઈલની ત્વરાવાળો મરુત હોય ત્યારે ઝાડની મોટી ડાળીઓ હાલવા માંડે અને ટેલિગ્રાફના તારોમાંથી સીટી બજતી હોય એવો અવાજ આવે. આટલી ગતિમાં છત્રી ખુલ્લી રાખવી મુશ્કેલ બને.

(જ) જ્યારે બત્રીસથી આડત્રીસ માઈલની ગતિએ વાયરો વાવા માંડે ત્યારે આખાં વૃક્ષો ગતિમાન બને અને પવનની સામેની દિશામાં જનારની ગતિ રોકાય.

(ઝ) કલાકે ઓગણચાલીસથી ચોપન માઈલની ત્વરાથી ફૂંકાતો મરુત શાસ્ત્રીય બાનીમાં વાવાઝોડા તરીકે ઓળખાય છે. કલાકના છેતાળીસ માઈલની ગતિવાળા વાવાઝોડાથી વૃક્ષની ડાળીઓ ભાંગી નીચે પડે છે. પરંતુ એથી વધારે ગતિમાન અને બળવાન વાવાઝોડું ધુમાડિયાંનાં મથાળાં અને છાપરાનાં ચોરસ નળિયાં કે પતરાંને ઉડાવી મૂકે.

(ટ) વાવાઝોડાની ગતિ ૫૫ થી ૬૩ માઈલની હોય ત્યારે વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાખવાની તથા ઇમારતોને પણ નુકસાન કરવાની શક્તિ એ ધરાવે છે. ૬૪ થી ૭૫ માઈલની ગતિ હોય તો ખૂબ વિસ્તારમાં નુકસાન પહોંચે પરંતુ આવી ગતિ અતિ વિરલ હોય છે.

(ઠ) મહા ઝંઝાવાતની ગતિ કલાકના ૭૫ માઈલ કરતાં યે વધારે ત્વરિત હોય છે. એની ભયાનકતા તો તે જ વર્ણવી શકે કે જે એવા અનુભવમાંથી જીવતો બચવા પામ્યો હોય.

ગુનાશોધન-૨૧

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

ડર્મલ નાઇટ્રેટ ટેસ્ટ

બંદૂક, પિસ્તોલ, રાઈફલ કે રિવૉલ્વરની ગોળી છોડવામાં યા ભયકરમાં ભયંકર દારૂગોળા, બૉમ્બ, ડાઇનેમાઈટ વગેરેમાં એકયા બીજા પ્રકારના દારૂની બનાવટનો ઉપયોગ મુખ્ય છે. આ દારૂના સળગવાથી ઉત્પન્ન થતા પ્રચંડ દબાણના ધક્કાથી ગોળી ફેંકાય છે. આ ગોળી માટે સીસું, લોખંડ, કાચ, માટી વગેરેનો ઉપયોગ થાય છે. તોપોમાં દારૂ ઉપર ચલણી સિક્કાઓ ઠાંસીને ચાંદબીબીએ શત્રુના સૈન્યનો સામનો કર્યાની વાત જાણીતી છે. આફ્રિકામાં મોટા સાપ-અજગરને મારવા ગોળીને સ્થાને પાણી પણ વપરાય છે. બંદૂકમાં પ્રથમ દારૂ ઠાંસી, ઉપર કાગળના ડૂચા મારી, તેના પર પાણી, ને એના ઉપર ફરી કાગળના ડૂચા લગાવી બદૂક ફોડવામાં આવે છે. આમાં દારૂના ધક્કાથી ફેંકાએલું પાણીનું એકેએક બુંદ કાતિલ ગોળીની ગરજ સારે છે.


દારૂના પણ મુખ્યત્વે બે પ્રકાર છે: એક કાળો દારૂ, જેમાંથી બહુ ધુમાડો નીકળે છે અને જે સહજ પ્રાપ્ય છે; અને બીજો, ધુમાડો ઉત્પન્ન નહિ કરનાર દારૂ. અલબત્ત, આ દારૂ પણ સળગે એટલે ધુમાડો તો નીકળે જ, પણ એ નજરે ન ચડે એટલો ઓછો અને આછો હોય છે. પરંતુ બંદૂક ફોડનારના હાથના પંજા પર તો અચૂક એના પણ કણ લાગે જ છે; નરી આંખે એ નથી દેખાતો. ગુનાશોધનમાં હાથ પર આ રીતે લાગેલા દારૂના કણની શોધનું ઘણું મહત્ત્વ છે. એના પરીક્ષણને 'ડર્મલ નાઇટ્રેટ ટેસ્ટ' કહે છે. એમાં જે હાથની તપાસ કરવાની હોય તેના પર પૅરૅફિન કે ચોખ્ખા મીણને ઓગાળીને લગાડવામાં આવે છે, ને એના પર પાટાનું પાતળું કાપડ (ગૅ જ) લગાડી ફરી મીણ લગાડી ઠરવા દેવાય છે. મીણ જામી જાય એટલે એને હાથ પરથી જાળવીને ઉખેડી લેવાય છે, અને તેના ઉપર ગંધકના તેજાબ સાથે મેળવેલું ડાઇફિનેલેમાઈન છાંટવામાં આવે છે. આ દ્રાવણ લાગતાં હાથ પરના દારૂના કણ લઈ ઉખડેલું મીણ નીલા રંગનું બની જાય છે. આના પરથી નક્કી થાય છે કે એ હાથ વડે બંદૂક કે પિસ્તોલ ફોડવામાં આવી છે. અલબત્ત, માત્ર આ એક જ પરીક્ષણથી કોઇને યે ગુનેગાર સાબિત કરી શકાય નહિ, પણ એથી ગુનાશોધનમાં સહાય તો મળે જ છે. વળી પરીક્ષણમાં એ પણ ખ્યાલમાં રાખવું પડે છે કે એમાં માત્ર દારૂ જ નહિ પણ જે પદાર્થમાં નાઇટ્રેટ વપરાનો હોય તે બધા પદાર્થના રજકણોથી પણ આવું જ પરિણામ આવે છે, અને તેથી ગુનાશોધકે અન્ય પુરાવાઓનો પણ પૂરતો વિચાર કરવો જરૂરી છે જ. એક દૃષ્ટાંત:

ખાતરના કારખાનાના માલિક વશરામભાઈનું ઑફિસમાં જ ખૂન થયું. ઑફિસ પરના ગુરખા ચોકીદાર પોતે કંઈ જાણતો ન હોવાનું કહેતો હતો. રાત્રે મૅનેજર અને પછી ભાગીદાર ચિમનલાલ પોતાના શેઠને મળવા આવેલા એટલી એને ખબર હતી. એ બંન્ના ગયા પછી યે બહુ વાર સુધી શેઠ દફતરની બહાર આવ્યા નહિ અને ઠીકઠીક મોડું થઈ ગએલું એટલે સ્વાભાવિકરીતે ચોકીદારે અંદર તપાસ કરી તો જોયું કે શેઠનું તો ખૂન થયું હતું. કોઈએ એમની છાતીમાં ગોળી મારી હતી. ચોકીદાર જાણતો હતો કે ચિમનલાલ તથા મૅનેજર પાછા ફર્યા ત્યારે તો શેઠ જીવતા હતા. પોલીસને ખબર પણ ચોકીદારે જ આપેલી.

અન્ય તપાસો સાથે મૅનેજર, ચિમનલાલ અને ચોકીદાર ત્રણેના 'ડર્મલ નાઇટ્રેટ ટેસ્ટ' પણ લેવાયા, અને ત્રણેમાં પરિણામ હકારાત્મક આવ્યું! ત્રણે જણે બંદૂક ફોડી હશે? ગોળી તો એક જ વાગી હતી. પણ પોલીસ ઈન્સ્પેક્ટર ચતુર હતા. એણે પૂછપરછ વધારી. ચોકીદારને ચલમ પીવાની આદત હતી, ને મૅનેજર ખાતરના નમૂનાઓ પણ તપાસતા, એટલે એ બંનેના હાથ પર નાઇટ્રેટની અસર જણાઈ; પણ ચિમનલાલના હાથ પર ક્યાંથી આવી? એને નહોતું ધૂમ્રપાનનું વ્યસન કે નહોતા એ ખાતર ફેરવતા. ઈન્સ્પેક્ટરે એની જ આકરી તપાસ આદરી અને આખરે સાબિત થયું કે એમના કેટલાક હિસાબી ગોટાળાની શેઠને જાણ થઈ ગઈ હોવાથી યુક્તિથી એમણે થોડો સમય ચોકીદારને ફરજ પરથી ખસેડેલો અને દરમિયાનમાં શેઠ પર ગોળી ચલાવેલી.

આમ 'ડર્મલ નાઇટ્રેટ ટેસ્ટ'ના હકારાત્મક પરિણામથી જેમ મદદ થાય છે તેમ નકારાત્મક પરિણામથી ઘણી જહેમત બચી પણ જાય છે. હકારાત્મક પરિણામમાં એનાં કારણો વધુ ચોકસાઈથી જાણવાં જરૂરી બને છે; તેમ એ ખયાલમાં રાખવાનું પણ એટલું જ જરૂરી છે કે ગોળી છોડયા પછી ગુનેગાર ચોકસાઈથી પોતાના હાથ સાફ કરી નાખે તો પરીક્ષણમાં કંઈ જણાતું નથી. પણ એથી પરીક્ષણનું મહત્ત્વ જરા યે ઘટતું નથી. એ જેમ ગુનેગારને પકડાવી દેવામાં સહાય કરે છે તેમ જ નિર્દોષને ફસાઈ જતો બચાવી પણ લે છે.

શતરંજનો કોયડો



A. S. GUREWITZ

સ્થિતિ: 16/qp6/k1P1p3/8/2K5/1P6/1B1N4.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

આ કોયડામાં કાળાના વજીરના બદલામાં એક ઘોડો અને એક ઊંટ જ છે. વજીરની કિંમત લગભગ ત્રણ મહોરાં જેટલી ગણાય. આમ છતાં સફેદ એ વજીરને માર્યા વિના જીતી જાય છે.

ઉકેલ: 1 P–N4ch, K–R5. અહીં 1 ..., K–N4 રમે તો 2 B–Q3થી વજીર પડે અને હારે.

2 N–N2Ch, K–R6; 3 N–B4Ch, K–R5; 4 B–B2Ch, K–N4; 5 N–Q6Ch, K–B3; 6 P–N5Ch, Q×P.

હવે સફેદ 7 N×Q?થી કાળા વજીરને મારી શકે પણ એથી એ જીતી શકે નહિ, કારણ કે 7 ..., K×N પછી સફેદ ગમે તે રમે પણ કાળો 8 ..., K×P થી સફેદનું છેલ્લું પ્યાદું ઉડાવી દે એટલે એની પાસે ફક્ત એક ઊંટ જ બચે, અને એ જીતવા માટે પૂરતો નથી. માટે 7 B–K4Ch!, K×P; 8 N–N7 mate.

આ મ્હાતમાં સફેદના દરેક મહોરાનો ઉપયોગ થયો અને કાળા રાજાના ક્ષેત્રના દરેક ખાના ઉપર ફક્ત એક જ મહોરાનો કાબૂ છે તેથી આને Model mate કહી શકાય. બોર્ડની વચ્ચે આટલા ઓછાં મહોરાં વડે જે રીતે આ આદર્શ મ્હાત લાવવામાં આવ્યો છે એ ઘણો આકર્ષક છે.

સુરેશ મોદી



અમારું ભાગ્ય છે ને ભાગ્યને જાતે ઘડી લઈશું,
વિધિ જો અંતરાયો નાખશે તો આથડી લઈશું;
ખમીર છે ને ખુમારી છે અમારા પ્રાણમાં મિત્રો!
લથડશું તો ફરીથી સ્થિર થાશું ને લડી લઈશું.

—જમિયત પંડયા

ભિષગ્વર્ય શ્રી બાપાલાલ ગ. વૈદ્ય, રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા

સરસ્વતીના આજીવન ઉપાસક, સંસ્કૃત સાહિત્યના પ્રખર પ્રેમી, ગુજરાત વૈદ્યકીય વાઙ્મયમાં વિશિષ્ટ ફાળો આપનાર વિખ્યાત વનસ્પતિશાસ્ત્રવિદ, સૂરતની ઓચ્છવલાલ નાગર આયુર્વેદ કૉલેજના આચાર્ય અને અંબુભાઈ પુરાણીના અખાડાના વ્યાયામવીર તેમજ વિખ્યાત ભિષગ્વર્ય શ્રી બાપાલાલ ગરબડદાસ વૈદ્યનો જન્મ ઈ. ૧૮૯૬ના સપ્ટેમ્બરની ૧૭મીએ પંચમહાલ જિલ્લાના સણુસોલી ગામમાં, બહારવટિયાનો પણ સામનો કરી શકે એવા વીર ખડાયતા વણિક પિતા અને જાજરમાન માતા ઇચ્છાબાને ત્યાં નવ ભાઈ-બહેનોથી કિલ્લોલતા ચર્યાભાદર્યા કુટુંબમાં થયો હતો. સણુસોલીનાં સીમ-પાદરની કુદરત પીતાંપીતાં ફાઈનલ સુધીનો અભ્યાસ પૂરો કરી તેઓ અંગ્રેજીના અભ્યાસ માટે વડોદરાની બરોડા હાઈસ્કૂલમાં જોડાયા અને અંગ્રેજીના શિક્ષક શ્રી વાડિયા તથા સંસ્કૃતના શિક્ષક શ્રી બાપટની અસર નીચે એ બંને સાહિત્યના વ્યાસંગી બન્યા. એ ગાળામાં એક બાજુથી એ સમયની સામાજિક રૂઢિઓને વશ થઈ એમને પ્રભુતામાં પગલાં માંડવાં પડયાં, તો બીજી બાજુ રાષ્ટ્રિય આંદોલનના અનિવાર્ય અંગ તરીકે પુરાણી ભાઈઓ તરફથી ચલાવાતી વ્યાયામ-પ્રવૃત્તિએ પણ એમનામાં અજબ આકર્ષણ જન્માવ્યું.

અંબુભાઈ પુરાણીની પ્રગાઢ અસર નીચે આવેલા અને એમની દ્વારા શ્રી અરવિંદની બૌદ્ધિક સમજની છાપ પણ પામેલા બાપાલાલભાઈ ઈન્ટર પછી એમ.બી.,બી.એસ. થવા મુંબાઈ ગયા, પણ મુંબાઈમાં ઈન્ફલ્યુએન્ઝાના ઝપાટામાં આવી પડવાથી પાછા ફર્યા, અને છોટુભાઈ પુરાણીએ ભરુચમાં સ્થાપેલી રાષ્ટ્રિય શાળામાં પાર્ટટાઇમ તરીકે જોડાઈ ગયા.


આ સાથે, છોટુભાઈની પ્રેરણાથી, જાણે એમ. બી.,બી.એસનાં અધૂરાં સ્વપ્ન પૂરાં કરવા, એમણે ઝાડેશ્વરની આયુર્વેદિક હૉસ્પિટલના સ્થાપક સ્વ. અમૃતલાલ પટ્ટણી પાસે આયુર્વેદનો અભ્યાસ કર્યો. ત્રણેક દિવસમાં તો એ બંગાળી લિપિ શીખી ગએલા. આ તેજસ્વી



વિદ્યાર્થીએ ગુરુગૃહે બે વર્ષ ઔષધો બનાવવાની વ્યવહારુ તાલીમ સાથે આઠઆઠ કલાકનો એકધારો અભ્યાસ કરી 'The way is not easy where the prize is great' (મોતી પામવાં હોય તો મરજીવા થવું પડે) એ ઉક્તિને સાર્થ કરી.

ઝાડેશ્વરથી લીમડીના ઠાકોરના આમંત્રણથી ત્યાંના આયુર્વેદિક દવાખાના માટે ગુરુ અમૃતલાલભાઈ લીમડી ગયા તેમની સાથે બાપાલાલ પણ ગયા, અને લીમડી તેમજ ઢસામાં વ્યાયામશાળાઓ સ્થાપીને વૈદકની સાથે એક બાજુ રાષ્ટ્રિય કાર્ય ચાલુ રાખ્યું અને બીજી બાજુ સંશોધન તથા લલિતકળામાં પણ ફાળો આપ્યો. લીમડીથી છએક માસ માટે અમદાવાદ આવી ડૉ. એચ. એમ.

તારાપરિચય-૧૪



મૃગ, શ્વાન અને શનિ વગેરે સાથે આકાશના આ વિસ્તારમાં મિથુન (Gemini) રાશિના તારાઓ ધ્યાન ખેંચે છે. એમાં યુગલના મસ્તકોને સ્થાને આવેલા પુરુષ (Pollux) અને પ્રકૃતિ (Castor) તારા તો આપણા જાણીતા છે. આ બે તારા પુનર્વસુ નક્ષત્રમાં અને આ નક્ષત્ર મિથુન રાશિમાં ગણાય છે. પુરુષ પ્રથમ વર્ગનો પીળાશ પડતો અને પ્રકૃતિ બીજા વર્ગનો શ્વેત તારો હોઈ બંનેમાંથી કયો વધુ તેજસ્વી દેખાય છે એ પ્રશ્ન થઈ પડે–આમ પણ પુરુષ અને પ્રકૃતિમાં કોણ ચડિયાતું એ તો સનાતન પ્રશ્ન છે જ ને? પ્રકૃતિ તારાની એક વિશિષ્ટતા છે. એ યુગ્મ તારો પણ નહિ પરંતુ ત્રિતારો છે. એના ત્રણે તારા એક સામાન્ય ગુરુત્વબિંદુની આસપાસ ફરે છે અને આ ત્રણે તારા પણ પાછા યુગ્મ તારા હોઈ પ્રકૃતિમાં આપણને એક રૂપે કુલ છ તારાઓનું સામટું દર્શન થાય છે. એક અંદાજ છે કે દર પાંચે એક તારો યુગ્મ તારો છે.

મિથુનની બાજુએ પૂર્વમાં કર્ક (Cancer) રાશિનું ઝાંખા તારાઓનું મંડળ છે. એમાં વચ્ચે એક ઝાંખું તારા-ઝૂમખું છે. એ મધુચક્ર (Praesepe–beehive-મધપૂડો) કહેવાય છે. કકમાં પુષ્ય નક્ષત્ર છે. આની દક્ષિણે એક પંચકોણાકાર તારાજૂથ છે એને જો સાપની ફેણ માનીએ તો (નકશામાં છે તેમ) આગળ નજર કરતાં સર્પની પૂરી આકૃતિ કલ્પી શકાશે. અને એ વાસુકિ તરીકે જ ઓળખાય છે. એનો મુખ્ય તારો 'એકાકી' કે 'સર્પમણિ' છે.

પ્રભાસ અને વ્યાધ વચ્ચે 'એકશૃંગ' નામે એક નાનું ઝાંખું તારામંડળ પણ નકશાના આધારે ઓળખી લઈ ને હવે કર્ક રાશિમાં ચળકી રહેલા ગુરુને જુઓ. ગયે વર્ષે આ સમયમાં એ આર્દ્રા અને અગ્નિની વચ્ચે હતો ત્યાંથી ખસતો ખસતો હવે છેક અહીં પહોંચ્યો છે.

દેસાઈને ત્યાં આંખના કામનો અનુભવ લેવા સાથે એમણે પાશ્ચાત્ય વિજ્ઞાનનો પણ સારો અભ્યાસ કર્યો; બાકીના સમયમાં પોતાની અને પ્રિય વ્યાયામ-પ્રવૃત્તિનો પ્રચાર કરવા ભદ્રમાં વ્યાયામશાળા શરૂ કરી.

દરમ્યાન વૈદ્યકશાસ્ત્રનાં સંશોધન તો ચાલુ જ હતાં, તેના અનુસંધાનમાં એમણે જાણીતા વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દ્રજીનો પરિચય કરી નિઘંટુના આ અભ્યાસીએ એ ગુરુ સાથે કચ્છ ને સૌરાષ્ટ્રના ડુંગરા ખૂંદી વનસ્પતિનો પ્રત્યક્ષ પરિચય કર્યો અને જયકૃષ્ણભાઈ જ્યાં સુધી 'કચ્છ સંસ્થાનની જડીબુટ્ટીઓ' પુસ્તક છપાવે નહિ ત્યાં સુધી પંચકેશ રાખવાની પ્રતિજ્ઞા લેનાર આ પ્રેમાળ શિષ્યે પછીથી એ ગુરુનું જીવનચરિત્ર પણ લખ્યું.

આમ, આયુર્વેદનો સર્વદેશીય અભ્યાસ પૂરો કરી એમણે કેવળ જનતાની સેવાર્થે ભરુચ જિલ્લાના હાંસોટ ગામે દવાખાનું શરૂ કર્યું. એકધારાં ઓગણીસ વર્ષ હાંસોટમાં નિવાસ કરી આ કર્મવીરે છોટુભાઈ પુરાણીની 'મિશનરી' બનવાની આજ્ઞાને અનુસરી પોતાના વ્યવસાય ઉપરાંત ત્યાં વ્યાયામશાળા, પુસ્તકાલય અને હાઈસ્કૂલ સ્થાપ્યાં.

મીઠાના સત્યાગ્રહ સમયે સ્વયંસેવકોની સંભાળ રાખતા આ રાષ્ટ્રપ્રેમીને સરકારે બનાવટી કેસ ઊભો કરી થોડા સમય માટે જેલની હવા ખવડાવી હતી; ને પ્રાંતિક સ્વરાજ આવતાં કૉંગ્રેસે તેમને લોકલબોર્ડના સભ્ય તરીકે એમની પ્રજાસેવાની કદર કરી હતી. ૧૯૩૨ના વ્યક્તિગત સત્યાગ્રહમાં એમણે ૧૪માસ વીસાપુર જેલમાં ગાળ્યા હતા.

હાંસોટ છોડી એમણે વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ કરવા ૧૯૪૧માં ભરુચમાં ચિકિત્સાલય શરૂ કરી ઠરીઠામ થવાનો નિશ્ચય કર્યો; ત્યાં તો ચળવળમાં 'હિંદ છોડો'ની હાકલ પડતાં એમણે એ ક્રાંતિકારી માર્ગે ઝંપલાવ્યું ને સરકારે એમને દોઢ વર્ષ નાશિક જેલમાં રાખ્યા.

જેલમાંથી છૂટ્યા બાદ એઓ ફરી ઠરીઠામ થવા પ્રયાસ કરવા લાગ્યા. આ દરમ્યાન લેખનક્ષેત્રે 'પ્રસ્થાન' માસિક તેમજ આરોગ્ય-વિષયક અન્ય પુસ્તકો દ્વારા એમની પ્રતિષ્ઠા જામતી હતી. એવામાં સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતીએ સૂરતમાં નાગર આયુર્વેદ મહાવિદ્યાલય સ્થાપવાની પ્રવૃત્તિ શરૂ કરી ને એમના આમંત્રણથી બાપાલાલ ત્યાં ગયા. ત્યાં આયુર્વેદ મહાવિદ્યાલયનું આચાર્યપદ એમને સોંપાયું અને એમાં એમને પોતાનાં જીવનભરનાં સ્વપ્નો સાકાર કરવાની સુંદર તક મળી. આ સાથે એમણે પોતાનું દવાખાનું પણ ધર્મોપકારરીતે શરૂ કર્યું. આ આયુર્વેદ કૉલેજના આચાર્ય અને હૉસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ તરીકે છેક ૧૯૬૫ સુધી, એટલે કે ૧૯ વર્ષની એકધારી સતત સેવાઓ એમણે આપી. ૧૯૫૪માં એમણે ઉ. પી. આયુર્વેદ મહાવિદ્યાલયના ષાણ્માસિક રૂપે પ્રગટીને બંધ થએલા 'ભિષગ્ભારતી'ને માસિકરૂપે શરૂ કર્યું અને દસ વર્ષ ચલાવ્યું.

ગળથૂથીમાંથી જ વૈદકનું જ્ઞાન પામેલા આ જન્મજાત વૈદ્યે 'નિઘંટુ આદર્શ' (બે ખંડ), 'દિનચર્યા', 'ગુજરાતની વનસ્પતિઓ', 'ભારતીય રસશાસ્ત્ર', 'વૈદ્યકીય કાયદાશાસ્ત્ર', 'આયુર્વેદમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ' આદિ વીસેક ગ્રંથો દ્વારા વૈદક વાઙ્મયક્ષેત્રે અનન્ય ને યશસ્વી ફાળો આપ્યો છે.

મકરસંક્રાંતિ ખરી પણ ઉત્તરાયણ નહિ

સૂર્યના ભ્રમણમાર્ગને ક્રાંતિવૃત્ત કહે છે. એ માર્ગે ફરતો સૂર્ય ૨૨મી ડિસેમ્બરે દક્ષિણમાં ધનુરાશિમાં એટલે કે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધથી એ દક્ષિણમાં વધુમાં વધુ દૂર પહોંચે છે. આથી ઉત્તર ગોળાર્ધમાં ૨૨મી ડિસેમ્બરે ટૂંકામાં ટૂંકો દિવસ અને લાંબામાં લાંબી રાત હોય છે, જ્યારે દક્ષિણ ગોળાર્ધમાં એ લાંબામાં લાંબો દિવસ અને ટૂંકામાં ટૂંકી રાત હોય છે. ઉત્તર ગોળાર્ધમાં ક્રિસ્ટમસની ઉજવણી કડકડતી ઠંડીમાં થાય છે ત્યારે દક્ષિણમાં ઉનાળામાં.

પણ આ ટૂંકામાં ટૂંકો દિવસ એટલે મોડામાં મોડો સૂર્યોદય અને વહેલામાં વહેલો સૂર્યાસ્ત નહિ. મોડામાં મોડો સૂર્યોદય તો લગભગ ૧૪મી જાન્યુઆરીએ અને વહેલામાં વહેલો સૂર્યાસ્ત ૧લી ડિસેમ્બરના અરસામાં હોય છે.

સૂર્ય વધુમાં વધુ દક્ષિણમાં જઈ ઉત્તર તરફ પાછા ફરવાનો આરંભ કરે તે ઉત્તરાયન. વરાહમિહિરના સમયમાં—એટલે કે આજથી દોઢ હજાર વર્ષ પર ઈ. ૫૦૪માં આપણી હાલની જ્યોતિષની ગણતરીનો આરંભ થયો ત્યારે સૂર્યનું આ ઉત્તર-અયન અને એનો મકર રાશિમાં પ્રવેશ - મકરસંક્રમણ એક સાથે થતાં હતાં. આમ, ઉત્તરાયન મકરસંક્રાંતિ એક સાથે ઊજવાતાં પણ આજે ૧૪મી જાન્યુઆરીએ આપણે ઊજવીએ છીએ એ પર્વ મકરસંક્રાંતિનું ખરું, પણ ઉત્તરાયનનું નહિ. નક્ષત્ર વર્ષ અને ઋતુ વર્ષ વચ્ચેનો તફાવત એ આનું કારણ છે.

'નક્ષત્ર વર્ષ' કે 'નિરયન વર્ષ' એટલે પૃથ્વીની સૂર્યની આસપાસની એક પૂરી પ્રદક્ષિણાનો સમય. લગભગ ૩૬૫ દિવસ, ૬ કલાક અને ૮ મિનિટ જેટલો એ છે. આ રીતે આજે આકાશમાં અન્ય તારાઓની વચ્ચે સૂર્ય જે સ્થાને દેખાય એ જ સ્થાને એને ફરી આવતાં એક નિરયન વર્ષ લાગે. પણ ઋતુ વર્ષ એટલે ક્રાન્તિવૃત્ત પરનું સૂર્યનું એક પૂરું ભ્રમણ. પૃથ્વીની ધરી નમેલી છે, એટલે સૂર્ય વર્ષ દરમિયાન આકાશમાં હમેશાં વિષુવવૃત્ત પર જ દેખાતો નથી, પરંતુ એનાથી ૨૩½ અંશ ઉત્તરમાં કે દક્ષિણમાં જતો-આવતો જણાય છે. એની આ આવન-જાવનનું એક ચક્ર પૂરું થતાં ૩૬૫ દિવસ, ૫ કલાક ૪૮ મિનિટ લાગે છે. આ સમયને 'ઋતુ વર્ષ' કે 'સાયન વર્ષ' કહે છે. એટલે નક્ષત્ર (નિરયન) વર્ષ કરતાં ઋતુ (સાયન) વર્ષ ૨૦ મિનિટ ઓછું છે. આનું કારણ પૃથ્વીની વિષુવાયનની ગતિ છે. આમ, આપણી આજની જ્યોતિષની ગણતરી આરંભાઈ ત્યારથી સતત પડતા જતા તફાવતને કારણે આજે ઉત્તરાયન અને મકરસંક્રાંતિ અલગ પડી ગયાં છે.

સાયન-નિરયન વર્ષના આ તફાવતને આધારે બીજું પણ ઘણું ફલિત થઈ શકે છે. ૨૨મી ડિસેમ્બરથી ઉત્તર તરફ ગતિ આરંભતો સૂર્ય ઉત્તરોત્તર આગળ વધતો જઈ ૨૨મી માર્ચે વિષુવવૃત્ત પર પહોંચે છે. વિષુવવૃત્તને એ જ્યાં છેદે છે એને 'વસંતસંપાત' કહે છે. અહીં દિવસ-રાતની લંબાઈ સરખી હોય છે. ત્યાંથી હજી યે ઉત્તરમાં આગળ ખસતો સૂર્ય ૨૨મી જૂને વધુમાં વધુ ઉત્તરમાં—કર્કવૃત્ત પર મિથુન રાશિમાં પહોંચે છે. ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો એ લાંબામાં લાંબો દિવસ છે અને દક્ષિણમાં એ ટૂંકામાં ટૂંકો. અહીંથી સૂર્ય પુનઃ દક્ષિણ તરફ પાછો વળે છે, અને દક્ષિણાયન કરતોકરતો તે ૨૪મી સપ્ટેમ્બરે ફરી વિષુવવૃત્ત પર આવે છે, આને 'શરદસંપાત' કહે છે. આ સમયે પણ દિવસ-રાત સરખાં હોય છે.

કાળાંતરે ઉત્તરાયન અને વસંતસંપાત જુદાજુદા સમયે જુદાજુદા નક્ષત્રોમાં થતાં રહ્યાં છે અને એના સીધા કે આડકતરા ઉલ્લેખો આપણને તે તે કાળનાં વિવિધ સાધન-સાહિત્યમાંથી મળી આવે છે. વિષુવાયનની ગતિ અને સાયન-નિરયન વર્ષનો તફાવત દર વર્ષે ૫૦.૧ વિકળા*નો રહે છે. એક નક્ષત્ર બરાબર ૮૦૦ કળા. એ હિસાબે એક નક્ષત્ર જેટલો તફાવત માટે લગભગ ૯૫૮ વર્ષ લાગે. વેદકાળમાં વસંતસંપાત પુનર્વસુ નક્ષત્રમાં થતો હોવાની નોંધ છે, એટલે ઉપરની ગણતરીએ લગભગ ૬૦૦૦ વર્ષ પહેલાંનો એ સમય થયો. આથી આટલાં વર્ષ પહેલાંનો કાળ એ વેદકાળ હતો તેમ કહી શકાય. આ જ રીતે વાયુ-

* ૬૦ વિકલા = ૧ કલા, ૬૦ કલા = ૧ અંશ, ૩૦ અંશ = ૧ રાશિ, ૧૨ રાશિ = ૧ વર્ષ.

પુરાણમાં કૃત્તિકા નક્ષત્રમાં વસંતસંપાત થતો હોવાની નોંધ છે; એટલે એ સમય ૪૨૦૦ વર્ષ પહેલાંનો થયો. આમ, જ્યોતિષની ગણતરીના આધારે આપણે પ્રાચીન ઐતિહાસિક કાળનો નિર્ણય કરી શકીએ. આ જ રીતે ઉત્તરાયન પણ ૩૩૦૦ વર્ષ પહેલાં ધનિષ્ઠામાં, ૨૨૦૦ વર્ષ પહેલાં શ્રવણમાં ઈ. સ. ૫૦૫ લગભગ ઉત્તરાષાઢાના બીજા ચરણમાં અને હાલ મૂળ - ક્ષત્રના ત્રીજા પદમાં થાય છે.


શરીરના બાહ્યાવરણની આરપાર દર્શન

પશ્ચિમ જર્મનીમાં કીએલ ખાતે વિશ્વવિદ્યાલયની બાળકો માટેની ઇસ્પિતાલમાં રક્તાભિસરણનું નિરીક્ષણ કરવાની એક નવી પ્રાયોગિક પદ્ધતિ શોધાઈ છે. આમાં લોહીના પ્રવાહમાં આયોડિનના અમુક ચોક્કસ મિશ્રણો દાખલ કરવાથી તેનો પડછાયો ક્ષ કિરણો મારફત જોઈ શકાય છે. જેમ જેમ આ મિશ્રણ નસોમાં આગળ વધતું જાય છે તેમ તેની ફિલ્મ ઝડપવામાં આવે છે. આ મિશ્રણને કોઈ પણ ધારેલા ઠેકાણેથી પાછું ખેંચી તેની મોજણી કરવાનું પણ શક્ય છે.

આની સાથેસાથ આધુનિક વીજાણુ પદ્ધતિ દ્વારા ક્ષ કિરણોમાં દેખાતા પડછાયાની જાડાઈ પણ માપી શકાય છે. આથી લોહીના પ્રવાહની ઝડપ કેટલી છે, તે અમુક જગાએ એકત્ર થઈ જાય છે કે કેમ, તેના અભિસરણ માર્ગમાં કંઈ નડતર છે કે કેમ વગેરે પ્રશ્નોના જવાબ પણ મળી શકે છે. આ મુદ્દાઓ પરથી હૃદયની શક્તિ લોહીનું પ્રમાણ જુદા જુદા અવયવોમાં લોહીના પ્રસારણનું પ્રમાણ વગેરે અંગે ખૂબ જ અગત્યની માહિતી મેળવી શકાય છે. (ડાક યુ. પી. એસ.)

લીલો કાચબો

ગ્રીન ટર્ટલ નામે ઓળખાતા દરિયાઈ કાચબાની એક મહાકાય જાતની કેટલીક લાક્ષણિક ખાસિયતોનો સેટેલાઈટની મદદથી અભ્યાસ કરવાની એક યોજના અમેરિકન નિષ્ણાતોએ વિચારી છે. પ્રજનનકાળે આ કાચબાઓ સેંકડો માઈલ દૂરથી દરિયો તરીને અમુક ચોક્કસ સ્થળે



પહોંચી જાય છે. અને જ્યાં પોતાનો જન્મ થયો હતો એ જ સ્થાને થોડા વારના અંતર જેટલા વિસ્તારમાં ઈંડાં મૂકે છે. એ સ્થાનની ચાહ અને એ અંગેની ચોક્કસાઈ એ વિજ્ઞાનીઓને મન એક કોયડો છે. દરિયાના પ્રવાહો કે પવનથી લાગતી તાણ પણ એમને માર્ગચ્યુત કેમ નથી કરી શકતી એ પ્રશ્ન છે. એમ મનાય છે કે એમની આ ચોક્કસાઈમાં સૂર્ય કંઈ સહાયભૂત બનતો હશે. આ અંગે સંશોધન કરવા આવા કાચબાઓની પીઠ પર ટચૂકડાં ટ્રાન્સમીટર લગાડી અને સેટેલાઈટ દ્વારા એની સાથે સંપર્ક રાખીને એમની આવનજાવનનો અભ્યાસ કરવાની યોજના છે.

પણ કાચબાઓની આ અજબ લાક્ષણિકતા એમના નાશનું કારણ પણ બની છે. કાચબાની વાનગીના સ્વાદિયા માણસો એની ચામડી અને ઢાલના પણ લાલચુ છે. અને લગભગ ટન જેટલા વજનની ભારે કાયાને કારણે ઝડપી હેરફેરની મર્યાદા, પ્રજનન-સ્થાનની ચોક્કસતા વગેરેને લીધે માણસો એમને સહેલાઈથી મારી શકતા હોઇને ધીરેધીરે હવે આ જાત નામઃશેષ થઈ જવા તરફ ઢળી રહી છે.

નેપ્ચ્યુનના ઉપગ્રહો

નેપ્ચ્યુન ગ્રહના બે ચંદ્રો – ટ્રાઇટન અને નેરીડની ખાસિયતોથી કુતૂહલ પામી એમના અસામાન્ય ભ્રમણનું ગાણિતિક પૃથક્કરણ કરતાં અમેરિકાના ટૉમસ મૅક્‌કૉર્ડે કૉમ્પ્યુટરની સહાય સાથે બે વર્ષની મહેનત બાદ હમણાં 'ઍસ્ટ્રોનોમિકલ જર્નલ'માં જાહેર કર્યું છે કે આ બે ચંદ્રમાંનો એક – ટ્રાઇટન કાળાંતરે વહેલો નાશ પામશે

લગભગ ૨૯૦૦ માઈલના વ્યાસનો આ ટ્રાઇટન ૨,૨૦,૦૦૦ માઈલ દૂર રહી નેપ્ચ્યુનની આસપાસ ફરી રહ્યો છે. પણ નેપ્ચ્યુન પોતાની ધરી ઉપર સૂર્યમાળાના અન્ય ગ્રહોની પેઠે ન ફરતાં એથી ઊલટી દિશામાં ફરે છે. આપણી પૃથ્વી જેમ પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે એમ નહિ પણ એથી અવળી દિશામાં એ ફરે છે. અને એનો ઉપગ્રહ ટ્રાઇટન એની સામેની દિશામાં એટલે કે પશ્ચિમથી પૂર્વ તરફ તેની પ્રદક્ષિણા કરે છે. આમ, નેપ્ચ્યુન ગ્રહ અને એનો ઉપગ્રહ ટ્રાઇટન એકબીજાથી વિરુદ્ધ દિશામાં ફરે છે. જ્યારે નેપ્ચ્યુનનો બીજો ઉપગ્રહ નેરીડ નેપ્ચ્યુનની ફરવાની દિશામાં જ ફરે છે. પણ માત્ર ૨૦૦ માઈલના વ્યાસવાળા આ ચંદ્રનો ભ્રમણમાર્ગ લંબવર્તુળાકાર છે. નેપ્ચ્યુનની વધુમાં વધુ નજીક હોય ત્યારે એ ૯,૦૦,૦૦૦ માઈલને અંતરે હોય છે અને જ્યારે વધુમાં વધુ દૂર હોય ત્યારે ૬૦,૦૦,૦૦૦ માઈલ દૂર હોય છે.

પોતાના પૃથક્કરણને વધુ આગળ લંબાવતાં મૅક્‌કૉર્ડે જોયું કે ટ્રાઇટનને તેના આજના ભ્રમણમાર્ગમાં ખેંચી રહેલું બળ ઉત્તરોત્તર વધતું જાય છે. નેપ્ચ્યુન પર ટ્રાઇટનના ગુરુત્વાકર્ષણથી આવતી ભરતી ટ્રાઇટનના પોતાના ભ્રમણમાં બાધા નાખે છે. વળી, આ ગ્રહ અને ઉપગ્રહની એકબીજાથી વિરુદ્ધની ગતિ પણ એક પ્રકારનું ઘર્ષણ ઊભું કરે છે અને પરિણામે ટ્રાઇટનની શક્તિ વેડફાઈને એનો ભ્રમણમાર્ગ નીચે ઊતરતો જાય છે. માત્ર એકાદ કરોડ વર્ષ – જોકે સૂર્યમાળાના ઇતિહાસમાં તો આટલો કાળ મામૂલી ગણાય – ટ્રાઇટનના ભ્રમણનો આખરી તબક્કો આવી પડશે અને એ નેપ્ચ્યુનની સપાટી પર અથડાઇને ભાંગી પડશે. છતાં મૅક્‌કૉર્ડ માને છે કે અગાઉ સૂર્યમાળામાં બનેલું છે તેમ કદાચ નેપ્ચ્યુનનું ગુરુત્વબળ ટ્રાઇટન જ્યારે તેની ઘણો નજીક આવે ત્યારે એને આકાશમાં જ વિછિન્ન કરી નાખે, અને એમ બને તો ટ્રાઇટનના એ ટુકડાઓ શનિની આસપાસના વલયની પેઠે નેપ્ચ્યુનની આસપાસ વલય રચી ઘૂમતા રહેશે. ('ટાઈમ્સ'ના આધારે)

ઈ. ૧૯૫૩માં મોહેં-જો-દડોના પુરાવશેષોને જે નુકસાન થએલું એ જો ત્યાં સંઘરાએલા નમૂનાઓને યોગ્ય સમયે વધુ સલામત સ્થળે ખસેડ્યા હોત તો કદાચ ન થાત. સિંધુ-સંસ્કૃતિની નગર-રચનાના ઉત્તમોત્તમ નમૂના રૂપ મોહેં-જો દડોમાં પહોળા માર્ગો ને એમને જોડતી સાંકડી ગલીઓ, ચોરસ આકારે પદ્ધત્તિસર થએલી શહેરની બાંધણી અને સુવ્યવસ્થિત ગટરયોજના તો આજે યે ઘણાં શહેરો માટે ધડારૂપ છે. હડપ્પા અને છાનદડો વગેરે સ્થળે પણ આ જ સંસ્કૃતિ વિસ્તરી હતી પરંતુ મોહં જો દડોના અવશેષો તત્કાલીન સંસ્કૃતિના સર્વશ્રેષ્ઠ અવશેષો છે. પાણીના શોષાઈ જવાથી અને ક્ષારને કારણે ત્રણ હજાર વર્ષ પહેલાંના આ મહામૂલા અવશેષો ધીરેધીરે હવે નુકસાન પામી રહ્યા છે, પાકિસ્તાનના પ્રમુખ અયૂબખાને 'યુનેસ્કો'ને આ અંગે સહાય સૂચનો માટે વિનતિ કરી છે. આશા છે કે એનો યોગ્ય ઉત્તર મળશે, કેમ કે આ અવશેષોની ખોટ એ માત્ર પાકિસ્તાનની જ ખોટ ન ગણાવી જોઇએ.

ટિકિટ-સંગ્રહ



ભારતની ત્રણ નવી ટિકિટો: (અનુક્રમે) દેશના ખેતી-ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા સ્વ. વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ આપેલા સૂત્ર 'જય કિસાન'ના વિચારની દ્યોતક રજૂઆતવાળી, ૧૧મી જાન્યુઆરીએ એમની પ્રથમ પુણ્યતિથિએ બહાર પડેલી ખાસ ટિકિટ. બીજી ટિકિટ આ વર્ષે આવતી દેશની સામાન્ય ચૂંટણી અંગેના સૂચક આલેખનવાળી ૧૩મી જાન્યુઆરીએ બહાર પડેલી છે. ત્રીજી ટિકિટ શીખ ગુરુ ગોવિંદસિંહની ૩૦૦મી જન્મ જયંતી નિમિત્તની ૧૭મી જાન્યુઆરીએ બહાર પડેલી છે. ગુરુના જન્મસ્થાન પટણાના ભવ્ય ગુરુદ્વારાનું એના પર આલેખન છે.

જમણી બાજુની બે ટિકિટો બ્રિટનની છે. આ વર્ષમાં અસ્તિત્વમાં આવેલા 'યુરોપીઅન ફ્રી ટ્રેઇડ એસોસીએશન' (EFTA)ના સ્મરણમાં એ બહાર પડેલી છે. વિવિધ વાહનો દ્વારા થતી માલની હેરફેરના સૂચક આલેખનોવાળી આ ટિકિટો પર મૂકેલા આ મંડળના નામના અંગ્રેજી પ્રથમાક્ષરોની લઢણ પણ નિકાસ થતા સામાન પર લખાય છે એ પ્રકારની જ રાખી છે. આ ઉપરાંત, ઑસ્ટ્રિયા ડેન્માર્ક, નૉર્વે, પોર્ટુગાલ, સ્વીડન અને સ્વિટ્ઝર્લૅન્ડના રાષ્ટ્રધ્વજો મૂકી તે તે દેશના આ મંડળના સભ્યપદનું સૂચન પણ કર્યું છે. બ્રિટન આ વર્ષે ૨૪મી એપ્રિલે બ્રિટિશ વનસ્પતિ, ૧૦મી જુલાઈએ બ્રિટિશ પેઇન્ટિંગ્સની, ૧૯મી સપ્ટેમ્બરે બ્રિટનનાં વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવતી તથા ૨૭મી નવેમ્બરે નાતાલ નિમિત્તની ખાસ ટિકિટો બહાર પાડશે. આ ઉપરાંત, ચાર પેન્સની નવી ટિકિટો પણ બ્રિટન બહાર પાડશે. (પ્રેષક: રમણલાલ સોલંકી-લંડન)

ડાબી બાજુની નીચે પાકિસ્તાને પહેલી જાન્યુઆરીએ આરંભાએલા 'આંતરરાષ્ટ્રીય પ્રવાસ-વર્ષ' નિમિત્તે અને બીજી ૨૯મી જાન્યુઆરીએ પાકિસ્તાનની ચોથી રાષ્ટ્રીય સ્કાઉટ જંબોરી નિમિત્તે બહાર પાડેલી ખાસ ટિકિટો છે. (પ્રેષક: નુરૂદ્દિન લુલ્ફ, એ. ડી. કરીમ અને સિરાઝ ગુલામહુસેન મુસ્તફા-કરાચી)







અનુસંધાન] રંગગઠરિયા [પૃ. ૭૨થી

બંદર, વળી ચોથું બંદર, આખે કિનારે એવી વસાહતો જોવા મળે.

મારી સાથે અમારા મિત્ર જેક રેશિન્યો, એની પાસે એક સ્ટીમ-લૅાચ, ચાર જણા એમાં સૂઈ શકે, રાંધી-જમી શકાય. એવી હોડલીમાં અમે આસપાસ આમ કોરસિકા સુધી તો આમ મારજારેકા નજીક ફરી વળ્યા, રાત પણ એમાં જ રહ્યા. એવામાં એક એવીજ બીજી યાચનો ભેટો થઈ ગયો. એમાં પીવાના પાણીની જરા અછત લાગી, અને એમણે હાથઇશારતો કરી, એટલે અમે થોભ્યા, અને નિકટમાં ગયા તો આપણે શરૂઆતમાં મળેલા તે નટ,જૂના દોસ્ત રેક્સ હેરિસન ભટકાયા.

બહુ મજા આવી. બંને હોડકાં સાથે જરા આઘાંઆઘાં ચલાવ્યાં, કાંઠે આવી એની બેનમૂન વિલામાં જમવા ગયા. મને જીભે બોલ આવે, પૂછવાનું મન થાય, અને શબ્દો પાછા હઠે. એની સાથે છે તે કોણ? એની પહેલી વારની વહુ? અમારા સાથીદાર જેકને તો સમજણ જ પડે નહિ, પણ મારી નજર સામે આ ખો ભૂતકાળ ઊભો થઈ ગયો. આ રેક્સ હેરિસન, એણે કે કૅન્ડલ માટે કેટલો ભોગ આપ્યો હતો. રેક્સની ઉપર નજર પડે અને મને કે યાદ આવે. બીજે દિવસે સવારે ચા-નાસ્તા વખતે એક બહારના રેસ્ટોરાંમાં અમે ફરી મળ્યા. અમે બે એકલા જ હતા. રેક્સના હાથ ઉપર મારો હાથ મૂકી મેં પૂછ્યું: 'રેક્સ, એક સવાલ પૂછવાનું મન થાય છે.' એણે એની મુલાયમ, જરા માંજરી, લાખો લોકોએ તખ્તા ઉપર અને પરદા ઉપર જોએલી આંખો વડે ટગરટગર મારી આંખમાં જોયા કર્યું અને કહ્યું: 'ડોન્ટ આસ્ક-ન પૂછતા.' ચા ચાને ઠેકાણે રહી, મારો હાથ પકડી એ સાગરકાંઠે પગથાર ઉપર ફરવા ખેંચી ગયો, મૂગામૂગા અમે ઠીક ચાલ્યા અને મૂગામૂગા જ અમે છૂટા પડયા. એની આંખોમાં ત્યારે કે કૅન્ડલ સજીવન થઈ ગઈ હતી, હૃદયમાં તો ખરી જ. (ચાલુ)

આ માસ(ફેબ્રુઆરી)ઇતિહાસમાં-વ્યક્તિવિશેષ-દિનવિશેષ-પ્રસંગવિશેષ

વ્ય.વિ.: ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકર

ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકરનું નામ આજે કદાચ ઘણાને ખયાલમાં નહિ હોય, પરંતુ એ-



મના સમયના તેઓ એક ગણનાપાત્ર સમાજશાસ્ત્રજ્ઞ, સંશોધક અને નવવિચાર-પ્રવર્તક હતા અને ખાસ તો મહારાષ્ટ્રીય જ્ઞાનકોશના કર્તા તરીકે તેઓ વિખ્યાત થયા હતા. પિતા મધ્યપ્રાંતના રાયપુરમાં પોસ્ટમાસ્તર હતા. શ્રીધરનો જન્મ ઈ. ૧૮૯૩માં ૪થી ફેબ્રુઆરીએ ઉમરાવતીમાં થયો. નાનપણમાં જ પિતાની છત્રછાયા ખોઈ બેસતાં પ્રથમ કાકા નારાયણરાવને ત્યાં રહીને અને પછી મુંબાઈની વિલ્સન કૉલેજમાં અભ્યાસ કર્યો. દરમિયાન માતા-અને બહેનનું અવસાન થતાં કુટુંબમાં માત્ર તેઓ એકલા જ રહ્યા. કૉલેજની પરીક્ષામાં યશ ન મળતાં અમેરિકા ગયા ને કાર્નેલ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રનો અભ્યાસ કરીને અને 'હિંદુસ્તાનની જાતિઓના ઇતિહાસ' પર સંશોધન કરી ડૉક્ટરેટ મેળવી. તે પછી હિંદુ ધર્મનું બંધારણ અને ભાવિ' અંગે એક બીજો અભ્યાસ-ગ્રંથ પણ લખ્યો.

ઈ. ૧૯૧૨માં તેઓ હિંદુસ્તાન આવ્યા. ૧૯૧૩થી એક વર્ષ માટે કલકત્તા વિદ્યાપીઠમાં અર્થશાસ્ત્ર અને સર્વરાષ્ટ્રીય કાયદાનું શિક્ષણ આપ્યું અને 'હિંદી અર્થકારણ' તથા 'હિંદુ લૉ' વિષે બે પ્રબંધ પણ લખ્યા. ઈ ૧૯૧૪માં મદ્રાસની મહાસભામાં એમણે હિંદની ભાષાવાર પ્રાંતરચના કરવાનો પોતાનો એક વિચાર પત્રિકાઓ દ્વારા વહેતો કર્યો. મદ્રાસમાં એમને મરાઠી અને તેલુગુ ભાષાના પ્રસિદ્ધ લેખક શ્રી કે. વી. લક્ષ્મણરાવના તેલુગુ જ્ઞાનકોશ પરથી મરાઠીમાં એક જ્ઞાનકોશ તૈયાર કરવાનો ખયાલ સ્ફૂર્યો.

વળી, 'રાષ્ટ્રધર્મ પ્રચારક સંઘ' સ્થાપી એમણે હિંદુસ્તાનની ભાષાવાર પ્રાંતરચના, દેશભાષામાં સર્વ રાજકારભાર અને શિક્ષણ વિષે ભાષણો આપ્યાં. તે પછી ઈ. ૧૯૧૬માં નાગપુરમાં 'મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ મંડળ લિમિ.' નામે એક સંસ્થા કરીને બાર વર્ષની જહેમતે જ્ઞાનકોશનું કાર્ય પાર પાડ્યું.

'વિદ્યાસેવક' નામે એક માસિક પણ એમણે કાઢ્યું. 'ગોવિંદ પૌત્ર' નામે લખેલાં કેટલાંક સ્ફુટ કાવ્યો, 'ગોંડવાનાંતીલ પ્રિયવંદા', 'પરાગંદા', 'આશાવાદ' વગેરે નવલકથાઓ, દેશદેશાની વાર્તાઓ, મહારાષ્ટ્રીય કાવ્યપરીક્ષણ વિષે નિબંધ અને 'સ્ત્રી-સત્તા પરાભવ' નામે એક નાટક વગેરે પણ એમણે લખેલાં. એમની એક કૃતિ 'નિ:શસ્ત્રાંચે રાજકારણ' 'પાંખેરીજગાંવ સાસૂ', 'બ્રાહ્મણહત્યા' અને 'વિચક્ષણ' વગેરે એમની અન્ય કૃતિઓ છે. આ ઉપરાંત એમના સંકીર્ણ લેખોનો એક સંગ્રહ પણ પ્રકટ થએલો. 'પૂર્ણે સમાચાર' નામે એક દૈનિક પણ એમણે કાઢેલું. 'પ્રાચીન મહારાષ્ટ્ર'નો મોટો ગ્રંથ પણ એમણે લખેલો. 'કાયસ્થ પ્રભૂચાં સામાજિક ઈતિહાસ', 'મહાયુદ્ધોત્તર જંગ', 'આંગિરસાચે સત્ર' 'ભારતીય સમાજશાસ્ત્ર' ને 'વિક્ટોરિયસ ઈંડિયા' વગેરે કૃતિઓ પણ એમણે લખી હતી.

એમની આ બહુવિધ વાઙમય સેવાને લક્ષમાં લઈ ૧૯૨૯માં 'મહારાષ્ટ્ર શારદોપાસક સંમેલન' તથા ૧૯૩૧માં 'મહારાષ્ટ્ર સાહિત્યસંમેલન'માં એમનેઅધ્યક્ષપદઅપાએલું.

એમના ખયાલો, રહેણીકરણી, પોશાક વગેરે સર્વ નિરાળું હતું. એમનાં વિદ્વાન પત્ની જર્મન યહૂદી હતાં. એડિથ કોહન એમનું મૂળ નામ પણ લગ્ન પછી શીલવતીબાઈ નામ રાખેલું. કંઇ સંતાન ન હોઈ આ દંપતીએ બે અનાથ બાળકોને દત્તક લીધેલાં.

ઈ. ૧૯૩૭માં એમનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૪ બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના, ઈ. ૧૯૧૫.

તા. ૧૩ એક લોકપ્રિય નેતા અને ભારતીય કવયિત્રી સરોજિની નાયડુનો જન્મ, ૧૮૭૯.

તા. ૧૪ વિખ્યાત શોધસફરી કૅપ્ટન કૂકનું હવાઈ બેટના વતનીઓને હાથે મૃત્યુ, ૧૭૭૯.

તા. ૨૧ જગવિખ્યાત હીરો કોહીનૂર અંગ્રેજોએ પોતાને હાથ કર્યો, ઈ. ૧૮૪૯.

તા. ૨૮ કોલંબસના સાહસિક સહસફરી યાનેઝ પીન્ઝોને ઍમૅઝોન નદી શોધી, ઈ. ૧૫૦૦.

પ્ર. વિ. રાણી વિકટોરિયા અને પ્રિન્સ આલ્બર્ટનું લગ્ન, તા. ૧૦ ફેબ્રુ. ૧૮૪૦

બ્રિટિશ ઇતિહાસમાં રાણી વિક્ટોરિયાના ત્રેસઠ વર્ષના લાંબામાં લાંબા શાસનકાળનું અનેક રીતે મહત્ત્વ છે. એ ગાળામાં બ્રિટનની રાજસત્તા એની સર્વોચ્ચ ટોચે પહોંચેલી; બ્રિટિશ



પાર્લમેન્ટમાં આમવર્ગનો પ્રભાવ વધી લોકશાહીનું વધુ સારું સ્વરૂપ ઘડાયું; રાજદરબારમાં ઠઠારા ઘટી કાર્યપાલન પ્રત્યે વધુ સજગતા પ્રકટી. આવા બીજા પણ અનેક પ્રત્યક્ષ તથા પરોક્ષ ફેરફારોમાં રાણી વિક્ટોરિયાના પતિની સીધી કે આડકતરી ઘણી અસર હતી. ઈ. ૧૮૪૦ની ૧૦ ફેબ્રુઆરીએ પ્રિન્સ ફ્રાન્સિસ ચાર્લ્સ ઑગસ્ટસ આલ્બર્ટ ઇમેન્યુએલ ઑવ સેક્સ કોબર્ગ ગોથા સાથે રાણીનું લગ્ન થયું. જ્યોર્જ ચોથા અને વિલિયમ ચોથાના બિનવારસ અવસાનથી ડચેસ ઑવ કેન્ટની ૧૮ વર્ષની પુત્રી વિક્ટોરિયાને ઈ. ૧૮૩૭ની ૨૦મી જૂને બ્રિટનની રાજગાદી સોંપાયાની વધામણી અપાઈ ત્યારે એ રાજકુટુંબથી રિસાઇને જુદી રહેતી માતા સાથે હતી. સ્વભાવે આનંદી, કુતૂહલપ્રિય, બહુ સુંદર નહિ પણ ગરવી વિક્ટોરિયાએ બહુ ગૌરવ અને ગંભીરતાથી જવાબદારી સ્વીકારી. રાજકાજનો કંઈ અનુભવ નહિ હોવાથી આરંભમાં એ પ્રધાનો સાથે આથડી પણ પડતી એટલું જ નહિ પણ ખુદ પોતાના પતિ સાથેનો એનો વ્યવહાર પણ અંગત જ રાખેલો. પરંતુ પછી વડા પ્રધાન રોબર્ટ પીલના સૂચનથી એણે પતિના સલાહ લેવા માંડી અને થોડા જ સમયમાં એ એના એટલા તો પ્રભાવમાં આવી ગઈ કે એ પછીનું એમનું દાંપત્ય અનેક રીતે દૃષ્ટાંતરૂપ બની રહેલું અને રાણી તો એટલી પતિમય બની ગએલી કે ઈ. ૧૮૬૧માં પ્રિન્સના અવસાનનો જે કારી ઘા લાગ્યો એની ઘેરી અસર ત્યાર પછીના એના સમગ્ર જીવન પર છવાઈ રહી હતી.

સભા વિષે જઈ બેસવું, જ્યાં જેનો અધિકાર;
ઝાંઝર શોભે ચરણમાં, હૈયા ઉપર હાર.

એક વાર એક કુસ્તીબાજ પહેલવાને પોતાના રાજા આગળ બડાશ મારતાં કહ્યું કે 'મહારાજ, આ રાજ્યમાંના એકેએક પહેલવાનને હું હરાવી શકું છું; ખુદ મારા ગુરુને પણ!'

એના આ ગર્વથી નારાજ રાજાએ એ પહેલવાનના ગુરુ સાથે જ એની કુસ્તી યોજી. એકવડા બાંધાના અને ઉમરે પહોંચેલા ગુરુને હરાવવાનું હસ્તામલકવત માનતા શિષ્યને ગુરુએ એક એવો દાવ અજમાવી ભોંય ચ.ટતો કરી દીધો કે શરીર પરની માટી ખંખેરી ઊભા થતાં શિષ્યે તરત જ કહ્યું: 'તમે મને આ દાવ તો શીખવ્યો જ નથી.' ગુરુએ હસતાં હસતાં જવાબ આપ્યો: 'તારો સ્વભાવ જોતાં ભવિષ્યમાં આવો પ્રસંગ ઊભો થવાનો, એમ ધારીને જ મેં તને એ નહોતો શીખવ્યો.'

કહેવતોના અર્થ: 'હે બાઈ બાડી, છાશ દેજે જાડી.'–કાણી કણબણને ત્યાં છાશ માગવા ગએલા અવિવેકી માણસની આ માગણીના ઉત્તરમાં તેને નીર જેવી છાશ મળી. તે માટે ફરિયાદ કરતાં જવાબ મળ્યો કે, 'જેવી તારી વાણી, તેવું છાશમાં પાણી.' સાચું પણ કાચું ન બોલાય, અવિવેકી ન થવાય એવો આ જુગલબંધી કહેવતનો બોધ છે. એને મળતી બીજી કહેવત અને બોધવચન: 'એવો સાચો, કે જ્યાં બોલે ત્યાં ખાય તમાચો'.

અંધાને અંધો કહો, કડવું લાગે વેણ,
હળવે રહીને પૂછીએ, શાથી ખોયાં નેણ.

ગણિતગમ્મત

૭ને દશાંશનું રૂપ આપો એટલે પુનરાવર્તન થતાં પહેલાંનાં ૬ સ્થળ આમ આવશે: ૦·૧૪૨૮૫૭. હવે આ આંકડાની ખૂબીઓ જુઓ:

જુઓ:	૧૪૨૮૫૭	× ૨	=૨૮૫૭૧૪
		× 3	=૪૨૮૫૭૧
પણ	,,	× ૭	=૯૯૯૯૯૯
વળી	,,	×૩૯૯૭	=૫૪૨૪૨૮૦૨૯
અને			૪૨૮૦૨૯
			+૫૪૨
			૪૨૮૫૭૧

આમાં જોઈ શકાશે કે આ રકમને ૭ના ભાજ્ય સિવાય કોઈ પણ આંકડા વડે ગુણતાં, અને ગુણાકારમાં ૬ કરતાં વધારે આંકડા હોય તો એ વધારાના આંકડાને પાછળના છમાં ઉમેરી દેતાં ૧૪૨૮૫૭ એ છ આંકડા પોતાના ચોક્કસ ક્રમમાં દેખા દે છે.



દશાંશ ચલણ પ્રમાણેના ન્યૂ ઝીલૅન્ડના નવા સિક્કા. એ બધા પર એક તરફ રાણી એલિઝાબેથ બીજાંની છબિ છે. (જમણીબાજુ છેડે) ને પાછલી બાજુએ વિવિધ સૂચક ડિઝાઇનો છે.

એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દ

ધ–ગર્ભવિમોચન, નાશ કે અંત, નિદ્રા, મનુષ્ય, મોક્ષ, વાળ કે કેશ, સ્વર્ગ, ધીરજ કે ધૈર્ય. ડાહ્યું, પંડિત, શ્રેષ્ઠ, સમજુ.



ઇજિપ્તના છઠ્ઠા વંશના પેપી બીજાનો રાજ્યકાળ ઇતિહાસમાં લાંબામાં લાંબો ગણાય છે. ઇજિપ્તના ઇતિહાસના નિષ્ણાતો કહે છે કે પેપી બીજો ઈ. પૂ. ૨૫૬૬માં છ વર્ષની ઉમરે ગાદીએ આવેલો અને તેણે ૯૧ વર્ષ રાજ્ય કરેલું. ફ્રાન્સના લુઈ ૧૪માનો ૭૨ વર્ષનો રાજ્યકાળ પ્રાચીન સમયથી આજ સુધીમાં લાંબામાં લાંબો ગણાય છે.

અથાણું

એક ગુમાસ્તો પોતાના શેઠને આમંત્રણ આપવા ગયો. શેઠે પૂછ્યું: 'શાના સમારંભમાં તું મને આમંત્રણ આપવા આવ્યો છે?'

'આજથી પચીસ વર્ષ પહેલાં આપે મારા પગારમાં પાંચ રૂપિયાનો વધારો કર્યો હતો એની હું આજે રજતજયંતી ઊજવવાનો છું.' ગુમાસ્તાએ જવાબ આપ્યો!

સાહેબ: મેં તને ૮।। વાગ્યે બોલાવ્યો હતો અને તું ૯।। વાગ્યે આવ્યો.

નોકર: (માથા પરનો પાટો બતાવતાં) હું બે માળની બસ પરથી પડી ગયો, સાહેબ.

સાહેબ: જુઠ્ઠો! બસના બીજા માળેથી પડતાં શું એક કલાક થયો તને?

એક વિશાળકાય સજ્જને હોટેલમાં ભરપેટ ભોજન કર્યું, આઈસ્ક્રીમ ખાધો, ચા પીધી અને સિગારેટ સળગાવી અને વેઇટરને બોલાવ્યો: 'જો ભાઈ, તને કદાચ યાદ હશે કે ગઈ સાલ તારી આ હોટેલમાં આવીને મેં આ જ રીતે ભોજન કર્યું હતું. પણ બિલના પૈસા આપ્યા નહોતા એટલે તેં મને બિનવારસ પોટલાની જેમ ઉઠાવીને બહાર ફેંકી દીધો હતો.'


'હું દિલગીર છું સાહેબ; આખરે અમે તો નોકર માણસ રહ્યા...' વેઇટરે જવાબ આપવો શરૂ કર્યો ત્યાં તો પેલા સજ્જને કહ્યું: 'ના, ના, એમાં દિલગીર થવાની કૈં જરૂર નથી. હું તને ફરી એ જ તસ્દી આપવા માગું છું.'

નાની બેબીને 'પાણી' વિષે નિબંધ લખવાનો હતો. એણે શરૂ કર્યું: 'જો દુનિયામાં પાણી ન હોત તો આપણે તરતાં શીખી ન શકત અને એથી હજારો માણસો ડૂબી મરત.'

સંગ્રહસ્થાનમાં મિસરના અવશેષો જોઈ રહેલા બે ચેકુસોએ એક 'મમી'ની પેટી પર '2450 B. C.' લખેલી ચિઠ્ઠી જોઈ.

'આ 450 B. C. એ શું છે?' એકે ધીરેથી પૂછ્યું.

'શી ખબર. મને તો લાગે છે કે જેની હડફેટમાં આવીને આ માણસ મરી ગયો હશે એ મોટરનો એ નંબર હશે.' બીજાએ બુદ્ધિ દોડાવી.



દીકરાને મૉડર્ન આર્ટની હવા લાગી છે!



ઇંગ્રેસની **કુતૂહલિતા** લલિતા

જગતનાં નામી ચિત્રોમાં ગણાતી પોતાની આ કૃતિમાં પાત્રની પાછળ અરીસો મૂકીને તેમાં પડતા પ્રતિબિંબદ્વારા પાત્રની દેહયષ્ટિને ઉઠાવ આપવાની પદ્ધતિનો ઇંગ્રેસે સુંદર ઉપયોગ કર્યો છે. વસ્તુતાએ તો આ એક તસવીર (કાઉન્ટેસ દ હાઉસનવિલેની) હોવા છતાં પાત્રનું ભાવનિદર્શન એટલું ચોટદાર છે કે ફૂલદાની, દૂરબીન આદિનાં સમસંયોજનથી તસવીર પણ એક લલિત સર્જન બની રહી છે.